મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 110 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ વૈશાખ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 May 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧૦ મે ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

R.N.I. No. 1563/1957 ★

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ



# પાકિસ્તાન તેરે ટુકડે હોંગે...

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 89,190/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

MBBS ADMISSION Guidance
5 LAKH FEES PER YEAR
VISHWA
70 3030 66 11
www.vmap.co.in

**પાકિસ્તાનની પૂંછડી વાંકી તે વાંકી જ**

**બે દિવસ માર ખાધો છતાં સતત ત્રીજા દિવસે અનેક શહેરો પર ડ્રોન હુમલો**

**ભારતના સુદર્શન ચક્રની કમાલ, ફરી ડ્રોન તોડી પાડ્યાં**

**યુદ્ધ જ એકમાત્ર વિકલ્પ એવો પાકિસ્તાની સંરક્ષણ પ્રધાનનો બફાટ**

**આવી પરિસ્થિતિમાં ભારત ૧૯૭૧નું ફરી પુનરાવર્તન કરી શત્રુ દેશના ટુકડા કરી દે તો નવાઈ નહીં**



જૈસલમેરમાં ખુલ્લામાં પડેલો તોપગોળો



તિરંગો: સરહદી વિસ્તારમાં તોપમારાને લીધે નુકસાન પામેલી દુકાનમાં તિરંગો.



‘તિરંગા યાત્રા’: ‘ઑપરેશન સિંદૂર’ને વધાવી લેવા કર્ણાટકના બેંગલૂરુમાં શુક્રવારે ‘તિરંગા યાત્રા’ કાઢવામાં આવી હતી. (એજન્સી)

## મુંબઈ સમાચાર ૨૦૩ વર્ષથી વિશ્વસનીય

ભારત-પાકિસ્તાન વચ્ચેની તંગદિલીના સંબંધમાં વિવિધ પ્રસારમાધ્યમ દ્વારા સાચા-ખોટા સમાચાર અપાઈ રહ્યા છે, પણ મુંબઈ સમાચાર દેશહિતને ધ્યાનમાં રાખીને સંયમ સાથે હંમેશાંની જેમ વાચકો સુધી સાચા અને દેશદાઝ સાથેના સમાચાર જ પ્રસિદ્ધ કરી રહ્યું છે. સરકારે પણ પ્રસારમાધ્યમોને લડાઈ અંગેના સમાચાર આપતી વખતે સંયમ જાળવવા અપીલ કરી છે. વાચકો પણ હાલની પરિસ્થિતિને સમજીને અફવાથી દૂર રહે એવી આશા રાખીએ છીએ.

- તંત્રી

# ભારતીય સેનાએ પાકને ખેદાનમેદાન કર્યું

## પીઓકે પાછું મેળવવા પ્રયાસ થવાની આશા

નવી દિલ્હીઃ ભારતીય ભૂમિદળ, હવાઈદળ અને નૌકાદળે પાકિસ્તાનના ઈસ્લામાબાદ, કરાચી, લાહોર, સિયાલકોટ, રાવલપિંડી સહિતનાં શહેરોમાં હુમલા કરીને જાનમાલનું ભારે નુકસાન કર્યું હતું. પાકિસ્તાનના અનેક યુદ્ધવિમાન તોડી પડાયાં હતાં. ત્રાસવાદના જનક દેશ પાકિસ્તાને સતત ત્રીજા દિવસે પંજાબ, જમ્મુ અને કાશ્મીર સહિત ભારતના સરહદી રાજ્યોમાં ડ્રોન હુમલા ચાલુ રાખ્યા હતા, પરંતુ ભારતે તે નિષ્ફળ બનાવ્યા હતા.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને તો ભારત સાથે યુદ્ધનો એકમાત્ર વિકલ્પ બચ્યો હોવાની બડાઇ મારી હતી. આવી પરિસ્થિતિમાં ભારત ૧૯૭૧નું ફરી પુનરાવર્તન (જુઓ પાનું ૨) ▸▸

# ગુજરાતમાં ૧૫ મે સુધી ફટાકડા અને ડ્રોન પર પ્રતિબંધઃ કચ્છમાં અંધારપટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત અને પાકિસ્તાન વચ્ચેની તણાવ ભરી સ્થિતિને પગલે ગુજરાત એલર્ટ મોડમાં છે. ૯ મે, ૨૦૨૫ શુક્રવારના રોજ ગાંધીનગર સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટરમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ વિભાગોના વરિષ્ઠ સચિવો અને સંબંધિત જિલ્લાના વહીવટી વડા, પોલીસ તંત્ર વગેરે સાથે સમીક્ષા બેઠક કરી હતી. શુક્રવારે રાતે કચ્છમાં અંધારપટ કરાયો હતો. આ સાથે જ આગામી ૧૫ મે સુધી લગ્ન સહિતના પ્રસંગોમાં ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સોશિયલ મિડીયા એક્સ પર જણાવ્યું હતું કે, આગામી (જુઓ પાનું ૨) ▸▸



હાનિઃ પાકિસ્તાનના તોપમારાથી ઉરીમાં નુકસાન પામેલું ઘર.

# ભારત સાથે યુદ્ધનો જ વિકલ્પ બચ્યો છેઃ પાક સંરક્ષણ પ્રધાન

ઇસ્લામાબાદઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા મુહમ્મદ આસિફે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ભારત સાથે તણાવ ઓછો કરવાનો વિકલ્પ હવે સમાપ્ત થઈ ગયો છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન પાસે તેના પાડોશી સાથે સંપૂર્ણ યુદ્ધ સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.

પાકિસ્તાની મીડિયા આઉટલેટ સાથે વાત કરતા આસિફે કહ્યું, ‘‘છેલ્લા ચાર દિવસમાં ભારત દ્વારા અપનાવવામાં આવેલા આક્રમક પગલાંને કારણે અમને આ વિકલ્પ (યુદ્ધ) સિવાય બીજો કોઈ ઉપલબ્ધ રસ્તો દેખાતો નથી. અમે પરિસ્થિતિને ઓછી કરવાનો પ્રયાસ કર્યો છે પરંતુ તેની શક્યતા ઓછી લાગે છે. આપણે તેમને તેમની જ ભાષામાં જવાબ આપવો પડશે. મંત્રીએ કહ્યું કે લોકોને કોઈ શંકા ન હોવી જોઈએ કે યુદ્ધ તેમના દરવાજા પર છે, જોકે તેમણે પાકિસ્તાનની સેના તેમના (જુઓ પાનું ૨) ▸▸

# દેશના ૨૪ ઍરપોર્ટ ૧૫મી સુધી બંધ

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે નિર્માણ પામેલી સંઘર્ષપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રીનગર અને ચંડીગઢ સહિત દેશના ઉત્તર અને પશ્ચિમ ભાગના ૨૪ ઍરપોર્ટ ડોમેસ્ટિક ફ્લાઈટની અવરજવર માટે ૧૫મી મેના સવારે ૫:૨૯ વાગ્યા સુધી બંધ રાખવાની મુલકી ઉડ્ડયન ખાતાએ શુક્રવારે જાહેરાત કરી હતી. રાજકોટ, જામનગર, ભૂજ, જેસલમેર, જોધપુર, બિકાનેર, લેહ, પઠાણકોટ, ચંડીગઢ, શ્રીનગર, અમૃતસર, લુધિયાણા, ભૂન્તાર, કિસનગઢ, પટિયાલા, સિમલા, ધરમશાલા, ભટિંડા સહિતના ઍરપોર્ટનો આ યાદીમાં સમાવેશ થાય છે.

સુરક્ષાના કારણોસર આ નિર્ણય લેવામાં આવ્યો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ ઍરપોર્ટ પરથી કોઈ જ ફ્લાઈટ રવાના નહીં થાય. અગાઉ આ ઍરપોર્ટ પ્રવાસી વિમાન માટે ૧૦મી મે સુધી બંધ રાખવામાં આવ્યા હતા. હવે આ મુદત લંબાવીને ૧૫મી મે સુધીની કરવામાં આવી છે.

સરકારના આ નિર્ણયને કારણે સંવેદનશીલ અને સીમા વિસ્તારમાં આવેલા ઍરપોર્ટ પ્રભાવિત થશે. આ તમામ ઍરપોર્ટની સુરક્ષા વધારી દેવામાં આવી છે. ભારતના મહત્ત્વના લશ્કરી સંસ્થાનોને નિશાન બનાવવાના પ્રયાસોને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યા હતા અને પાક સેનાને વળતો જડબાતોડ જવાબ આપ્યો હતો, એમ વિદેશ સચિવ વિક્રમ મિસરીએ (જુઓ પાનું ૨) ▸▸




સુરક્ષાઃ જોધપુર ઍરપોર્ટ ખાતે યોજાયેલી મૉક ડ્રિલ. (એજન્સી)

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત પાકિસ્તાનના ભુક્કા બોલાવી દેવા સક્ષમ

ભારતે કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લેવા કરેલી લશ્કરી કાર્યવાહી સામે પાકિસ્તાને અપેક્ષા પ્રમાણેનું જ રીએક્શન આપ્યું છે. ભારતે પાકિસ્તાનની આર્મી પર હુમલો નહોતો કર્યો પણ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે) અને પંજાબમાં આવેલી આતંકવાદી છાવણીઓ પર હુમલો કરેલો પણ પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ પાકિસ્તાન આર્મી જ ચલાવે છે તેથી આર્મી તેનો જવાબ આપવા કૂદી પડી છે. એક તરફ જમ્મુ અને કાશ્મીરના પૂંચ સેક્ટરમાં પાકિસ્તાનનો જોરદાર તોપમારો ચાલુ છે તો બીજી તરફ પાકિસ્તાને ભારત પર મિસાઈલ પણ છોડવા માંડ્યાં છે. ભારતમાં પાકિસ્તાનના દલાલો મારફતે નાનાં નાનાં છમકલાં પણ ચાલુ જ છે તેથી ભારત અત્યારે પાકિસ્તાન સામે ત્રણ મોરચે લડી રહ્યું છે.

ભારતે તેની ચિંતા કરવાની જરૂર નથી કેમ કે ભારતની સરકાર અને લશ્કર પાકિસ્તાનને પહોંચી વળવા પૂરેપૂરું સક્ષમ છે. ભારતીય લશ્કરે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે) જ નહીં પણ છેક પંજાબ પ્રાંત લગી ઘૂસીને આતંકવાદીઓના ભુક્કા બોલાવીને પોતે શું કરી શકે છે તેનો પરચો આપી દીધો છે. પાકિસ્તાન સામે ફુલ ફ્લેજ્ડ વોર થાય તો પણ ભારત પાકિસ્તાનનો ખાતમો કરવા સક્ષમ છે તેથી પાકિસ્તાન ત્રણ મોરચે આક્રમણ કરે કે પાંચ મોરચે કરે, ભારતીયોને તેનાથી ફરક પડતો નથી પણ આ હુમલા પાકિસ્તાનની હલકી માનસિકતાનો વધુ એક પુરાવો છે. પાકિસ્તાનને ભારતમાં અશાંતિ ઊભી કરવામાં અને ભારતીયોનાં લોહીથી હાથ રંગવાની વિકૃતિ પોષવામાં મજા આવે છે તેનો આ પુરાવો છે.

પાકિસ્તાને આ નીચ માનસિકતા છતી કરીને પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી તરત પૂંચમાં તોપમારો શરૂ કરી દીધેલો પણ ભારતના હુમલા પછી તોપમારો તીવ્ર બનાવી દીધો છે. પાકિસ્તાન પૂંચ પર તોપમારો કરી રહ્યું છે કારણ કે પૂંચ તેમની રેન્જમાં છે. પૂંચ લાઈન ઓફ કંટ્રોલ (એલઓસી)થી માંડ ૧૦ કિલોમીટર દૂર છે તેથી પાકિસ્તાન માટે સૌથી નજીકનું ટાર્ગેટ છે તેથી પાકિસ્તાન પૂંચને તબાહ કરવા મચી પડ્યું છે. આ તોપમારામાં આખું પૂંચ શહેર તબાહ થઈ ગયું છે અને વીસેક લોકોનાં મોત થયાં છે. પાકિસ્તાની તોપમારો તીવ્ર બન્યો પછી લોકો ઘર છોડીને સલામત સ્થળે જવા માંડ્યાં છે તેથી હવે પછી મૃત્યુ નહીં થાય પણ આર્થિક નુકસાન તો થશે જ.

પાકિસ્તાન તોપમારાની આડમાં આતંકવાદીઓને ઘુસાડવા માટે પણ મથી રહ્યું છે તેનું કારણ હાજીપીર પાસ પર તેનો કબજો છે. હાજીપીર પાસ પાકિસ્તાન પાસે છે તેનું કારણ લાલબહાદુર શાસ્ત્રીએ કરેલી ભૂલ છે. હાજીપીર પાસ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં આવેલો પર્વતીય માર્ગ છે અને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વનું છે. હાજીપીર પાસ ઉરીને પીર પંજાલ શ્રેણીની દક્ષિણે પૂંચ સાથે જોડે છે. લાલબહાદુર શાસ્ત્રીએ હાજીપીર પાસ પાકિસ્તાનને સોંપ્યો ન હોત તો ભારતનો હાથ ઉપર રહ્યો હોત.

૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન ભારતે હાજીપીર પાસ કબજે કરી લીધો હતો પણ જાન્યુઆરી ૧૯૬૬ માં તાશ્કંદમાં પાકિસ્તાન સાથે સમાધાન પછી લાલબહાદુર શાસ્ત્રીએ હાજીપીર પાસ પાકિસ્તાનને આપી દીધો હતો. ભારતે પાકિસ્તાનને વ્યૂહાત્મક હાજીપીર પાસ પાછો ન આપ્યો હોત તો પરિસ્થિતિ અલગ હોત. હાજીપીર પાસ ભારત પાસે હોત તો પીઓકે ભારતની સીધી રેન્જમાં હોત અને ભારતમાં ઘૂસી રહેલા આતંકવાદીઓને સીધું ટાર્ગેટ કરી શકાયું હોત. હવે હાજીપીર પાસનો ઉપયોગ આતંકવાદીઓને ધકેલવા માટે થઈ રહ્યો છે.

ભારત માટે એક પડકાર આ આતંકવાદીઓને રોકવાનો છે અને સાથે સાથે પોતાના નાગરિકોને સુરક્ષિત રાખવાનો પણ છે. અત્યારે દેશ માટે પ્રાયોરિટી સુરક્ષા અને આતંકવાદ સામેની લડાઈ છે. પાકિસ્તાને જે રીતે ભારતના હુમલાનો જવાબ આપ્યો તેના પરથી સ્પષ્ટ છે કે, પાકિસ્તાન આતંકવાદને છોડી શકે તેમ નથી ને ચૂપ પણ બેસી શકે તેમ નથી. પાકિસ્તાન આતંકવાદીઓને ઘુસાડી રહ્યું છે ને આતંકવાદી પ્રવૃત્તિઓ પણ વધારી રહ્યું છે. તેના કારણે પંજાબમાં બ્લાસ્ટ થયા.

સદનસીબે બ્લાસ્ટમાં કોઈ જાનહાનિ ન થઈ કે કોઈ નુકસાન ના થયું પણ રાજ્યોએ વધારે સક્રિય થવું પડશે તેનો આ સંકેત છે. આંતરિક સુરક્ષા રાજ્ય સરકારની જવાબદારી છે અને ભારતમાં અલગ અલગ રાજ્યોમાં અલગ અલગ પક્ષોની સરકારો છે. આ સરકારોએ રાજકીય મતભેદોને બાજુ પર મૂકીને એક દેશ તરીકે વર્તવું પડશે. ઈન્ટેલિજન્સની આપ-લેથી માંડીને તેના પર ત્વરિત કાર્યવાહી સુધીનાં પગલાં સુધીનું બધું કરવું પડશે.

પાકિસ્તાન આર્મી પણ મચી પડેલું છે અને ડ્રોન તથા મિસાઈલમારો કરી રહ્યું છે. છેલ્લા બે દિવસમાં ભારતે પાકિસ્તાનની ૧૨ મિસાઈલ તોડી પાડી છે. ભારતના આતંકવાદી કેમ્પ પરના હુમલા પછી પંજાબમાં ત્રણ વાર પાકિસ્તાને હુમલો કર્યો છે. અમૃતસર, ગુરદાસપુર સહિતના પંજાબના વિસ્તારો ઉપરાંત રાજસ્થાનમાં પણ પાકિસ્તાનનાં મિસાઈલ-ડ્રોનથી હુમલા થયા છે. ભારત દ્વારા આ મિસાઈલ-ડ્રોન તોડી પડાયાં તેથી કોઈ નુકસાન થયું નથી પણ હુમલા વધે તો નુકસાન પણ થઈ શકે છે એ જોતાં ભારતના નાગરિકોએ અત્યારથી શિસ્ત બતાવવી પડે. મોક ડ્રિલ વખતે લોકો કોઈ તમાશો ચાલતો હોય એ રીતે વર્તતા હતા એવું નહીં ચાલે.

પાકિસ્તાને ભારતમાં ઘૂસીને હુમલા કરવાનાં હવાતિયાં પણ શરૂ કર્યાં છે. પાકિસ્તાન દ્વારા પંજાબના પઠાણકોટમાં ઈન્ડિયન એરફોર્સના એરબેઝને નિશાન બનાવીને હુમલો કરાયો હતો. ઈન્ડિયન એરફોર્સ સતર્ક છે તેથી પઠાણકોટમાં પાકિસ્તાની જેટને તોડી પાડવામાં આવ્યું પણ ભવિષ્યમાં આ પ્રકારના હુમલા વધી શકે છે. એ વખતે લોકોએ મોક ડ્રિલમાં શીખવેલા પાઠનો અમલ કરીને શિસ્ત બતાવવી પડે.

ટૂંકમાં ભારત અને પાકિસ્તાન હવે વોર ઝોનમાં પ્રવેશી ચૂક્યાં છે. ઈઝરાયલ વરસોથી તેના પાડોશી દેશોના હુમલાઓનો સામનો કરે છે એવી સ્થિતિ ભારતમાં પણ પેદા થઈ ગઈ છે. ભવિષ્યમાં બાંગ્લાદેશ અને ચીન પણ ભારત સામેના હુમલામાં સામેલ થઈ શકે છે એ જોતાં ભારતે વધારે વિકટ પરિસ્થિતિ માટે તૈયાર રહેવું પડશે.

ભારતના મોટા ભાગના વિસ્તારો આ પ્રકારની જિંદગીથી ટેવાયેલા નથી પણ હવે ટેવાવું પડશે કેમ કે આ લડાઈ લાંબી ચાલવાની છે. સરકાર કે લશ્કર બધું ના કરી શકે, થોડીક ફરજો નાગરિકોએ પણ બજાવવી પડે. ભારત કે પાકિસ્તાન બંનેમાંથી કોઈ એક ઘા ને બે કટકા કરીને ટંટાનો અંત લાવી શકે તેમ નથી કેમ કે બંનેમાંથી કોઈને એ પરવડે તેમ નથી. બીજી તરફ પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈને કે પાકિસ્તાનના શાસકોને પણ ભારત સામેની લડાઈ છોડવી પરવડે તેમ નથી કેમ કે તેમનું અસ્તિત્વ તેના પર જ ટકેલું છે. આ સંજોગોમાં લડાઈ લાંબી ચાલશે તેથી લોકોએ માનસિક સજ્જતા કેળવવી પડશે ને નુકસાન વેઠવાની તૈયારી પણ રાખવી પડશે. ખાલી સોશિયલ મીડિયા પર દેશપ્રેમ બતાવવાના દિવસો હવે જતા રહ્યા છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, શનિવાર, તા. ૧૦-૫-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૦, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૩મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૪ સુધી, પછી સ્વાતિ.
- ચંદ્ર કન્યામાં બપોરે ક. ૧૩-૪૧ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (મ, ટ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૯, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૧-૦૯, રાત્રે ક. ૨૨-૪૭

ઓટઃ સાંજે ક. ૧૮-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૨ (તા. ૧૧)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ શુક્લ-ત્રયોદશી.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શનિ-મંગળ ગ્રહ દેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, મહાબલી હનુમાનનું પૂજન, હનુમાન ચાલિસા, સુંદરકાંડ પાઠ વાંચન, મહેંદી લગાવવી, માલ લેવો, બી વાવવું, સર્વશાંતી, શાંતી પૌષ્ટિક.

આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ પ્રવાસનો શોખ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ વિદ્ય વિદ્ય ભાષામાં પારંગત.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ (તા. ૧૧), ચંદ્ર-ચિત્રા યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# મોદીએ ગુજરાતના મુખ્યપ્રધાન સાથે વાતચીત કરી: સરહદી જિલ્લાઓમાં સુરક્ષાની સમીક્ષા કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદે તંગદિલી વધી છે. આ સ્થિતિમાં બનાસકાંઠા,પાટણ સહિતના સરહદી વિસ્તારોમાં પણ એલર્ટ જાહેર કરાયું છે. ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી સરહદી જિલ્લામાં સુરક્ષાની સમીક્ષા કરી હતી. મુખ્યપ્રધાને શુક્રવારે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમને ફોન કર્યો હતો અને સરહદી રાજ્ય હોવા અંગે ગુજરાતની તૈયારીઓ વિશે પૂછપરછ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત તેની જમીન તેમ જ દરિયાઈ સરહદો પાકિસ્તાનની નજીક છે. ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા એપ પર જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મારી સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને સરહદી રાજ્ય હોવા અંગે ગુજરાતની તૈયારીઓ અને વર્તમાન પરિસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા આગોતરા આયોજનની વિગતો મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મુખ્યપ્રધાને ઉમેર્યું હતું કે, વડા પ્રધાને નાગરિકો, ખાસ કરીને સરહદી જિલ્લા કચ્છ, બનાસકાંઠા, પાટણ અને જામનગર જિલ્લામાં રહેતા લોકોની સલામતી અને સુરક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે પણ માહિતી આપવામાં આવી હતી. ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સવારે વિવિધ વિભાગોના વડાઓ અને સશસ્ત્ર દળોના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી જેથી ખાતરી કરી શકાય કે રાજ્યમાં તેમની કામગીરી હાથ ધરવામાં દળોને કોઈ મુશ્કેલીનો સામનો કરવો ન પડે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ વચ્ચે ગુરુવારે રાત્રે ગુજરાતના કચ્છ અને બનાસકાંઠાના સરહદી જિલ્લાઓના ઘણા ભાગોમાં ૭ કલાકથી વધુ સમય માટે સંપૂર્ણ બ્લેકઆઉટ લાગુ કરવામાં આવ્યો હતો. કચ્છ અને બનાસકાંઠા બંને જિલ્લાઓ પાકિસ્તાન સાથે સરહદ ધરાવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, પાકિસ્તાનના કોઈપણ આક્રમક પગલાને રોકવા માટે સાવચેતીનાં પગલાં તરીકે ભુજ, નલિયા, નખત્રાણા અને ગાંધીધામ શહેરો સહિત કચ્છના ઘણા ભાગોમાં સંપૂર્ણ અંધારપટ છવાઈ ગયો હતો. તેમજ, બનાસકાંઠા જિલ્લામાં સુઈગામ અને તેની આસપાસના ૨૦ ગામોમાં અંધારપટ જાહેર કરવામાં આવ્યો હતો. પડોશી પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ૮-૧૦ ગામોમાં પણ અંધારપટ છવાઈ ગયો હતો.

# વેપારીઓને સંગ્રહખોરી સામે સરકારની ચેતવણી

નવી દિલ્હીઃ સ્થાનિક માગને પહોંચી વળાય તે માટે અનાજનો પૂરતો સ્ટૉક હોવાનું સરકારે શુક્રવારે જણાવ્યું હતું. અનાજની કૃત્રિમ અછત ન સર્જાય તે માટે આવશ્યક ચીજવસ્તુઓની સંગ્રહખોરી ન કરવાની સરકારે વેપારીઓ અને હોલસેલરોને ચેતવણી આપી હતી. સરહદી વિસ્તારમાં કોઈપણ પ્રકારની ઉશ્કેરણી વિના પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા તોપમારા અને ગોળીબારને પગલે બંને દેશ વચ્ચેનો લશ્કરી સંઘર્ષ વધુ વ્યાપક બન્યો હોવા વચ્ચે સરકારે આ ચેતવણી આપી હતી.

ખાદ્ય અને ગ્રાહકોની બાબતોના કેન્દ્રિય પ્રધાન પ્રહલાદ જોશીએ સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં જણાવ્યું હતું કે દેશમાં અનાજના સંગ્રહ અંગેની અફવા ફેલાવતા સંદેશાઓ પર ધ્યાન નહીં આપતા. સ્થાનિક માગને પહોંચી વળાય તેટલો અનાજનો સ્ટૉક આપણી પાસે છે. (એજન્સી)

# આઈપીએલ એક અઠવાડિયા માટે સ્થગિત કરાઈ

## ક્રિકેટરો ધરમશાલાથી બસમાં જલંધર ગયા અને ત્યાંથી ટ્રેનમાં દિલ્હી પહોંચ્યા

નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે જંગ થઈ રહ્યો હોવાથી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) સસ્પેન્ડ કરવામાં આવી છે. જોકે ક્રિકેટ વિશ્વની આ સૌથી લોકપ્રિય ટૂર્નામેન્ટ અનિશ્ચિત મુદત માટે સસ્પેન્ડ કરવામાં આવી હોવાની અગાઉ જે ચર્ચા હતી એને પગલે શુક્રવારે સાંજે એવો અહેવાલ આવ્યો હતો કે આ સ્પર્ધા એક અઠવાડિયા માટે જ સ્થગિત કરવામાં આવી છે.

બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ શુક્રવારે બપોરે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'આઇપીએલ તાત્કાલિક અમલમાં આવે એ રીતે સસ્પેન્ડ કરાઈ છે. જોકે આ સ્પર્ધા એક અઠવાડિયા માટે જ સસ્પેન્ડ કરાઈ છે.'

આઇપીએલ આગળ ચાલુ રાખવી કે નહીં એ વિશે ગુરુવાર મોડી રાત સુધી બીસીસીઆઇ અને આઇપીએલના મોવડીઓમાં ચર્ચા થઈ હતી.

સૈકિયાએ શુક્રવારે એવું પણ જણાવ્યું હતું કે 'બાકી રહેલી (૧૬) મૅચો માટેના અપડેટ તથા નવું શેડ્યૂલ પરિસ્થિતિના અવલોકન બાદ તેમ જ સંબંધિત સત્તાવાળા સાથે સલાહ મસલત કર્યા બાદ યોગ્ય સમયની અંદર જાહેર કરવામાં આવશે. આ સંબંધમાં બ્રૉડકાસ્ટર, સ્પૉન્સરો તેમ જ ક્રિકેટપ્રેમીઓના પણ મંતવ્યો લેવામાં આવશે. જોકે બીસીસીઆઇને આપણા સંરક્ષણ દળોની શક્તિ અને પૂર્વતૈયારીઓ પર પૂરો ભરોસો છે અને બીસીસીઆઇ તમામ સંબંધિત પરિબળોને ધ્યાનમાં લઈને જ આગળ વધવામાં માને છે.'

દરમ્યાન, આઇપીએલની વિવિધ ટીમોના ખેલાડીઓ તથા સપોર્ટ સ્ટાફના મેમ્બર્સ પોતપોતાના નિયત સ્થળે પહોંચી જવા વહેલામાં વહેલી ફ્લાઇટ પકડવાની તૈયારીમાં હતા અને સત્તાવાળાઓએ નક્કી કર્યું છે કે હાલમાં ભારત-પાકિસ્તાન વચ્ચેના ઘર્ષણની સ્થિતિમાં આઇપીએલ આ તબક્કે ચાલુ રાખવી ઠીક ન કહેવાય.

ગુરુવારે હિમાચલ પ્રદેશના ધરમશાલામાં પંજાબ-દિલ્હી વચ્ચેની મૅચ અધવચ્ચેથી રદ કરાઈ હતી. ધરમશાલાનું ઍરપોર્ટ બંધ કરાયું હોવાથી બન્ને ટીમના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને બસમાં ધરમશાલાથી જલંધર ખાતે સલામત પહોંચાડવામાં આવ્યા હતા અને ત્યાંથી તેઓ ટ્રેનમાં દિલ્હી ગયા હતા અને ત્યાંથી પોતપોતાના શહેરમાં તેમ જ પોતાના દેશમાં જવા તેમને ઍરપોર્ટ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરાઈ હતી.

# સરહદે સાત ઘૂસણખોર ઠાર

નવી દિલ્હી અને જમ્મુ : બોર્ડર સિક્યોરિટી ફોર્સે શુક્રવારે કહ્યું હતું કે તેણે જમ્મુમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘૂસણખોરીનો પ્રયાસ કરનાર સાત ઘૂસણખોરોને મારી નાખ્યા હતા અને રેન્જર્સની ચોકી ઊડાવી દીધી હતી.

મંગળવારે સાંબા જિલ્લામાં આતંકવાદીના મોટા જૂથને 'નિરીક્ષણ કરતી ગ્રિડ'એ શોધી કાઢતા આતંકવાદીની જોડે ગુરુવારે રાતના અગિયાર વાગ્યે અથડામણ થઈ હતી. બીએસએફ પ્રવકતાએ કહ્યું હતું કે પાકિસ્તાની રેન્જર્સની ધંધરની ચોકીએ ગોળીબાર કરીને આતંકવાદીના ઘૂસણખોરીના પ્રયાસને ટેકો આપવાનો પ્રયાસ કર્યો હતો.

બીએસએફના પ્રવકતાએ માહિતી આપી હતી કે લશ્કરી દળોએ ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ક્રિય બનાવ્યો હતો અને ધંધર ચોકીને ધ્વસ્ત કરી નાખી હતી.

અધિકારીઓ કહે છે કે એવી પણ સંભાવના છે કે માર્યા જનાર આતંકવાદી વધારે હોઈ શકે.

બીએસએફે ગોળીબારની અને ચોકીના બન્કરના વિનાશ બતાવતી થર્મલ ઈમેજર ક્લિપ શેર કરી હતી. આ ચોકીમાં રેન્જર્સની મશીન ગન ગોઠવવામાં આવી હતી.

૨૨ એપ્રિલના પહલગામ આતંકવાદી હુમલાને પગલે બે દેશો વચ્ચે હાલની અથડામણને લીધે બીએસએફ હાઈ એલર્ટ પર છે. (એજન્સી)

# વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરમાં ફસાયેલા પર્યટકો અને શ્રદ્ધાળુઓને તેમના વતન મોકલવા ત્રણ ખાસ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અનેક ટ્રેન રદ કરીને તેને લશ્કરી કાર્યવાહીની તૈયારીમાં ઉપયોગ કરવાની તૈયારી થઈ રહી છે. પ્રદેશ પ્રશાસન વૈષ્ણો દેવી આવનારા શ્રદ્ધાળુઓ અને પર્યટકોને નિરુત્સાહી કરી રહ્યા છે અને તેમને નવા હુકમ સુધી પ્રદેશમાં ન આવવાની સલાહ આપવામાં આવી છે.

ભારત-પાકિસ્તાન સરહદ પર વધી રહેલા તણાવ અને સુરક્ષા ખતરા વચ્ચે માતા વૈષ્ણોદેવી તીર્થયાત્રાને અસ્થાયી રૂપથી સ્થગિત કરવામાં આવી છે. બોર્ડે તીર્થયાત્રીઓને સલાહ આપી છે કે તે કમ સે કમ ૧૦ મે ૨૦૨૫ના સવારે પાંચ વાગ્યા સુધી વૈષ્ણોદેવીની યાત્રા ન કરે. આ નિર્ણય હવાઈ હુમલાના ડરને લીધે લેવામાં આવ્યો હતો. આને પગલે જમ્મુ ક્ષેત્રમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે.

તાજેતરના દિવસોમાં જમ્મુ અને જેસલમેર સહિત અને ઉત્તર ભારતનાં અનેક રાજ્યોમાં ડ્રોન અને મિસાઈલ હુમલાની ખબર આવી રહી છે. વૈષ્ણોદેવી મંદિર જે પહાડી ક્ષેત્રમાં સ્થિત છે જે દરરોજ હજારો શ્રદ્ધાળુને આકર્ષિત કરે છે. પ્રશાસન ભક્તોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે.

શ્રાઈન બોર્ડ ના એક સિનિયર અધિકારીએ કહ્યું હતું કે બધા શ્રદ્ધાળુઓને અનુરોધ છે કે તેઓ બોર્ડ દ્વારા નિર્ધારિત કરેલાં આશ્રય સ્થળોમાં જ રહે. તીર્થસ્થળમાં રહેલા શ્રદ્ધાળુઓની સુરક્ષા નિશ્ચિત કરવા વધારાના સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સ્થાનિક પ્રશાસને ક્ષેત્રમાં તીર્થયાત્રીઓ સ્થાનિક પ્રશાસન તથા સુરક્ષા દળો સાથે મળીને હવાઈ હુમલાના ખતરા સામે સતર્ક રહે. આ અગાઉ કાશ્મીરના સૌથી મોટા પર્યટનસ્થળ ગુલમર્ગમાં ટુરિસ્ટના આવવા પર પ્રતિબિંધ મૂક્યો છે.

પહેલા પાનાનું ચાલુ

## ભારતીય સેનાએ

કરી શત્રુ દેશના ટુકડા કરી નાખશે તો નવાઈ નહીં.

ભારતના સીમા સુરક્ષા દળે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાંની શત્રુ દેશના લશ્કરની ચોકી ઉડાવી દીધી હતી અને સરહદ પર ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા આઠ દુશ્મનને ઠાર માર્યા હતા.

ભારતીય નૌકાદળના યુદ્ધજહાજ આઈએનએસ વિક્રાંતે કરાચીના બંદરે મોટા પાયે વિનાશ વેર્યો હતો.

પાકિસ્તાનના ૧૯૭૧ના યુદ્ધની જેમ ફરી ટુકડા થવાની અને ભારત પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર પાછું લઈ લે એવી સંભાવના વધી છે.

પાડોશી દુશ્મન દેશમાં ફરી આંતરવિગ્રહની સંભાવના વધી છે. બલૂચિસ્તાન લિબરેશન આર્મીએ પાકિસ્તાનનાં સુરક્ષા દળોની કેટલીક ચોકી કબજે કરીને અનેક સૈનિક અને પોલીસને મારી નાખ્યા હોવાના અહેવાલ છે.

ભારતની હવાઈ સુરક્ષા યંત્રણા એસ-૪૦૦ એટલે કે 'સુદર્શચક્ર'એ શત્રુ દેશે ભુજ (ગુજરાત), રાજસ્થાન, જમ્મુ અને કાશ્મીર, પંજાબ સહિત વિવિધ સ્થળે ડ્રોનની મદદથી અને રોકેટ તેમ જ મિસાઈલથી હુમલા કરવાનો કરેલો પ્રયાસ ૧૦૦ ટકા ચોકસાઈ સાથે નિષ્ફળ બનાવ્યો હતો.

પાકિસ્તાન પર બલૂચ લિબરેશન આર્મી, પશ્તુન લોકો બાદ અફઘાનિસ્તાનના તહરીકે તાલિબાન પાકિસ્તાન (ટીટીપી)નાં દળોએ હુમલા કરીને દુશ્મન દેશના ૩૫ સૈનિકને ઠાર માર્યા હતા. તાલિબાને દક્ષિણ વજિરિસ્તાનના શાકાઈમાંના પાકિસ્તાનના સૈનિકો પર હુમલા કર્યા હતા. તાલિબાને પાક સેનાની ડાંગરે ચોકી પર અને વાહનો પર હુમલા કરીને શસ્ત્રો લૂંટ્યાં હતાં.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને સરહદ પરના અન્ય રાજ્યો પંજાબ, રાજસ્થાન, જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાનો સાથે ફોન પર વાત કરીને સીમા પરની પરિસ્થિતિની જાણકારી મેળવી હતી.

પાકિસ્તાનના જેલમાંના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના સમર્થકોએ પોતાના નેતાને જેલમાંથી છોડાવવા આંદોલન શરૂ કર્યું છે.

આર્થિક સંકટનો પણ સામનો કરી રહેલા પાકિસ્તાને વધુ કરજ મેળવવા વિશ્વ બૅન્ક, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને પોતાના મિત્ર દેશો સામે હાથ ફેલાવ્યા છે. ભારતના હુમલાથી ડરીને કરાચી શૅરબજાર બંધ કરી દેવાયું હતું.

દરમિયાન ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને દેશની ક્રૂડ ઓઈલની અન્ય કંપનીઓએ જનતાને દેશમાં પૂરતી પેટ્રોલિયમ પેદાશો હોવાની બાંયધરી આપી હતી.

અમેરિકા, ઈરાન, ચીન સહિતના અનેક દેશે પાકિસ્તાનની આકરી ટીકા કરી ઈસ્લામાબાદને લશ્કરી કાર્યવાહી રોકવા અથવા પીછેહઠ કરવા આદેશ આપ્યો હોવા છતાં તેણે ભારતના નાગરિકો પર ડ્રોન હુમલા કરવાનું ચાલુ રાખ્યું હતું.

જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ સરહદી વિસ્તારની મુલાકાત લઈને સમીક્ષા કરી હતી.

પાકિસ્તાને કરેલા ગોળીબાર અને તોપમારાને લીધે સરહદ પરની કેટલીક મસ્જિદ, ગુરુદ્વારા અને અન્ય થોડી ઈમારતને નુકસાન થયું હતું.

પાકિસ્તાનની સંસદમાં સાંસદો દ્વારા પોતાના વડા પ્રધાન અને સંરક્ષણ પ્રધાનને નબળા ગણાવીને તેઓની આકરી ટીકા કરાઈ હતી.

ભારતે પોતાની ટેરિટોરિયલ આર્મીને તૈયાર રહેવા આદેશ આપ્યો હતો. આરોગ્ય પ્રધાન જે. પી. નડ્ડાએ દેશમાંની દવા અને અન્ય તબીબી સુવિધાની સમીક્ષા કરી હતી.

ભારતીય ગૃહ પ્રધાન અમિત શાહ અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સુરક્ષા દળના વડા અને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. (એજન્સી)

## ગુજરાતમાં

૧૫ મે સુધીમાં રાજ્યમાં કોઈ પણ પ્રસંગ કે સમારોહ માટે ડ્રોન ઉડાડવા કે ફટાકડા ફોડવાની મંજૂરી નહીં મળે, તેથી સૌને સહકાર આપશો અને માર્ગદર્શિકાનું પાલન કરશો. તેથી આગામી ૧૫ મે સુધી લગ્નપ્રસંગે અથવા કોઇ પણ કાર્યક્રમમાં ફટાકડા ફોડવા અને ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. જો કોઈ નિયમ તોડશે તો તેના સામે કાર્યવાહી કરવામાં આવશે. ફટાકડા કોઈ પણ સમયે ફાયરિંગ હોય તેમ ગભરાટ ઊભી કરી શકે છે અને ડ્રોન પણ સુરક્ષા એજન્સીને એલર્ટ કરી દે છે તેથી બંને પર પ્રતિબંધ મુકાયો છે.

## ભારત સાથે યુદ્ધનો

ઓપરેશન કેવી રીતે હાથ ધરશે તેની વિગતો શેર કરી ન હતી. અગાઉના ખ્વાજા આસિફે એક વિચિત્ર ટિપ્પણી કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે પાકિસ્તાની સેનાએ જાણી જોઈને ભારતીય ડ્રોનને અટકાવ્યા ન હતા કારણ કે તેનાથી ભારતીય દળોને સંરક્ષણ સ્થાનોની જાણકારી મળી ગઇ હોત. આ ટિપ્પણીઓ માટે તેમને ફરી એકવાર સોશિયલ મીડિયા પર સતત ટ્રોલ કરવામાં આવ્યા હતા.

દરમિયાન અલ અરબિયાના અહેવાલ મુજબ, પાકિસ્તાનના લશ્કરી પ્રવક્તાએ શુક્રવારે કહ્યું કે તે સતત અનેક દિવસો સુધી મિસાઇલ,આર્ટિલરી અને ડ્રોન હુમલાઓ પછી ભારત સાથે તણાવ ઓછો કરશે નહીં. પાકિસ્તાની સેનાના પ્રવક્તા અહેમદ શરીફ ચૌધરીએ કહ્યું હતું કે, ''અમે તણાવ ઓછો નહીં કરીએ. ભારતે અમને નુકસાન પહોંચાડ્યું છે તેમણે પણ નુકસાન સહન કરવું પડશે.'' અત્યાર સુધી અમે અમારું રક્ષણ કરતા આવ્યા છીએ પરંતુ તેમને અમારા સમયે જવાબ મળશે.

## દેશના ૨૪ ઍરપોર્ટ

શુક્રવારે કહ્યું હતું. ભારતના લશ્કરી સંસ્થાનોને નિશાન બનાવવા પાકિસ્તાને ભારતીય સીમાનો ભંગ કર્યો હતો, એમ વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે કહ્યું હતું.

પાકિસ્તાને ભારતના લશ્કરી સંસ્થાનોને નિશાન બનાવવા ગુરુવારે રાત્રે લેહથી સિરક્રિક વચ્ચે આવેલા ૩૬ સ્થળે ૩૦૦થી ૪૦૦ ડ્રોન છોડ્યા હતા. જોકે આ તમામ ડ્રોનને ભારતીય સેનાએ તોડી પાડ્યા હતા, એમ તેમણે કહ્યું હતું. પાકિસ્તાન ચોક્કસ ધાર્મિકસ્થળોને નિશાન બનાવવાની નીચલી કક્ષા સુધી પહોંચી ગયું હોવાનું તેમણે કહ્યું હતું. ભટિંડા લશ્કરી થાણાને નિશાન બનાવવા પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા ડ્રોનને તોડી પાડવામાં આવ્યું હતું. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હુમલાનો વળતો જવાબ આપતાં ભારતે પાકિસ્તાનના ચાર સંરક્ષણ સંસ્થાનને નિશાન બનાવીને ડ્રોન હુમલો કર્યો હતો અને એક એડી રડાર સિસ્ટમનો નાશ કર્યો હતો. (એજન્સી)

આજે (શનિ) સાંજે ૭ ભવન ચોપાટી
₹૩૦૦,૨૦૦, ૧૦૦ (બુકિંગ સ.૯થી)
ફોન 23698085, 9372052808
સાહિત્ય કલા સંપદા દ્વારા ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્રને સથવારે
થિયેટર પીપલ અને અકિલા ઇન્ડિયા ઈવેન્ટ્સનું સર્જન





Cheers જિંદગી
ગીત-સંગીત, વાર્તા-કવિતા, હાસ્ય-ગાંભીર્યના સથવારે
કંઠ-કહેણી-કલાના ત્રિવેણી સંગમ જેવો BRAND NEW જલસો
અભિનેતા, દિગ્દર્શક, સ્ટોરી ટેલર વિરલ રાચ્છ
પ્રતિષ્ઠિત કવિ, સંચાલક મિલિન્દ ગઢવી
વિજેતા ગાયિકા: ગાથા પોટા
લોક-રોક ગાયક: ધૈર્ય રાજપરા
સંયોજન ઉદયન ઠક્કર-નિરંજન મહેતા
આયોજન: અજિંક્ય સંપટ
FREE VALET PARKING



કાલે રાતે ૯ મલાડ (વે), બુ. ૯-૧૨, ૫-૮. Ph. 8169845046 અસ્પી રવિ. તા. ૧૮ મે ૭.૩૦ નહેરૂ





બાલીવાલા થિયેટર્સ પ્રસ્તુત
લંડન જતાં પહેલાના LAST SHOWS
ડોન્ટ worry BE હેપ્પી
આદિલ ભગત નિર્મિત
પ્રવીણ સોલંકી લિખિત
ફિરોઝ ભગત દિગ્દર્શિત
કલાકારો ફિરોઝ ભગત, અપરા મહેતા, પૃથ્વી પંચોલી, હેતલ ગાલા, નિયતિ ભટ્ટ
SHOW CONTACT: 9699270184 Online Bkg.open on book my show
KAAJAL ADS



દરેક પ્રયોગે પ્રેક્ષકોને લાગશે હાસ્યનો જેકપોટ...
Theatre People સર્જન
સંજય ઝા લિખિત
હરેશ પંચાલ દિગ્દર્શિત
અલીરઝા નામદાર અભિનિત





પિન્કી જૈન, મોહસિન શેખ, ધ્રુવ ઠક્કર, નિયતિ ભટ્ટ, ચાર્મી ચાવડા, હર્ષ ગડા અને કોમેડીનો બાળવીર શ્રીધર વાટસર
જેઠાલાલને Jackpot લાગ્યો
કાલે બે શો
બપોરે ૩.૩૦ ભવન
સાંજે ૭.૩૦ તેજપાલ
Chowpatty, Free Valet Parking
બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭
23698085, 9372052808
તેજપાલ, બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭
23802679, 9819928509
ONLINE: book my show
તા. ૧૬ મે અને ૨૬ મે રાત્રે ૯ કાલિદાસ -મુલુંડ
Show Cont: 9136915753, 9172274752
Deepak Somaiya



CENTURY HIT!
કાલે સાંજે ૭.૩૦ ભવન
FREE VALET PARKING
ચોપાટી, બુ./ટેલી બુ. ૯-૧૨,૪-૭
Ph. 23698085, 9372052808
રંગમંચ Online: book my show
આસિફ પટેલ નિર્મિત
ઈમ્તિયાઝ પટેલ લિખિત
પ્રથમ ભટ્ટ-પ્રિતેષ સોઢા આલેખિત
આશિષ ભટ્ટ દિગ્દર્શિત-અભિનિત





હાસ્યની ચાલતી ફરતી દુકાન
હાસ્યનો મહાકુંભ
કાકા 24 કેરેટના
Show Cont. 9920169691, 9653397989
Deepak Somaiya


# દેશમાં ઇંધણનો વિપુલ જથ્થોઃ તેલ કંપનીઓ

નવી દિલ્હી : દેશની સૌથી મોટી તેલ કંપની, ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (આઇઓસી)એ શુક્રવારે જણાવ્યું હતું કે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ એલપીજીનો પુષ્કળ સ્ટોક ઉપલબ્ધ છે અને ગભરાટમાં ઇંધણ ખરીદવાની કોઈ જરૂર નથી.

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધતાં પેટ્રોલ પંપ પર ઇંધણ સ્ટોક કરવા માટે કતારમાં ઊભા રહેલા લોકોની પોસ્ટ્સ અને વીડિયોથી સોશિયલ મીડિયા છલકાઈ ગયા બાદ આ નિવેદન આવ્યું છે. ''દેશભરમાં ઇન્ડિયન ઓઇલ પાસે પુષ્કળ ઇંધણ સ્ટોક છે અને અમારી સપ્લાય લાઇન સરળતાથી કાર્યરત છે. ગભરાટમાં ખરીદી કરવાની કોઈ જરૂર નથી, ઇંધણ અને એલપીજી અમારા બધા આઉટલેટ્સ પર સરળતાથી ઉપલબ્ધ છે'' એમ આઇઓસી એ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. ગભરાટમાં ખરીદી મોટાભાગે પાકિસ્તાનની સરહદે આવેલા રાજ્યોમાં જોવા મળી હતી. ૮-૯ મેની રાત્રે સમગ્ર પશ્ચિમ સરહદ પર પાકિસ્તાનના સશસ્ત્ર દળો દ્વારા ડ્રોન અને અન્ય દારૂગોળાનો ઉપયોગ કરીને અનેક હુમલાઓ શરૂ કરવામાં આવ્યા બાદ જમ્મુ અને કાશ્મીર અને પંજાબના ઘણા શહેરોમાં બ્લેકઆઉટ લાગુ કરવામાં આવ્યું હતું. આના કારણે તણાવ અને ગભરાટમાં વધારો થવાનો ભય હતો.

શાંત રહીને અને બિનજરૂરી ધસારો ટાળીને અમને તમારી વધુ સારી સેવા આપવામાં મદદ કરો. આનાથી અમારી સપ્લાય લાઇનો એકીકૃત રીતે ચાલુ રહેશે અને બધા માટે અવિરત ઇંધણની પહોંચ સુનિશ્ચિત થશે, એમ આઇઓસીએ જણાવ્યું. ભારતે બુધવારે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર અને પાકિસ્તાનમાં નવ સ્થળોએ હુમલો કર્યો, જે બે અઠવાડિયાં પહેલા થયેલા ઘાતક આતંકવાદી હુમલાના બદલામાં પાકિસ્તાનની અંદર દાયકાઓમાં તેનો સૌથી મોટો હુમલો હતો. ત્યારબાદ, પાકિસ્તાને એક ડઝનથી વધુ શહેરો અને નગરોમાં ભારતીય લશ્કરી લક્ષ્યો પર ડ્રોન અને મિસાઇલો છોડવાનો પ્રયાસ કર્યો, જેમાંના ઘણા વાયુસેનાના મથકો પર સ્થિત છે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) એ એક નિવેદનમાં ખાતરી આપી છે કે તેના વિશાળ રાષ્ટ્રવ્યાપી નેટવર્કમાં પૂરતું પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને એલપીજી ઉપલબ્ધ છે.

''તેના રાષ્ટ્રવ્યાપી નેટવર્કમાં બધા બીપીસીએલ ફ્યુઅલ સ્ટેશન અને એલપીજી ડિસ્ટ્રિબ્યુટરશિપ સરળતાથી કાર્યરત છે અને ગ્રાહકોની ઊર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. ચિંતા કે ગભરાટનું કોઈ કારણ નથી. અમારી સપ્લાય ચેઇન કામગીરી મજબૂત અને કાર્યક્ષમ રહે છે, જે અવિરત પુરવઠો સુનિશ્ચિત કરે છે. અમે બધા ગ્રાહકોને શાંત રહેવા વિનંતી કરીએ છીએ. બીપીસીએલ ઊર્જા સુલભતા અને વિશ્વસનીયતા પ્રત્યેની તેની પ્રતિબદ્ધતામાં અડગ રહે છે,'' તેણે જણાવ્યું. ■


મુંબઈ સમાચાર બિરદાવે છે
બારમાના વિદ્યાર્થીઓને
જો તમને બારમા ધોરણની પરીક્ષામાં ૭૫ ટકા કે એથી વધુ માર્ક્સ મળ્યા હોય તો મોકલાવો તમારો ફોટો અને વિગતો મુંબઈ સમાચારને.
શું મોકલાવશો? ▸ વિદ્યાર્થીનો ફોટો ▸ માર્કશીટ
ક્યાં વોટ્સએપ કરશો? 7045430579


# મણિપુરમાં સુરક્ષાદળોને મોટી સફળતાઃ નવ ઉગ્રવાદીની ધરપકડ

ઇમ્ફાલઃ મણિપુરમાં નવ ઉગ્રવાદીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ મણિપુરના ત્રણ જિલ્લાઓમાંથી અનેક પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા નવ ઉગ્રવાદીઓની ધરપકડ કરી છે. તેમણે કહ્યું હતું કે પ્રતિબંધિત કાંગલીપાક કમ્યુનિસ્ટ પાર્ટી (એમએફએલ) ના ચાર સક્રિય સભ્યોની ગુરુવારે થૌબલ જિલ્લાના લામડિંગ ખુમાનથેમ લેઇકાઇથી ધરપકડ કરવામાં આવી હતી.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અન્ય એક અભિયાન દરમિયાન પ્રતિબંધિત યુનાઇટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટ (પામ્બેઈ) ના ત્રણ કાર્યકરોની થૌબલમાં લિલોંગ બ્રિજ નજીક ધરપકડ કરવામાં આવી હતી.

ઉપરાંત ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના લામલાઈથી કાંગલીપાક કમ્યુનિસ્ટ પાર્ટી (નોયોન) ના એક સભ્યની ધરપકડ કરવામાં આવી હતી અને બિષ્ણુપુરના નિંગથોઉખોંગ ખા કીરુંગબા લેઇકાઇથી પ્રતિબંધિત કેસીપી (પીડબ્લ્યુજી) ના અન્ય એક ઉગ્રવાદીની ધરપકડ કરાઇ હતી. તેમણે ઉમેર્યું હતું કે તેમની પાસેથી દેશી બનાવટની પિસ્તોલ અને હેન્ડ ગ્રેનેડ સહિત શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યો હતો. ■

# પાક નાણાં મંત્રાલયનું એક્સ અકાઉન્ટ હેક થયું

## વધુ લોન માગતી પોસ્ટ બાદ વિશ્વભરમાં ઊડી મજાક

ઇસ્લામાબાદ/નવી દિલ્હીઃ પાકિસ્તાને તેના આર્થિક બાબતોના મંત્રાલયનું એક્સ અકાઉન્ટ હેક થયાનું અને તેના પર ભારત સાથે ચાલી રહેલા તણાવને કારણે થયેલા ભારે નુકસાનની ભરપાઇ માટે વધુ આંતરરાષ્ટ્રીય લોનની માગ કરતી પોસ્ટ કરવામાં આવી હોવાનું શુક્રવારે જણાવ્યું હતું, પરંતુ ત્યાં સુધીમાં તો પાકિસ્તાન દુનિયાભરમાં મજાકને પાત્ર બની ગયું હતું.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક 'ફેક ટ્વિટ એલર્ટ' જારી કર્યું હતું. જેમાં કહેવામાં આવ્યું હતું કે અકાઉન્ટ હેક થઇ ગયું છે. એક અધિકારીએ પણ પુષ્ટિ કરી કે એક્સ અકાઉન્ટ હેક થયું છે અને અકાઉન્ટ બંધ કરવાનું કામ ચાલી રહ્યું છે. આ હેકિંગને કારણે મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા એક ફેક અપીલ કરવામાં આવી હતી. જેમાં વધુ લોનની માગ કરવામાં આવી હતી અને પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત સાથેના તણાવને ઓછો કરવામાં મદદ કરવા આંતરરાષ્ટ્રીય સમુદાયને વિનંતી કરવામાં આવી હતી. આ તણાવને કારણે પાકિસ્તાનના શેરબજારમાં પણ ભારે કડાકો જોવા મળ્યો હતો.

એક્સ અકાઉન્ટ પરની પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે પાકિસ્તાન સરકારે દુશ્મન દ્વારા ભારે નુકસાન થયા બાદ આંતરરાષ્ટ્રીય ભાગીદારો પાસે વધુ લોન માટે અપીલ કરી છે. જોર પકડતા યુદ્ધ અને શેરબજારમાં કડાકા વચ્ચે અમે આંતરરાષ્ટ્રીય ભાગીદારોને તણાવ ઓછો કરવામાં મદદ કરવા વિનંતી કરીએ છીએ. રાષ્ટ્રને મક્કમ રહેવા વિનંતી કરવામાં આવે છે. આ પોસ્ટમાં વિશ્વ બેંકને પણ ટેગ કરવામાં આવી હતી.

રસપ્રદ વાત એ છે કે પોસ્ટમાં 'inflicted' શબ્દ ખોટી રીતે લખવામાં આવ્યો હતો. જેથી શંકા ઊભી થઇ કારણ કે અકાઉન્ટ સંભાળતા અધિકારીઓ ભાગ્યે જ આવી મોટી ભૂલો કરતા હોય છે. આ પોસ્ટ ગુરૂવારે પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જમાં ૬૦૦૦થી વધુ પોઇન્ટના કડાકા બાદ આવી હતી. જો કે શુક્રવારે બજારમાં સુધાર જોવા મળ્યો હતો. સવારના ટ્રેડિંગ સત્રમાં ૧૦૦૦થી વધુ પોઇન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો.

ભારતના પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરોએ (પીઆઇબી) પણ પાકિસ્તાન સરકારની આ પોસ્ટ શેર કરી હતી અને તેની મજાક ઉડાવી હતી. આ પોસ્ટને લઇને સોશિયલ મીડિયા પર વિવિધ પ્રકારના મીમ્સ પણ શેર કરવામાં આવી રહ્યા છે. ■

# એર ઈન્ડિયાએ તેલ-અવીવની ફ્લાઈટ પચીસ મે સુધી સસ્પેન્ડ કરી

નવી દિલ્હી : એર ઈન્ડિયાએ શુક્રવારે જાહેરાત કરી હતી કે તેની તેલઅવીવ જતી અને ત્યાંથી આવતી ફ્લાઈટ ૨૫ મે સુધી સસ્પેન્ડ કરવામાં આવી છે. ચોથી મેએ તેલ અવિવ હવાઈમથકે મિસાઈલ હુમલાને પગલે એરલાઈન્સે તેની સેવા છ મે સુધી અને ત્યાર બાદ આઠ મે સુધી સ્થગિત કરી હતી. તેલ અવિવ જતું સીધું ઉડ્ડયન ફક્ત આ ભારતીય એરલાઈનનું છે. સામાન્ય રીતે એર ઈન્ડિયા દિલ્હીથી ઈઝરાયલના શહેરમાં પાંચ વીકલી ફ્લાઈટ ઓપરેટ કરે છે. એર ઈન્ડિયાએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે અમારી તેલ અવિવની ફ્લાઈટ ૨૫ મે સુધી સ્થગિત કરાઈ છે. જે ગ્રાહકો પાસે અધિકૃત ટિકિટ હશે તેને કાર્યક્રમ બદલવાના ચાર્જ માફ કરીને દિવસ બદલાવી નાખવામાં આવશે અથવા તો પૂરું રીફન્ડ અપાશે. ચોથી મેએ તેલ અવિવ પર મિસાઈલ હુમલો થતાં એરન્ડિયાને તેની ફ્લાઈટ અબુધાબી વાળવી પડી હતી. (એજન્સી) ■

# વોકી ટોકીના ગેરકાયદે વેચાણ માટે ઈ-કોમર્સનાં ૧૩ પ્લેટફોર્મને નોટિસ

નવી દિલ્હીઃ સરકારી વોચડોગ સીસીપીએ એ એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા ૧૩ ઈ-કોમર્સ પ્લેટફોર્મને તેમના પ્લેટફોર્મ પર વોકી-ટોકી ઉપકરણોના ગેરકાયદે વેચાણ માટે નોટિસ ફટકારી છે, જે ભારત અને પાકિસ્તાન વચ્ચે લશ્કરી સંઘર્ષના સમયે સુરક્ષા ચિંતાઓ ઊભી કરી શકે છે.

એક સત્તાવાર નિવેદનમાં, સરકારે શુક્રવારે જણાવ્યું હતું કે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ) એ ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર વોકી-ટોકીના ગેરકાયદેસર લિસ્ટિંગ અને વેચાણ સામે ૧૩ અગ્રણી ડિજિટલ માર્કેટપ્લેસને નોટિસ ફટકારી છે.

આ પ્લેટફોર્મ છેઃ એમેઝોન, ફ્લિપકાર્ટ, મીશો, ઓએલએક્સ, ટ્રેડઈન્ડિયા, ફેસબુક, ઈન્ડિયામાર્ટ, વરદાનમાર્ટ, જિયોમાર્ટ, કૃષ્ણમાર્ટ, ચિમિયા, ટોક પ્રો વાલી ટોકી અને માસ્કમેન ટૉય્સ.

આ કાર્યવાહી યોગ્ય ફ્રીક્વન્સી ડિસ્ક્લોઝર, લાઇસન્સિંગ માહિતી અથવા ઇક્વિપમેન્ટ ટાઇપ એપ્રુવલ (ઇટીએ) વગર વોકી-ટોકીના વેચાણ પર કેન્દ્રિત છે, જે ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૨૦૧૯નું ઉલ્લંઘન છે.

અગાઉ, કેન્દ્રીય ખાદ્ય અને ગ્રાહક પ્રધાન પ્રહલાદ જોશીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કેઃ ''આવા વાયરલેસ ઉપકરણોનું વેચાણ માત્ર કાયદાકીય જવાબદારીઓનું ઉલ્લંઘન કરતું નથી પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા કામગીરી માટે પણ નોંધપાત્ર જોખમો પેદા કરી શકે છે.''

આ ઉલ્લંઘનો ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ અને વાયરલેસ ટેલિગ્રાફી અધિનિયમ સહિત અનેક કાનૂની માળખાનું ઉલ્લંઘન કરે છે, એમ તેમણે જણાવ્યું હતું.

તેના પ્રારંભિક વિશ્લેષણમાં, સીસીપીએને એમેઝોન પર વોકી-ટોકીની ૪૬૭ સૂચિઓ, ફ્લિપકાર્ટ પર ૩૧૪, મીશો પર ૪૮૯ અને ટ્રેડઇન્ડિયા પર ૪૨૩ સૂચિઓ મળી છે, જે આ મુદ્દાના વ્યાપક પ્રમાણને દર્શાવે છે.

નિયમનકારે જાન્યુઆરી ૨૦૨૩થી આજ સુધી દરેક વેચનારના નામ અને સંપર્ક વિગતો, વોકી-ટોકી ઉપકરણોના ઉત્પાદન યુઆરએલ અને લિસ્ટિંગ આઇડી, ફ્રીક્વન્સી સ્પષ્ટીકરણોની વિગતો અને પ્રતિ લિસ્ટિંગ વેચાયેલા એકમોની સંખ્યા અંગે માહિતી માગી છે.

''વોકી-ટોકીનું ગેરકાયદેસર વેચાણ જાહેર સલામતીની ચિંતાનો વિષય છે. અમને ઈ-કોમર્સ વેબસાઇટ્સ પર આ ઉપકરણોની યાદીઓની ચિંતાજનક સંખ્યા મળી છે,'' સીસીપીએનાં ચીફ કમિશનર નિધિ ખરેએ જણાવ્યું. ■

# ભારત-પાક તણાવઃ નડ્ડાએ આરોગ્ય માળખાની સમીક્ષા કરી

નવી દિલ્હીઃ ભારત-પાકિસ્તાન લશ્કરી સંઘર્ષ વચ્ચે શુક્રવારે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે પી નડ્ડાએ દેશની હોસ્પિટલોમાં આરોગ્ય માળખાની તૈયારીઓની સમીક્ષા કરી હતી, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું.

બેઠક દરમિયાન, આરોગ્ય મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ તેમને આરોગ્ય સુવિધાઓની તૈયારીઓ વિશે માહિતી આપી હતી અને તેમને જણાવ્યું હતું કે નિયંત્રણ કેન્દ્ર દ્વારા સંપૂર્ણ દેખરેખ રાખવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, નડ્ડા અને તેમની ટીમે દેશભરની હોસ્પિટલો અને આરોગ્ય સુવિધાઓની તૈયારીઓનું મૂલ્યાંકન કર્યું હતું.

ઓપરેશન સિંદૂરના પગલે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વિવિધ મંત્રાલયોના સચિવો સાથે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી અને રાષ્ટ્રીય સુરક્ષા અને કાર્યકારી તૈયારીઓ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરતાં સતત સતર્કતા અને સ્પષ્ટ સંદેશાવ્યવહાર માટે હાકલ કરી હતી. ■

# ઈન્દોર દેશનું સૌ પ્રથમ ભિખારીમુક્ત શહેર બન્યું

ઈન્દોર : મધ્ય પ્રદેશનું ઇન્દોર દેશનું પ્રથમ ભિખારી મુક્ત શહેર બન્યું છે. ગુરુવારે એક વહીવટી અધિકારીએ આ દાવો કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે વહીવટીતંત્રે આ ઝુંબેશ શરૂ કરી તેના એક વર્ષ પહેલાં શહેરના રસ્તાઓ પર લગભગ ૫,૦૦૦ ભિખારીઓ હતા. જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ સિંહે ગુરુવારે પત્રકારોને જણાવ્યું હતું. ''ઇન્દોર દેશનું પ્રથમ ભિખારીમુક્ત શહેર બન્યું છે,'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે શહેરમાં ભિખારીઓને રોજગાર મેળવવામાં મદદ કરીને તેમનું પુનર્વસન કરવામાં આવ્યું હતું જ્યારે ભીખ માંગતા બાળકોને શાળાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ સિંહે કહ્યું, 'ભીખ માંગવાની પ્રથા નાબૂદ કરવા માટે અમે જે અભિયાન શરૂ કર્યું હતું તે પોતાનામાં એક મોડલ બની ગયું છે.' તેને કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય અને વિશ્વ બેન્કની ટીમ દ્વારા પણ માન્યતા આપવામાં આવી છે. ઇન્દોર એ ૧૦ શહેરોમાંનું એક છે જ્યાં કેન્દ્રીય મંત્રાલયે ભીખ માંગવાની પ્રથાને નાબૂદ કરવા માટે એક પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગના જિલ્લા કાર્યક્રમ અધિકારી રામનિવાસ બુધૌલિયાએ જણાવ્યું હતું કે ભીખ માંગવા સામેની ઝુંબેશ ફેબ્રુઆરી ૨૦૨૪માં શરૂ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે શહેરમાં લગભગ ૫,૦૦૦ ભિખારીઓ હતા, જેમાં ૫૦૦ બાળકોનો સમાવેશ થાય છે. બુધોલિયાએ કહ્યું, 'પહેલા તબક્કામાં અમે જાગૃતિ અભિયાન ચલાવ્યું. પછી ભિખારીઓનું પુનર્વસન કરવામાં આવ્યું. અમને ઘણા ભિખારીઓ પણ મળ્યા જે રાજસ્થાનથી ભીખ માંગવા માટે ઇન્દોર આવતા હતા.

જિલ્લા મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે શહેરમાં ભીખ માંગવાની સાથે સાથે ભિખારીઓને પૈસા આપવા કે તેમની પાસેથી કંઈપણ ખરીદવા પર પ્રતિબંધ છે અને અત્યાર સુધીમાં આ ઉલ્લંઘન માટે ત્રણ એફઆઈઆર નોંધવામાં આવી છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે ભિખારીઓ વિશે માહિતી આપનાર વ્યક્તિને ૧,૦૦૦ રૂપિયાનું ઇનામ આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં ઘણા લોકોને આ ઇનામ મળ્યું છે. ■

# ચીન માટે રાહત, ડોનલ્ડ ટ્રમ્પે ટૅરિફ ઘટાડીને ૮૦ ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો

વૉશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે શુક્રવારે ચીન પરના ટેરિફ ઘટાડીને ૮૦ ટકા કરવાનો પ્રસ્તાવ મુક્યો છે. આને બંને દેશો વચ્ચેના ટ્રેડ વોરને ઘટાડવાના પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે. બંને દેશો વચ્ચે સપ્તાહના અંતે યોજાનારી બેઠક પહેલા ટેરિફ ઘટાડવા આ પગલું લેવામાં આવ્યું છે. આ સપ્તાહના અંતે સ્વિટ્ઝર્લેન્ડમાં ઉચ્ચ સ્તરીય ચીની પ્રતિનિધિમંડળને અમેરિકાના ટોચના અધિકારીઓ મળવાના છે. ટ્રેડ વોર શરૂ થયા પછી બંને દેશો વચ્ચે આ પહેલી મોટી બેઠક હશે.

ટ્રમ્પ દ્વારા આયાત પર ઊંચા ટેરિફ લાદવાના નિર્ણય પછી ચીને પણ જવાબી કાર્યવાહી કરી હતી અને બંને દેશો વચ્ચે ટ્રેડ વોર જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. ટ્રમ્પે ટેરિફ લાદ્યા પછી એપ્રિલમાં, ચીને પણ જવાબમાં અમેરિકા પર ટેરિફની જાહેરાત કરી હતી. હવે ચીન સામે અમેરિકાનો ટેરિફ ૧૪૫ ટકા છે જ્યારે ચીને અમેરિકા પર ૧૨૫ ટકા ટેરિફ લાદ્યો છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે મંગળવારે જાહેરાત કરી હતી કે ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટ અને યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીર જિનેવામાં તેમના સમકક્ષોને મળશે. છેલ્લા કેટલાક મહિનામાં બંને દેશો વચ્ચે આ સૌથી વરિષ્ઠ સ્તરની વાટાઘાટો હશે. અમેરિકામાં ગ્રાહક માલના ભાવ અને પુરવઠા પર ડ્યૂટીની અસર અંગે વધતી ચિંતાઓ વચ્ચે ચીનથી આયાત થતી ચીજવસ્તુઓ પર કસ્ટમ ડ્યૂટી ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિશ્વના સૌથી મોટા નિકાસકાર અને બીજા ક્રમના સૌથી મોટા અર્થતંત્ર ચીનને અમેરિકાના ટ્રેડ વોરથી સૌથી વધુ નુકસાન થયું છે. ■


શ્રી મનમોહન પાર્શ્વનાથ નમઃ
ભાવભીની શ્રદ્ધાંજલિ





શ્રીમતી રશ્મિબેન પૃથ્વીરાજ શાહ
૦૭ / ૧૨ / ૧૯૫૦ થી ૦૮ / ૦૫ / ૨૦૨૫
આપની મધુર સ્મૃતિઓ, આપની નિર્મળ નિખાલસતા,
હૃદયમાં ઝંકૃત થઈ અમારી આંખોમાં અશ્રુધારા વહાવી જાય છે.
સદગત સ્મૃતિપૂષ્પ અર્પણ...
પ્રાર્થના સભા
તારીખઃ ૧૧/૦૫/૨૦૨૫, રવિવાર સમયઃ સવારે ૧૦ થી ૧૨
સ્થળ: જલારામ હોલ, હાટકેશ સોસાયટી, ઉ. દ. રોડ નં. ૬,
જુહુસ્કીમ, વિલે પાર્લે (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૬.
સાધર્મિક ભક્તિનો લાભ લેવા વિનંતી
શ્રી પૃથ્વીરાજ ચંદુલાલ શાહ
ધારીણી, સચીનભાઈ, માહિર.
શ્રી ચંદુલાલ મણિલાલ પટણી પરિવાર
શ્રી સેવંતીલાલ જેસંગલાલ શાહ (જાકુજીવાળા) પરિવાર


# રાણાને તિહાર જેલમાં રખાશે

નવી દિલ્હીઃ મુંબઈ પરના ૨૬ નવેમ્બરના આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાને ભારે સુરક્ષા વચ્ચે શુક્રવારે સાંજે તિહાર જેલમાં લઈ જવામા આવ્યો હતો. શુક્રવારે રાણાને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના ખાસ જજ ચંદરજિત સિંહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને જજે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં રાખવાનો હુકમ આપ્યો હતો. રાણાની કસ્ટડીના રિમાન્ડ શનિવારે પૂરા થતા હતા.

સૂત્રોએ કહ્યું હતું કે રાણાના જ્યુડિશિયલ કસ્ટડીની રિમાન્ડ મળતા તેને ભારે સુરક્ષા વચ્ચે જેલની અતિ સુરક્ષિત ઝોનમાં રાખવામાં આવ્યો હતો.

રાણા ૨૬ નવેમ્બરના આતંકવાદી હુમલાનો મુખ્ય કાવતરાબાજ અને અમેરિકન નાગરિક ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ ગિલાનીનો સાથીદાર હતો. રાણાની પ્રત્યર્પણની અરજી ચોથી એપ્રિલે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ઠુકરાવી દેતાં તેને ભારત લાવવામાં આવ્યો હતો. (એજન્સી) ■

# રાજધાનીમાં વધુ સાયરન લગાવાશે

નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા લશ્કરી સંઘર્ષને ધ્યાને લઇને રાષ્ટ્રીય રાજધાનીમાં કેટલીક ઊંચી ઇમારતોમાં હવાઇ હુમલાના સાયરન લગાવવામાં આવશે. આ જાણકારી દિલ્હીના પીડબ્લ્યુડી પ્રધાન પરવેશ વર્માએ શુક્રવારે આપી હતી. નાગરિક સંરક્ષણ નિયામકે શુક્રવારે બપોરે આઇટીઓ ખાતે પીડબ્લ્યુડી બિલ્ડિંગની ઉપર મૂકવામાં આવેલા હવાઇ હુમલાના સાયરનનું ૧૦ થી ૧૫ મિનિટ સુધી પરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન લોકોને ઇમારતોના ભોંયરામાં આશ્રય લેવાની પણ સૂચના આપવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું કે સાયરન વગાડવાનો હેતુ ઉપકરણોની કાર્યક્ષમતા ચકાસવાનો અને કોઇપણ પરિસ્થિતિ માટે તૈયાર રહેવાનો હતો. આ કવાયત દિલ્હીમાં રાષ્ટ્રવ્યાપી ઓપરેશન અભ્યાસના ભાગ રૂપે નાગરિક સંરક્ષણ મોક ડ્રિલના થોડા દિવસો પછી થઇ રહી છે. જેમાં હવાઇ હુમલા, બહુવિધ આગની કટોકટી અને શોધ અને બચાવ કામગીરી જેવી અનેક પ્રતિકૂળ પરિસ્થિતિઓનું અનુકરણ કરવામાં આવ્યું હતું. દિલ્હીના પીડબ્લ્યુડી પ્રધાને જણાવ્યું કે શુક્રવાર રાતથી બહુમાળી અને ઊંચી ઇમારતોની ટોચ પર ૪૦ થી ૫૦ સાયરન લગાવવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય કટોકટી દરમિયાન એક મહત્ત્વપૂર્ણ ચેતવણી પ્રણાલી તરીકે કામ કરવાનો છે. વર્માએ જણાવ્યું કે બધા સાયરન એક સમર્પિત કમાન્ડ સેન્ટરથી ચલાવવામાં આવશે અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ(એનડીએમએ) દ્વારા સંચાલિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે કટોકટીની સ્થિતિમાં પાંચ મિનિટ સુધી સાયરન વગાડવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે શુક્રવારે પરીક્ષણ કરાયેલ સાયરન આઠ કિમીના વિસ્તારમાં સાંભળી શકાશે. આ પરીક્ષણ પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે કરવામાં આવ્યું છે. જેમાં ૨૬ લોકોનાં મોત નીપજ્યાં હતાં. ■


... આભાર સાથે અભિનંદન...





સદ્‌ગુરુ ભગવાન શ્રી વાલરામ પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ અંતર્ગત
શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ
શ્રી જખૌ ભાનુશાલી મહાજન, શ્રી કચ્છી ભાનુશાલી દેશ મહાજન,
શ્રી નલિયા ભાનુશાલી મહાજન એવમ્ શ્રી અખિલ ભારતીય હરિઓમ પરિવાર
આયોજિત





પાવન ભૂમિ જખૌ કચ્છમાં પરમ પૂજ્ય શ્રી હરિદાસજી મહારાજના પાવન સાનિધ્યમાં **ત્રિદિવસીય પ્રાણઃ-ભાવ પ્રતિષ્ઠા મહામહોત્સવ એવમ્ પંચાવનમાં સમુહ લગ્ન મહોત્સવ**માં પધારી મહામહોત્સવને સુંદર, મનોહર, સુખદ, રસદ તથા મહેકતું કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવનાર આપ સર્વે ઓધવપ્રેમીઓ, સર્વે ભાનુશાલી મહાજનો-મંડળો એવમ્ સનાતન સંસ્કૃતિને સમર્પિત સર્વ સમાજો-ધર્મપ્રમિઓ, **ભારતના લાડલા માનનીય પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી** દ્વારા મળેલ શુભેચ્છા સંદેશ તથા જખૌ-કચ્છની સંતભૂમિ ઉપર પધારેલ **ગુજરાતના લાડીલા મુખ્ય મંત્રી માનનીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ**, કચ્છ સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, કચ્છ ભાજપાના પ્રમુખ શ્રી દેવજીભાઈ વરચંદ, શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (ધારા સભ્ય - અબડાસા), શ્રી કેશુભાઈ પટેલ (ધારા સભ્ય-ભુજ), શ્રી ત્રિકમભાઈ છાંગા (ધારા સભ્ય - અંજાર), શ્રી માલતીબેન મહેશ્વરી (ધારા સભ્ય - ગાંધીધામ), શ્રી અનીરૂદ્ધભાઈ દવે (ધારા સભ્ય - માંડવી), શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (ધારા સભ્ય - રાપર), દાતા પરિવારો, સતિ, યતિ, જોગી, સંત - મહાત્માઓ, ઓધવ મહારાસમાં ભાગ લેનાર માતા ચાગભાઈની અંશ સ્વરૂપા સર્વે ભગીનીઓ, યજ્ઞકર્મ તથા પ્રતિષ્ઠા કર્મને સંપન્ન કરાવનાર વેદ પાઠી બ્રાહ્મણ મિત્રો, યજ્ઞ તથા પ્રતિષ્ઠામાં ભાગ લેનાર સર્વે યજમાનશ્રીઓ, સમુહલગ્નના સંયોજકો, તન, મન, ધનથી સેવા કરનાર સર્વે લાભાર્થીઓ, પ્રભુતામાં પગલા પાડનાર નવદંપતિઓ, સર્વે સ્વયંસેવકો, સમાચાર પત્ર તથા તેમના ખબરપત્રીઓ, ન્યાયપાલિકા તથા કાર્યપાલિકાના સર્વે પ્રતિનિધીઓ, જલઆપુર્તિ, વિદ્યુતઆપુર્તિ, સંરક્ષણ વિભાગના પદાધિકારીઓ, સફાઈ કર્મીઓ, સંતવાણીના સૌ કલાકાર મિત્રો તથા વાદ્ય કલાકારો, મંડપ સથા સાઉન્ડ સર્વિસના સહયોગીઓ, ઓધવ મહા પ્રસાદ, ચા-પાણી, ફળ, રસ, આદી વિભાગ સંભાળનાર સાથીઓ, આવાસ નિવાસ સર્જકો તથા સંરક્ષકો, પરિવહન તથા પાર્કિંગ વિભાગ સંચાલક મિત્રો એવમ્ ગુપ્ત - પ્રગટ ઓધવપ્રેમી **સૌ સહયોગીઓનું ઓધવ પ્રાણપ્રતિષ્ઠા મહામહોત્સવ સમિતિ હૃદયપૂર્વક આભાર માને છે તથા આ ઐતિહાસિક મહોત્સવને સફળ બનાવવા બદલા આપને અંતઃકરણપૂર્વક અભિનંદન પાઠવે છે.** સમિતીના હરિૐ
વ્યવસ્થામાં રહી ગયેલ ત્રુટીઓ બદલ
મહા - મહોત્સવ સમિતિ આપશ્રીની ક્ષમાપ્રાર્થી છે
Parth Media

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બંને એનસીપીના એક થવા વિશે પવાર સાહેબ બોલે પછી હું શું બોલું?: સુપ્રિયા સુળે

સાતારા: રાજ્યના રાજકારણમાં અત્યારે એક જ ચર્ચાસ્પદ મુદ્દો છે, કે શું બે એનસીપી સાથે આવશે? એનસીપી (એસપી)ના વડા શરદ પવારે કહ્યું હતું કે પાર્ટીમાં એક મતપ્રવાહ છે કે પાર્ટીએ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળની પાર્ટી સાથે જવું જોઈએ. આના પર રાજ્યના રાજકારણમાં ઘણી ચર્ચાઓ શરૂ થઈ હતી. તે ઉપરાંત, પવારે કહ્યું હતું કે, સુપ્રિયા સુળેએ નક્કી કરવું જોઈએ કે કેન્દ્રમાં વિપક્ષમાં બેસવું કે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે સુપ્રિયા સુળે અને અજિત પવારે સાથે બેસીને બંને એનસીપીના વિલિનીકરણ અંગેનો નિર્ણય લેવો જોઈએ. ઉપરાંત, જો ભવિષ્યમાં બધા એક સમાન વિચારધારાવાળા ભેગા થાય તો મને નવાઈ લાગશે નહીં. આ બાબતે જ્યારે સુપ્રિયા સુળેને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે પવાર સાહેબ બોલે પછી હું શું કહી શકું?

મેં તે (વિલિનીકરણ અંગે શરદ પવારનું નિવેદન) વાંચ્યું નથી. હું ગઈકાલે સર્વપક્ષી બેઠક માટે દિલ્હીમાં હતી. ત્યારબાદ, નવા આવકવેરા કાયદા અંગે એક બેઠક હતી, તેથી હું ગઈકાલે મોડી રાત સુધી એ જ કામમાં વ્યસ્ત હતી. હું મોડી રાત્રે પુણે આવી અને સવારે ઉઠીને સાતારા આવી. હું તમને આ બધા વિશે વિગતવાર જણાવીશ, એમ સુપ્રિયા સુળેએ કહ્યું હતું.

મેં આ મુદ્દો સાંભળ્યો નથી કે વાંચ્યો નથી. આ બંને વાંચ્યા પછી હું ચોક્કસ માહિતી મેળવીશ, મને આમાં અત્યારે કોઈ જાણકારી નથી. જોકે, પવાર સાહેબે જે કહ્યું છે તેના પર હું કેવી રીતે બોલી શકું? એમ સુપ્રિયા સુળેએ જવાબ આપ્યો હતો.

મહારાષ્ટ્રના ઘણા નેતાઓ વિવિધ સ્થળોએ કાર્યક્રમોમાં મળે છે. કાર્યકરોમાં ઉત્સાહ રહેશે. બીજાઓને ખુશ કરવામાં હંમેશા આનંદ રહેશે. શું મારી પાસે બધા સાથે ચર્ચા કર્યા વિના એક પણ મુદ્દો છે? જ્યારે હું સંગઠનમાં કામ કરું છું, ત્યારે પવાર સાહેબ કયા સંપર્કમાં હતા? તેમણે ઇન્ટરવ્યૂ ક્યાં આપ્યો હતો? હું બધા સાથે ચર્ચા કર્યા વિના અને બધાની માહિતી મેળવ્યા વિના કેવી રીતે બોલી શકું. સંગઠનમાં કામ કરતી વખતે, આપણે શું બોલીએ છીએ તે માપવું જોઈએ અને જવાબદારીપૂર્વક બોલીએ છીએ.

### ખીચડીકાંડ

# ઉદ્ધવ-સેના અને શિંદે-સેનાના આઠ જણ સામે ઇઓડબલ્યુની ચાર્જશીટ

મુંબઈ: કથિત ખીચડી કૌભાંડમાં એફઆઈઆર નોંધ્યાના વીસ મહિના પછી, મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખા (ઇઓડબલ્યુ)એ શુક્રવારે શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતના નજીકના સાથી સુજીત પાટકર, શિવસેના (યુબીટી)ના નેતા અમોલ ગજાનન કીર્તિકર અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાના નેતા સંજય માશિલકર અને તેમના બે પુત્રો સહિત આઠ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી છે.

કોવિડ પ્રેરિત લોકડાઉન દરમિયાન મુંબઈમાં સ્થળાંતર કરનારાઓને ખીચડી વિતરણમાં ૬.૨૭ કરોડ રૂપિયાના કૌભાંડની તપાસ કરતી વખતે, ઇઓડબલ્યુએ શોધી કાઢ્યું છે કે આરોપીઓ ગેરકાયદે કૃત્યોમાં સામેલ હતા અને રૂ. ૧૪.૫૭ કરોડ રૂપિયાનો ખોટો ફાયદો મેળવ્યો હતો.

ઇઓડબ્લ્યુએ શુક્રવારે એક નિવેદન બહાર પાડ્યું અને કહ્યું કે ચાર્જશીટ દાખલ કરવા માટે પૂરતા પુરાવા મળ્યા બાદ, તેઓએ એસ્પ્લેનેડ કોર્ટમાં ૪૭મી કોર્ટ સમક્ષ ખીચડી કૌભાંડમાં ચાર્જશીટ દાખલ કરી છે. ઇઓડબ્લ્યુના નિવેદન મુજબ, સુનીલ રામચંદ્ર કદમ ઉર્ફે બાલા કદમ, રાજીવ સાળુંખે, સુજીત પાટકર, સંજય માશિલકર, પ્રાંજલ માશિલકર, પ્રીતમ માશિલકર, સૂરજ ચવ્હાણ અને અમોલ ગજાનન કીર્તિકર સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

# અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિના પરિવારને ૩૭.૬ લાખનું વળતર

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રીબ્યુનલ (એમએસીટી)એ ૨૦૧૯માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલી એક વ્યક્તિના પરિવારને ૩૭.૬ લાખ રૂપિયાનું વળતર મંજૂર કર્યું છે. એમએસીટીના ચેરમેન એસ.બી.અગ્રવાલે આ અકસ્માતમાં સંડોવાયેલી કન્ટેનર ટ્રકના માલિક અને વીમા કંપની બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડને સંયુક્ત રીતે અને વિવિધ રીતે વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. છઠ્ઠી મેએ આપવામાં આવેલા આદેશની એક નકલ શુક્રવારે ઉપલબ્ધ થઈ હતી. અરજદારો તરફથી હાજર રહેલા વકીલ પીએમ ટીલ્લુએ ટ્રિબ્યુનલને માહિતી આપી હતી કે આ અકસ્માત ૨૪ માર્ચ, ૨૦૧૯ના દિવસે થયો હતો. અકસ્માતમાં મૃત્યુ પામનાર કુણાલ ગોડબોલે એ સમયે સ્કૂટર પર થાણે સ્થિત પોતાની ઓફિસ તરફ જઈ રહ્યો હતો ત્યારે એક ઝડપી કન્ટેનર ટ્રકે તેના સ્કૂટરને પાછળથી ટક્કર મારી હતી. ટક્કર વાગતા ગોડબોલેને માથામાં ગંભીર ઈજા થઈ હતી હતી અને તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. ત્યારબાદ કન્ટેનરના ડ્રાઈવર સામે ગુનો નોંધાયો હતો. (પીટીઆઈ)

# ઉલ્હાસનગરના જવાનનું વડોદરામાં ફરજ પર મૃત્યુ

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લાના કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (સીઆઈએસએફ)ના ૩૯ વર્ષના જવાનનું ગુજરાતના વડોદરામાં ફરજ દરમિયાન હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. સીઆઈએસએફનો કર્મચારી નરેશ નિકમ જિલ્લાના ઉલ્હાસનગર વિસ્તારનો હોવાની જાણકારી પોલીસના સૂત્રે આપી હતી. એને જીવિત રાખવાની કોશિશ નિષ્ફળ રહેતા ગુરુવારે એને ઘટનાસ્થળે મૃત જાહેર કરાયો હતો એમ આ સૂત્રે વધુમાં જણાવ્યું હતું.

શુક્રવારે વહેલી સવારે તેમના પાર્થિવ દેહને તેમના વતન લાવી સંપૂર્ણ સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. એક સ્થાનિક અધિકારીએ જણાવ્યું હતું કે 'જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સરકાર અને સીઆઈએસએફની કાર્યવાહી મુજબની તમામ જરૂરી ઔપચારિકતાઓનું પાલન કરવામાં આવ્યું હતું.' (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## મેડિકલ ઈમર્જન્સી

જીવન રક્ષક દવાઓનો સ્ટોક કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. દરેક શાખામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટાસ્ક ફોર્સની સ્થાપના કરવાની પણ ભલામણ કરવામાં આવી છે, જેમાં વરિષ્ઠ ચિકિત્સકો, સર્જનો, એનેસ્થેટિસ્ટ્સ, ઇમરજન્સી ફિઝિશિયન્સ અને સ્વયંસેવકોનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)

## થાણે-વાશી લોકલ

૪ વાગ્યા સુધી બ્લોક રાખ્યો હતો. જોકે, પાછળથી ખબર પડી કે જે ગર્ડર બેસાડવામાં આવ્યા હતા તે નમેલા હતા. રેલવેએ મુસાફરોને થયેલી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ તેમની મુસાફરીનું આયોજન કરતા પહેલા માહિતી તપાસે. રેલવે હેલ્પલાઇન નંબર અને વેબસાઇટ પર પણ માહિતી ઉપલબ્ધ છે.

## વિલેપાર્લેમાં

બાઈક નાયર ચલાવી રહ્યો હતો. બાઈક ટેમ્પો સાથે ટકરાતાં બન્ને યુવક ગંભીર રીતે ઘવાયા હતા. સ્થાનિક રહેવાસીઓ બન્નેને કૂપર હૉસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.આ પ્રકરણે ખંડાગળેના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે વિલે પાર્લે પોલીસે ટેમ્પો ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

## મેટ્રો પ્રોજેક્ટ

રૂટ પર વાહનોની સંખ્યામાં લગભગ ચારથી પાંચ લાખનો ઘટાડો કરશે. આનાથી ઘણું બળતણ અને સમય બચશે. દેશનું સૌથી મોટું મેટ્રો નેટવર્ક મુંબઈમાં બની રહ્યું છે. નાગરિકોની જરૂરિયાતોને ઓળખીને કામ કરવામાં આવી રહ્યું છે. આનાથી રસ્તાઓ પર ટ્રાફિકની ભીડ ઓછી કરવામાં મદદ મળશે. મેટ્રોનું કામ પૂર્ણ થયા પછી, રસ્તા પર વાહનોની સંખ્યા ૫૦ ટકા ઘટી જશે. તેથી, મેટ્રો પ્રોજેક્ટ બૃહદ મુંબઈના લોકો માટે વરદાનરૂપ બનશે.

## મુરલી નાઈક

૨૦૨૨માં લશ્કરી દળમાં જોડાયા હતા અને તેમને ટ્રેનિંગ દેવલાલી, નાશિક ખાતે લીધી હતી. સૌથી પહેલા મુરલી આસામમાં તહેનાત હતા અને ત્યાર બાદ પંજાબ અને છેવટે ઊરીમાં તેમને ફરજ પર મૂકવામાં આવ્યા હતા. તેના પિતા શ્રીરામ નાઇક અને માતા જ્યોતિ નાઇક ઘાટકોપરના પંતનગરમાં રહે છે. મુરલી નાઇકની અંતિમવિધિ તેના આંધ્ર પ્રદેશના મૂળ ગામ કલ્કી તાંડા, જિલ્લો સત્યસાઇ નગર ખાતે શનિવારે સાંજે થશે.

## ઍરપોર્ટ પર તહેનાત

ભાયખલામાં રહેતા એમ. આર. એચ. અન્સારીને આંતરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન અન્સારી પાસેથી બ્લૅક ટેપ ચીટકાવેલું એક પૅકેટ મળી આવ્યું હતું. પૅકેટ ખોલતાં વૅક્સમાં સંતાડેલી ગૉલ્ડ ડસ્ટ મળી આવી હતી, જેની કિંમત અંદાજે ૫૭.૩૪ લાખ રૂપિયા હોવાનું જાણવા મળ્યું હતું.

પૂછપરછમાં અન્સારીએ જણાવ્યું હતું કે આ સોનું તસ્કરીથી ભારતમાં લાવવામાં આવ્યું હતું. સીઆઈએસએફના જવાન એ. ઢાલેએ તેને આ સોનું આપ્યું હતું. સોનું ઍરપોર્ટ બહાર લઈ જવા માટે તેને નાણાં મળવાનાં હતાં. આર્થિક લાભ માટે તે આ કામમાં જોડાયો હતો. ઢાલે એ અગાઉ પણ તેને આ રીતે સોનું ઍરપોર્ટ બહાર લઈ જવા આપ્યું હતું, એવો દાવો અન્સારીએ કર્યો હતો. ઍરપોર્ટ બહાર સંબંધિત વ્યક્તિ સુધી સોનું પહોંચાડ્યા બાદ અન્સારીને નાણાં મળવાનાં હતાં. અન્સારીની કબૂલાતને આધારે અધિકારીઓએ નવી મુંબઈના ખારઘર પરિસરમાં રહેતા ઢાલેની ધરપકડ કરી હતી. આ પ્રકરણે એઆઈયુના અધિકારીઓ વધુ તપાસ કરી રહ્યા છે.

## સિદ્ધિવિનાયક મંદિર

પર ફરજિયાત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મંદિરમાં પ્રવેશ કરતી વખતે ભક્તોને હવે મોબાઇલ ફોન, પાવર બૅંક અને લેપટોપ જેવા ઉપકરણો સાથે રાખવાની મંજૂરી નથી. સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા મંદિર પરિસરમાં ૨૪ કલાક ભક્તોની ભીડ અને અવરજવર પર ચાંપતી નજર રાખવા સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સુરક્ષા કર્મચારીઓને ખાસ ટ્રેનિંગ આપવામાં આવી છે અને શંકાસ્પદ વ્યક્તિ અથવા વસ્તુઓ જોવા મળે તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સરહદ પર તણાવના પગલે મુંબઈમાં તંત્ર સાવધ થઈ ગયું છે. ગૃહ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ પહેરો વધારવામાં આવ્યો છે. પોલીસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સી, નાગરિક સંરક્ષણ દળો, એનસીસી, એનએસએસ વગેરે સજ્જ રાખવામાં આવ્યા છે. સંવેદનશીલ સ્થળો પર પોલીસ બંદોબસ્ત વધારી દેવામાં આવ્યો છે. તારાપુર, બીએઆરસી, મહત્ત્વપૂર્ણ ધાર્મિક સ્થળો, પર્યટન સ્થળો અને લોકોની ભીડ હોય તેવા સ્થળો પર સુરક્ષા વધારી દેવામાં આવી છે.

## ઍરપોર્ટ નજીક

આ માહિતીને તપાસ યંત્રણાઓએ ગંભીરતાથી લીધી હતી. સ્થાનિક સાકીનાકા પોલીસ સહિત અન્ય તપાસ યંત્રણા પણ ડ્રોનની શોધમાં લાગી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ મળસકે પાંચ વાગ્યાથી કોમ્બિંગ ઑપરેશન હાથ ધરાયું હતું. ઝૂંપડપટ્ટી સુધીના પરિસરમાં સઘન તપાસ કર્યા છતાં ડ્રોનની કોઈ માહિતી મળી નહોતી. તપાસ બાદ આ માહિતી ખોટી હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

## બીકેસી-વરલી મેટ્રો

દેવેન્દ્ર ફડણવીસે ઉદ્‌ઘાટન કર્યા બાદ જણાવ્યું હતું કે છેલ્લો તબક્કો ઑગસ્ટ-૨૦૨૫માં પૂરો થવાની શક્યતા છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આ ઉદ્‌ઘાટન સમારોહ શહેરમાં કનેક્ટિવિટી વધારવા તરફનું વધુ એક પગલું છે. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી)ના જણાવ્યા અનુસાર આ સેગમેન્ટ પર મુસાફરોની સેવાઓ શનિવાર, ૧૦ મેના રોજ સવારે ૬:૦૦ વાગ્યે શરૂ થશે.

મુંબઈ મેટ્રો લાઈન ૩ એ શહેરનો પહેલો સંપૂર્ણપણે ભૂગર્ભ મેટ્રો કોરિડોર છે. એકવાર પૂર્ણ થયા પછી તે ૩૩.૫ કિલોમીટર રહેશે, જે દક્ષિણ મુંબઈના કોલાબાને ઉત્તરમાં આરે કોલોની સાથે જોડશે અને રૂટ પર ૨૭ સ્ટેશનો હશે. નવા ખુલેલા ૯.૭૭ કિ.મી.ના મુખ્ય સ્ટેશનોમાં ધારાવી, સીતલાદેવી, દાદર, સિદ્ધિવિનાયક, વરલી અને આચાર્ય અત્રે ચોકનો સમાવેશ થાય છે. આ તબક્કામાં એક નોંધપાત્ર એન્જિનિયરિંગ સિદ્ધિ ધારાવી અને બીકેસી વચ્ચેનો ભાગ છે, જે મીઠી નદીની નીચેની ટનલ છે. અગાઉ, આરે જેવીએલઆરથી બીકેસી સુધીનો ૧૨.૬૯ કિ.મી.નો પહેલો તબક્કો ગયા વર્ષે જ કાર્યરત થઈ ગયો હતો. ફેઝ ૨-અના ઉમેરા સાથે, ફેઝ ૩ના ભાગરૂપે, વરલીથી કફ પરેડ સુધીનો ફક્ત છેલ્લો ૧૩ કિ.મી.નો ભાગ બાંધકામ હેઠળ બાકી રહે છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે આ તબક્કો વડા પ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તે ખુલ્લો મુકાવાનો હતો, પરંતુ પ્રવર્તમાન સ્થિતિને કારણે તેઓ આવી શક્યા નહોતા અને હવે ઑગસ્ટ-૨૦૨૫માં અંતિમ તબક્કાનું ઉદ્‌ઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તે કરવામાં આવશે. ફક્ત બીકેસી-વરલી વિભાગ જ આ બે વ્યસ્ત કેન્દ્રો વચ્ચેનો મુસાફરીના સમયમાં ૩૬ મિનિટનો ઘટાડો કરવાનો દાવો કરે છે. આ લાઇન હવે ધારાવી, દાદર અને સિદ્ધિવિનાયક સહિતના મહત્વપૂર્ણ શહેરી વિસ્તારોમાંથી પસાર થાય છે.

ઓક્ટોબર ૨૦૨૪માં આરે-બીકેસી તબક્કાની શરૂઆત થઈ ત્યારથી મેટ્રો લાઇન ૩માં દૈનિક સરેરાશ ૨૫,૦૦૦ મુસાફરો મુસાફરી કરે છે. અધિકારીઓને અપેક્ષા છે કે દક્ષિણ વિસ્તાર ગીચ વસ્તીવાળા વાણિજ્યિક અને રહેણાંક વિસ્તારોને આવરી લેતા આ આંકડો નોંધપાત્ર રીતે વધશે. બાંધકામ દરમિયાન હાંસલ કરાયેલા મુખ્ય એન્જિનિયરિંગ પરાક્રમોમાં મીઠી નદી નીચે પડકારજનક ટનલ ખોદવાનો સમાવેશ થાય છે. સેવા આવર્તન અને ટ્રેન પ્રવાહને શ્રેષ્ઠ બનાવવા માટે આચાર્ય અત્રે ચોક અને સીએસએમટી ખાતે ઓપરેશનલ ક્રોસઓવર પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ લાઇન, જોકે સત્તાવાર રીતે એકબીજા સાથે જોડાયેલી નથી, તેમ છતાં મેટ્રો ૨-અ, મેટ્રો ૭ અને મેટ્રો ૧ સાથે અનૌપચારિક જંક્શન શેર કરે છે, જેનાથી મુંબઈના પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોમાં એક સંકલિત પરિવહન નેટવર્ક બને છે.

## મહારાષ્ટ્રના આરોગ્ય

આવ્યો છે, એમ નિવેદનમાં જણાવાયું છે. મુખ્ય પ્રધાને નિર્દેશ આપ્યો છે કે રાજ્યના ૩૬ જિલ્લાઓમાં દરેકમાં તૈયારી માટે મૉક ડ્રિલ હાથ ધરવામાં આવે. દરેક જિલ્લામાં એક વોર રૂમ સ્થાપિત કરવામાં આવે, એમ તેમાં જણાવાયું છે.

બ્લેકઆઉટ દરમિયાન હોસ્પિટલો સાથે સંકલન મશિનરી સ્થાપિત કરવી જોઈએ. તેવી જ રીતે આવા સમયે બેકઅપ પાવર સ્ટેન્ડ-બાય પર રાખવો જોઈએ. બહારથી પ્રકાશ ન દેખાય તે માટે શ્યામ પડદા અને બારીના કાચનો ઉપયોગ કરવો જોઈએ.

મુખ્ય પ્રધાને વહીવટીતંત્રને બ્લેકઆઉટ દરમિયાન શું કરવાની જરૂર છે તે અંગે જાગૃતિ લાવવા પણ કહ્યું. તેમણે મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશની તમામ હાઉસિંગ સોસાયટીઓ સાથે સમાન ઝુંબેશ શરૂ કરવાની સૂચના પણ આપી, એમ તેમણે જણાવ્યું હતું. કેન્દ્રની 'યુદ્ધ પુસ્તક' જે યુદ્ધ દરમિયાન સરકારના પ્રતિભાવ અને કાર્યોની રૂપરેખા આપે છે, તેનો અભ્યાસ કરવો જોઈએ અને મુખ્ય માહિતી જમીન સ્તરે શેર કરવી જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું.

ફડણવીસે એમ પણ કહ્યું હતું કે સાયબર ક્રાઇમ વિભાગે દરેક જિલ્લામાં સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર નજર રાખવી જોઈએ જેથી પાકિસ્તાનને કોણ મદદ કરી રહ્યું છે તે શોધી શકાય. 'દુશ્મનને મદદ કરનારા અને ખોટા સમાચાર ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે,' એમ તેમણે કહ્યું હતું. મુખ્ય પ્રધાને ટાંકીને નિવેદનમાં જણાવાયું છે કે કટોકટીને પહોંચી વળવા માટે જરૂરી વસ્તુઓ ખરીદવા માટે શુક્રવારે જ દરેક જિલ્લાને કટોકટી ભંડોળ પૂરું પાડવામાં આવશે. પોલીસને કોમ્બિંગ ઓપરેશન અને બંદોબસ્ત વધારવાનું કહેવામાં આવ્યું છે, પરંતુ જે લોકો સેનાની તૈયારીઓનું વીડિયો રેકોર્ડિંગ કરે છે અને સોશ્યલ મીડિયા પર શેર કરે છે તેમની સામે કેસ નોંધવા જોઈએ. ફડણવીસે દરિયાકાંઠાની સુરક્ષા વધારવા માટે અધિકારીઓને માછીમારીના ટ્રોલર્સ ભાડે લેવા પણ કહ્યું. બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે ચર્ચામાં વીજળી અને પાણી પુરવઠા સહિત મહત્વપૂર્ણ સ્થાપનોને સુરક્ષિત કરવા, ડ્રોનની ગતિવિધિઓ પર નજર રાખવી, સાયબર સુરક્ષાને મજબૂત બનાવવી, તબીબી સેવાઓને સક્રિય રાખવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મુંબઈમાં સીસીટીવી કેમેરાની કામગીરીને મજબૂત બનાવવા અને તમામ એજન્સીઓ વચ્ચે સામૂહિક સંકલન સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. અમે લોકોમાં કોઈ ગભરાટ ન રહે અને દરિયાકાંઠાની સુરક્ષાને વધારવાના રસ્તાઓ પર પણ ચર્ચા કરી, એમ શિંદેએ કહ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાને કહ્યું કે આગામી બેથી ત્રણ દિવસમાં તેઓ સેના, નૌકાદળ અને કોસ્ટ ગાર્ડ સાથે વાતચીત કરશે અને મુંબઈ અને મહારાષ્ટ્રને કોઈપણ કિંમતે સુરક્ષિત રાખવા માટે રાજ્ય સરકારે શું કરવાની જરૂર છે તેની માહિતી મેળવીની મુંબઈને સુરક્ષિત રાખવા માટે પગલાં લેશે. આજે વહેલી સવારે ફડણવીસે કહ્યું કે પોલીસ, કોસ્ટ ગાર્ડ અને નેવી મહારાષ્ટ્રમાં એલર્ટ મોડ પર છે અને તમામ એસઓપી (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર)નું પાલન કરવામાં આવી રહ્યું છે. રાજ્યના દરિયાકાંઠાના રક્ષણ માટે લેવામાં આવી રહેલા પગલાં અંગેના પ્રશ્નનો જવાબ આપતા તેઓ આ વાત કહી રહ્યા હતા. પોલીસ, નૌકાદળ અને કોસ્ટ ગાર્ડ એલર્ટ મોડ પર છે. નિયમિત કવાયતો હાથ ધરવામાં આવી રહી છે, અને યુદ્ધના નિયમો મુજબ જે પણ પગલાં લેવાની જરૂર હોય તે તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે.

## ગાંજાનું સેવન

ગાંજાનું સેવન શિક્ષિત યુવાનોમાં ઘણી ડિમાન્ડ છે. આ ગાંજો ઊંચી કિંમતે વેચાતો હોવાનું પોલીસનું કહેવું છે. ઓશિવરાના લોખંડવાલા વિસ્તારમાં ગાંજો વેચવા એક તસ્કર આવવાનો હોવાની માહિતીને આધારે ઘાટકોપર યુનિટના અધિકારીઓએ છટકું ગોઠવ્યું હતું. પકડાયેલા શખસ પાસેથી અંદાજે ૨.૪ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો.

બીજી બાજુ, એએનસીના વરલી યુનિટે દાદરમાં કૅટરિંગ કૉલેજ નજીકથી ડ્રગ્સ તસ્કરને તાબામાં લીધો હતો. તેની પાસેથી પણ અંદાજે ૩.૫૫ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો મળી આવ્યો હતો. અધિકારીઓ પકડાયેલા આરોપીની વધુ પૂછપરછ કરી રહ્યા છે. એએનસીના ઘાટકોપર યુનિટે પણ ડ્રગ્સ તસ્કર વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. પવઈના સાકીવિહાર રોડ પરથી એક શખસને તાબામાં લઈ તેની પાસેથી ૨૧.૬૦ લાખ રૂપિયાનું એમડી જપ્ત કરવામાં આવ્યું હતું.

# હિન્દુ મરણ

**ખંભાત દશા દીશાવાળ વણિક**

પ્રકાશભાઈ શાહ (ઉં. વ. ૭૭) તે રેખાબેનના પતિ. તે સ્વ. કાંતીલાલ અને સ્વ. જમનાબેનના પુત્ર. અવનિ અને માનસીના પિતા. નીલાબેન, સ્વ. પ્રવિણાબેન અને કિશોરભાઈના ભાઈ. તે જીજ્ઞેશ અને પિનાલના સસરા. સ્વ. આણંદીબેન વાડીલાલ શાહના જમાઈ તા. ૮-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૦-૫-૨૫ સાંજે ૫ થી ૭. વનિતા વિશ્રામ હોલ, રિલાયન્સ હોસ્પિટલ નજીક, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦૦૦૪.

**દશા સોરઠીયા વણિક**

મુંબઈ નિવાસી હાલ કાંદિવલી, ઈલા પ્રમોદ વખારીયાના નાના પુત્રવધૂ બિપાશા (ઉં. વ. ૪૮) ગુરુવાર, ૮-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે કપીલના પત્ની. ઉમંગના માતા. કુ. પ્રવિણા તથા સરોજ હરકિશનદાસ ધ્રુવના ભત્રીજાવધૂ. ધવલના નાનાભાઈના પત્ની. કેજલના દેરાણી. અપરાજીતા નિશિત બિશ્વાસના સુપુત્રી. પ્રાર્થનાસભા: શનિવાર, તા. ૧૦-૫-૨૫ના બપોરે ૪ થી ૬. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**વડનગર નાગર બ્રાહ્મણ (સુરત)**

કુ. દેવયાની ઘનશ્યામ શુક્લ (ઉં. વ. ૯૩) તા. ૬-૫-૨૫ના દ્વારકેશચરણ પામ્યા છે. તે ઘનશ્યામ શુક્લ અને વીણા શુક્લના સુપુત્રી. સ્વ. દરસુબનારાયણ પંડિતના દોહિત્રી. સ્વ. પરિમલ શુક્લ અને શુભાંગ શુક્લના બેન. અ.સૌ. રૂપા શુક્લના નણંદ. કૌશલ, ચૈતાલી, શારવ, માહીકાના ફોઈબા. પ્રાર્થનાસભા તા. ૧૧-૫-૨૫ના ૪.૩૦ થી ૬.૩૦ રાખેલ છે. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**વિશા મેવાડા વણિક**

દાહોદ નિવાસી હાલ થાણા, વ્યોમેશચંદ્ર શાહ (ઉં. વ. ૮૬) તે સ્વ. તારાબેન અને સ્વ. હિરાલાલ શાહના સુપુત્ર. તે વિણાબેનના પતિ. સ્વ. રાજેશ, નિલમ અને પ્રિતીના પિતા. રાજીવ મેનનના સસરા. સ્વ. વિનોદચંદ્ર અને સ્વ. કપિલાગૌરી શાહના જમાઈ. તે સ્વ. ઉદયકાન્તભાઈના ભાઈ તા. ૪-૫-૨૫ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૧-૫-૨૫ના રવિવારે ૫ થી ૭. હિરાનંદાની મેડોઝ, ક્લબ હાઉસ, પોખરાન રોડ નં. ૨, કાશીનાથ ઘાણેકર નાટ્ય ગૃહની બાજુમાં, થાણા (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મોતીરામ જીવરામ લાલજી પુંજાણીના ધર્મપત્ની ગં.સ્વ. કસ્તુરબેન (ઉં. વ. ૯૪) ગામ ગઢશીશા તે સ્વ. મૂલજી બુધા આથા (ઉગેડી)ની પુત્રી. અશોક, જગદીશ, વિજય, સતિષ, સ્વ. નિર્મલાબેન નરેન્દ્ર શ્રોતા, કલ્પના રાજેશ ઠક્કરના માતુશ્રી. સ્વ. કલ્યાણજીભાઈ, વિઠ્ઠલદાસ, રમેશ, સ્વ. રૂકમણીબેન ખીમજી કક્કડ, સ્વ. મણીબેન કરસનદાસ ગણાત્રા, સ્વ. મીરાબેન ઓધવજી મજેઠીયા, અનુસુયાબેન રમેશભાઈ સચદેના બેન. સરલા, ઉષા, નયના, દીપા, નરેન્દ્ર, રાજેશના સાસુમા. તે સ્વ. ઝવેરબેન શામજી પુંજાણી, સ્વ. દમયંતીબેન ચત્રભુજ પુંજાણી, સ્વ. વાસંતીબેન ટોકરશી પુંજાણી, સ્વ. જમનાબેન શીવજીના ભાભી તા. ૭-૫-૨૫, બુધવારના શ્રીરામશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦-૫-૨૫ને શનિવારના પવાણી હોલ, શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ (વે), ૫ થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા સ્વ. શાંતિલાલ નરભેરામ સંઘવીના પુત્ર સ્વ. બિપિનભાઈ શાંતિલાલ સંઘવી (ઉં. વ. ૭૯) તે હર્ષાબેનના પતિ. પ્રેમલ, અર્ચના હિતેષભાઈ મહેતા, ફાલ્ગુની કેતન મહેતાના પિતાશ્રી. અ.સૌ. દિપાલીના સસરા. પાંચ તલાવડાવાળા (હાલ ભાવનગર) સ્વ. જમનાદાસ કલ્યાણજી મહેતાના જમાઈ તા. ૭-૫-૨૫ને બુધવારના શ્રીજીચરણ પામેલ છે.

**દશાનીમા વણિક**

વીરપુરના વતની, હાલ મુંબઈ નિવાસી, ગં.સ્વ. ઈન્દિરાબેન દેસાઈ તે સુભાષચંદ્ર ચુનિલાલ દેસાઈના પત્ની. તેજસ, મનિષા તથા તપનના માતા. સમીર, હેમાંગી તથા રીમઝીમના સાસુ તા. ૪-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૦-૫-૨૫ના રાખેલ છે. શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, એસ.વી. રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ) સમય: સાંજે ૫ થી ૭.

**સત્તાવીશ સાબરકાંઠા ઔદિચ્ય બ્રાહ્મણ**

ગામ પેઢામલી હાલ બોરીવલી, ગં. સ્વ. અનસુયાબેન (ઉં. વ. ૮૪) તા.૯.૫.૨૫ શુક્રવારના દેવલોક પામ્યા છે. તે સ્વ. સુરેન્દ્રભાઈ ઠાકરના ધર્મપત્ની. આશીષ, અર્ચના, સ્વ. સમીરના માતુશ્રી. મોનિકાના વડસાસુ. પ્રેરકના દાદી. સ્વ. રામશંકર મહીપતરામ ભટ્ટ, ઇલોલના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ કઠોર સુરત, હાલ વિરાર, સ્વ. ભદ્રેશ પંચાલ (ઉં. વ.૭૬) શુક્રવાર, તા.૯.૫.૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. મંજુલાબેન મનહરલાલના સુપુત્ર. દેવયાનીના પતિ. સ્વ. ઉર્મીલાબેન નટવરલાલ મિસ્ત્રીના જમાઈ. સોહિલ તથા પ્રાચીના પિતા. મયુરી અને પ્રેમલના સસરા. બકુલા વિનોદ પંચાલ, ઉર્વશી સુધીર કાપડીયા, ગીતા રોહિત પંચાલ અને મમતા રાજેન્દ્ર પંચાલના ભાઈ. પ્રાર્થનાસભા દિ.૧૧.૫.૨૫ના ૪ થી ૬. એ-૭૦૧, ગોકુલ અનેક્સ, અગ્રવાલ ગાર્ડન ફેસ - ૨, ગોકુલ ટાઉનશીપ, વિરાર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગણદેવી વિશાલાડ વણિક**

ગં. સ્વ. વર્ષાબેન શાહ, ગણદેવી નિવાસી હાલ મુંબઈ, તે ગં. સ્વ. ખુશમનબેન કૃષ્ણવદન મઝમુદારના સુપુત્રી. સ્વ. જીતેન્દ્ર નાનુભાઈ શાહના પત્ની. તે મિહિરના માતુશ્રી તથા કાજલના સાસુજી. વિઆનના દાદી. તે માલિની ગં. સ્વ. ભારતીબેન મનહરલાલ દલાલ, ગં. સ્વ. કોકીલાબેન કિરણકુમાર તલાટી તથા કુમુદબેન કંચનલાલ શ્રોફના ભાભી. તા. ૯-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૫-૨૫ના લાડવાડી ખાતે ૫થી ૭.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

રત્નેશ્વર, કચ્છ નારાયણ સરોવર હાલે ઘાટકોપર, ગં. સ્વ. મનોરમાબેન રમેશચંદ્ર જોષી (ઉં. વ. ૭૬) તા.૦૮.૦૫.૨૫ના હરિઓમશરણ પામેલ છે. સ્વ. પુરષોત્તમ સુંદરજી જોષીના પુત્રવધૂ. છોટાલાલ પ્રાગજી સેથપાર, ભુજના સુપુત્રી. અમિત અને વર્ષાબેન જીતેન્દ્ર દવેના માતુશ્રી. જીતેન્દ્ર મહેશચંદ્ર દવેના સાસુ. પાર્થ દવેના નાનીમા. આરતી પાર્થ દવેના નાનીસાસુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મોઢ વણિક**

મૂળ ગામ અમદાવાદ હાલ પુના, ગં. સ્વ. આશાબેન (ઉં. વ. ૮૪) તે સ્વ. ઠાકોરલાલ રમણલાલ પરીખના ધર્મપત્ની તા. ૮.૫.૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે હેમંત, શિશિર, વર્ષા પરાગ પરીખના માતુશ્રી. સ્વ. ઉમા અને લીના અને પરાગ પરીખના સાસુ. રુતુલ, રોનકના દાદી. તે ગોવિંદભાઈના નાનાભાઈના પત્ની. પિયર પક્ષે ગામ બોરડીના સ્વ. બાબુલાલ પારેખના દીકરી. ચક્ષુદાન કરેલ છે. બેસણું તા.૧૧.૫.૨૫ રવિવારે સવારના ૧૧ થી ૧ સ્થળ: સી. ટી. સી. બૅન્કવેટસ, સીટી પોઈન્ટ બિલ્ડીંગ, રાજર્ષિ શાહુ માર્ગ (તેલી ગલી), અંધેરી પૂર્વ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

રાજપરા નિવાસી હાલ મુલુન્ડ સ્વ. ઉજમશીભાઈ દામજીભાઈ શાહના સુપુત્ર સ્વ. હસમુખરાયના ધર્મપત્ની ઈન્દુમતીબેન (ઉં. વ. ૭૭) શુક્રવાર, તા. ૯-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે હેમલ-મનીષા, ફાલ્ગુની મિલનકુમાર, સંદીપ-અવનીના માતુશ્રી. સ્વ. અનંતરાય-સ્વ. મધુકાન્તાબેન, સ્વ. જયાબેન ગીરધરલાલ શાહના ભાઈના પત્ની. અચીરા, જીલય, યશ, દેવીશ, દેવીશાના દાદી/નાની. કોળીયાકવાળા હાલ મુલુન્ડ કાન્તિલાલ કુંવરજી શાહના સુપુત્રી. તેમની સાદડી શનિવાર, તા. ૧૦-૫-૨૫ના ૪ થી ૮. ૩૦૧, અમૃત ટાવર, ઓફ સરોજિની નાયડુ રોડ, તાંબેનગર, જૈન મંદિરની બાજુમાં, મુલુન્ડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ઢસા નિવાસી હાલ ઘાટકોપર ગં.સ્વ. કૈલાસબેન બિપીનચંદ્ર ત્રંબકલાલ સંઘરાજકાના પુત્ર બ્રિજેશ (ઉં. વ. ૪૮) તે કામિનીના પતિ. વૃષ્ટિ તથા વ્યોમીના પિતા. મનીષ તથા રાજેશના ભાઈ. રૂપાલી તથા અલ્પાના દિયર. ઉરણ નિવાસી હાલ ઘાટકોપર ગં.સ્વ. ભાવનાબેન ધીમંતભાઈ પરમાનંદદાસ સરવૈયાના જમાઈ તા. ૮-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦-૫-૨૫, શનિવારના ૩.૩૦ થી ૫. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વે.). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર હાલારી વીસા શ્રીમાળી જૈન**

જામનગર નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. મધુકાંત ભગવાનજી મહેતા (ઉં. વ. ૯૨) તા. ૮-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેન તથા સ્વ. દમયંતીબેનના પતિ. લાલજી દેવજી મહેતા તથા જગજીવન માણેકચંદ સંઘવીના જમાઈ. જયશ્રી-વિજય, બિંદુ-હેતલ, વર્ષા-નરેશભાઈ, જાગૃતિ-રોહિતભાઈ, ડિમ્પલ-મનીષભાઈના પપ્પા, બિરાજ, યશ, બીજલ-પ્રતીક, તનવી-દર્શીલ, અમી-હર્ષ, જીનાલી-પ્રાર્થ, હિશાંત તથા વેદિકાના દાદાજી. હિંમતભાઈ, બાબુભાઈ, પ્રાણલાલભાઈ, રમેશભાઈ તથા રમાબેન કશલચંદ શાહના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

વલભીપુર નિવાસી હાલ દહિસર, મનોજભાઈ મનહરલાલ મગનલાલ શાહ (ઉં. વ.૫૮) ૭-૫-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે શોભનાબેનના પતિ. સિદ્ધાર્થના પિતા. નમ્રતાના સસરા. પ્રીતિબેન અને પંકજભાઈના મોટાભાઈ. સ્વ. જીતેન્દ્રભાઈ બાબુલાલ શાહના જમાઈ. તેમની સાદડી શનિવાર, તા.૧૦/૦૫/૨૫ના ૪ થી ૬. ૨૦૨, મનીષા એપાર્ટમેન્ટ, પર્વતનગર, એસ વી રોડ, ચાંડક નિશ્ચયની સામે, દહિસર પૂર્વ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના અજય ખીમજી લાલન (ઉં. વ. ૫૯) હાલ મુલુંડ તા. ૦૭/૦૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. વિજયાબેન ડો. ખીમજી દેવજી લાલનના પુત્ર. પલ્લવીના પતિ. શિવાનીના પિતા. પ્રેમના સસરા. અશોક, અતુલના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : અજય લાલન, ૭૦૨-અરેસીયા સોલીટેર વાલજી લધા રોડ, મલુંડ (વેસ્ટ).

રતાડિયા ગણેશવાલા હાલે હૈદરાબાદના અમૃતબેન કોરાણી (સાલીયા) (ઉં. વ. ૯૪) તા. ૬-૫-૨૫ના અવસાન પામેલ છે. જીવાબાઈ મેઘજી નરપતના પુત્રવધૂ. ઠાકરશીના પત્ની. શશીકાંત, વિમળાના માતુશ્રી. પત્રી મોંઘીબાઈ કુંવરજી હેમરાજના પુત્રી. કાંતિલાલ, કેશવજી, મણીલાલ, નવીન, લક્ષ્મી, રતન, લીલાવંતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભાસ્કર કોરાણી, ૩-૪-૮૧૨, ફ્લેટ નં. ૧૦૩, એ બ્લોક, પેરાગોન વેંકટાદ્રિ એપાર્ટ., બરકતપુરા, હૈદરાબાદ-૨૯.

આધોઇના જેઠાલાલ ગાલા (ઉં. વ. ૯૦) ગુરૂવાર, તા.: ૦૮-૦૫-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લાખઈબેન ભોજરાજ સાંગાના સુપુત્ર. કેસરબેનના પતિ. મુલચંદ, પ્રેમજી, ધનજી, પાર્વતી, મંજુલા, કસ્તુરના પિતાશ્રી. સ્વ. આસઈબેન નરશી કરમણ શાહના જમાઇ. સ્વ. રામજીના ભાઈ. પ્રાર્થના સમય : બપોરે ૩ થી ૪.૩૦ કલાકે. બરવિધી : સાંજે ૫ થી ૬ કલાકે. પ્રાર્થના સ્થળ : યોગી સભાગૃહ હોલ, સ્વામિનારાયણ મંદિરની પાછળ, દાદર (ઈસ્ટ).

દેવપુરના તારાચંદ રવજી મારૂ (ઉં. વ. ૬૯) તા. ૫-૫-૨૫ના કચ્છમાં અવસાન પામેલ છે. ભાગબાઈ રવજી નેણશી મારૂના સુપુત્ર. પ્રેમીલાના પતિ. મીનલ, મયુર, સાગરના પિતા. જયંતીલાલ, કાંતિલાલ, વિજયના ભાઈ. ગઢશીશાના દેમીબાઈ ઉમરશી દેઢિયાના જમાઈ. પ્રા. શ્રી માટુંગા શ્વે. જૈન સંઘ સંચાલિત નારાણજી શામજી વાડી, ટા. ૪ થી ૫.૩૦.

બેરાજાના ભવાનજી દેવજી સાવલા (ઉં. વ.૮૪) તા. ૯/૫/૨૫ના અવસાન પામ્યા છે. વેજબાઇ દેવજીના સુપુત્ર. નાનબાઇના પતિ. ધીરેન, ભાવેશ, રૂપલના પિતા. નેમચંદ, વેલબાઇ, નિર્મળાબેન, શાંતિલાલ, વલમજી, ડો. રમેશના ભાઇ. પત્રીના લાછબાઇ દેવજી જખુના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભાવેશ સાવલા, એ-૫૦૩, સદ્‌ગુરુ સોસાયટી, સરોજિની નાયડુ રોડ, કાંદિવલી (વે.).

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

મોટી વડાલ હાલ ડોમ્બીવલી, સ્વ. ફુલચંદભાઈ નેમચંદભાઈ દોશીના ધર્મપત્ની કમળાબેન (ઉં. વ. ૮૨) તા.૭.૦૫.૨૫ને બુધવારના ડોમ્બીવલીમાં અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રકાંત, સ્વ. રાજેશ, રાકેશના માતુશ્રી. નિકુંજીના સાસુ. રંજનબેન રાજેશકુમાર (આંબાવાળા) શોભનાબેન રશ્મીનકુમાર (ખુટવડાવાળા)ના માતુશ્રી. દોશી અનંતરાય, દિનેશભાઈ, જયસુખભાઈ રમાબેન, સવિતાબેન, લલિતાબેન, હંસાબેન પ્રફુલાબેન, મનીષાબેનના ભાભી. પિયરપક્ષ વોરા મણિલાલ ડુંગરશી ભાઈના દિકરી. સાદડી તથા લોકિક વ્યવાર રાખેલ નથી. ચંદ્રકાંત ફુલચંદ દોશી ૧૦૩ ગજ બંધન એપાર્ટમેન્ટ, પાથરલી રોડ, ગોગરસ વાડી ડોમ્બીવલી (પૂર્વ).

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

કનાશાના પાડાના હાલ ગોવાલિયા ટેન્ક, હરનેશ શાહ (ઉં. વ. ૬૯) ગુરુવાર, તા. ૮-૫-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તેઓ રમિલાબેન અને ચિનુભાઈ ચંપકલાલ શાહના પુત્ર. ઈલાના પતિ. સ્વ. ભારતી વિજય શ્રોફના ભાઈ. રૂચિતા ભાવિન પંડ્યા તથા બિનલ સની શાહના પિતા. તેઓ મંજુલાબેન કીર્તિલાલ શાહના જમાઈ. અનાયા અને જિયાનાના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

**ક્લોઝ અપ**

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

### હવે જેની સિક્વલ શરૂ થઈ ગઈ છે એ

# તુ રૂપ કી રાની મૈં ચોરો કા રાજા!

**બે સેક્સી અભિનેત્રી અને એક આશિક અપરાધી વચ્ચે તિહાર જેલમાં શરૂ થયેલી આ લવ વત્તા ક્રાઈમ-કથાની ફિલ્મી સ્ટાઈલમાં સિક્વલ વધુ મજેદાર રીતે આકાર લઈ રહી છે!**



અભિનેત્રી જેકલિન – સુકેશ ચન્દ્રશેખર : આવી હોટ તસવીરો સોશિયલ મીડિયામાં ફરવા માંડી ત્યારે સુકેશ તિહાર જેલમાં હતો!



ફૂટડી ડાન્સર–અભિનેત્રી નોરા ફતેહીઃ હું કદી સુકેશને રૂબરૂ મળી જ નથી ..!

દર્શકોને બોક્સ ઑફિસ સુધી ખેંચી લાવે એવું આ લોભાવનારું ટાઈટલ છે. વાત ખરેખર ગંભીર છે, કારણ કે અહીં જે ‘રાની‘ની વાત છે એ મદહોશ કરી નાખે એવી બોલિવૂડની બે એક્ટ્રેસ છે. આ બન્ને સેક્સી અભિનેત્રી સાથે જેનું નામ ગાજે છે એ પણ કુછ કમ નહીં...રૂપિયા ૨૦૦ કરોડથી પણ વધુ મની લોન્ડરિંગના અપરાધમાં અટવાઈને એ ‘ચોરો કા રાજા’ છેલ્લાં ૭ વર્ષથી દિલ્હીની તિહાર જેલમાં છે. વચ્ચે એને જામીન મળ્યા, પણ પોલીસે એને જેલ બહાર જતાં રોક્યો, કારણ કે એ છેતરપિંડીના હજુ બીજા કેટલાંક કેસમાં સંડોવાયેલો છે.

તાજેતરમાં આ સુપર ઠગનું નામ ફરી ટીવી- સમાચારોનાં શીર્ષકોમાં ઉછળ્યું છે, પણ એનાં એ તાજાં કારનામાંની વાત કરીએ એ પહેલાં આ અઠંગ અપરાધી સુકેશ ચન્દ્રશેખરની ક્રાઈમકૂંડળી પર આપણે ઝડપથી નજર ફેરવી જવી જોઈએ.

સુકેશ ચન્દ્રશેખરની અપરાધ-કથાઓ બડી જમાવટવાળી છે. પોલીસ ચોપડે નોંધાયેલી એની ગુનાખોરીની મોડસ ઑપરેન્ડી (કાર્ય પદ્ધતિ) જાણવા જેવી છે...

આમ તો સુકેશ દેખાવે દક્ષિણ ભારતીય જેવો ઘટ્ટ ઘંઉવર્ણો વાન ધરાવે છે. હા, પણ એનો બાહ્ય દેખાવને તમે જતો કરો તો એની જબાનમાં એવો જાદુ છે કે વાત શરૂ થાય તે ત્યાંથી લઈને વાત પૂરી થાય ત્યાં સુધી એ તમને એની વાતથી ઝકડી રાખે એવા વાક્ચાતુર્યમાં એ એક્કો છે.

કાળાં નાણાંની હેરાફેરી કરી એને કોઈ રીતે પણ કાયદેસર બનાવવાની પ્રક્રિયાને ‘મની લોન્ડરિંગ’ કહે છે. આવા ગેરકાયદે રૂપિયા ૨૦૦ કરોડથી વધુના ૯૦ જેટલા કેસમાં સુકેશ ચન્દ્રશેખર સંડોવાયો છે.

મૂળ બેંગ્લૂરુનો આ ૩૪ વર્ષીય સુકેશ પોતાની આઈડેન્ટિટી- ઓળખ બદલવામાં પાવરધો છે. જેવો શિકાર એ મુજબનો એ સ્વાંગ સજે. મોટેભાગે પોતાની ઓળખ એક સફળ બિઝનેસમેન તરીકે આપતો. પોતે મોટા રાજકારણીઓથી માંડીને જાણીતા ફિલ્મ કલાકારો તેમજ સમાજના નામી લોકો સાથે અચ્છો ઘરોબો ધરાવે છે એવી વાતથી સામાવાળાને પ્રભાવિત કરી લેતો. એની કરિયરનો સર્વપ્રથમ તગડો શિકાર તમિળનાડુના વરિષ્ઠ નેતા ટીટીવી દિનાકરણ હતા. ‘પોતે ચૂંટણી કમિશનર સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે, જે દિનાકરણના પક્ષને આગામી ચૂંટણી જીતાડવામાં મદદરૂપ બનશે’ એવું એમના દિમાગમાં ઠસાવીને સુકેશે રૂપિયા ૫૦ કરોડની જંગી રકમ સરકાવી લીધી હતી, પણ પાછળથી ચૂંટણી કમિશનરની ફરિયાદને લીધે એ ઝડપાયો ને તિહાર જેલમાં ધકેલાઈ ગયો. ત્યાં પણ સુકેશે એવી જમાવટ કરી હતી કે જેલમાંથી એ જાતભાતના ચક્કર ચલાવીને તગડી ખંડણી વસૂલ કરતો!

આ જેલવાસ દરમિયાન બોલિવૂડની બે સેક્સી અભિનેત્રીને એણે પોતાની જાળમાં બ-ખૂબી લપેટી. એ બે ફૂટડીમાંથી એક છે મૂળ શ્રીલંકાની જેકલિન ફર્નાન્ડિસ અને બીજી છે કુશળ ડાન્સર-અભિનેત્રી એવી મૂળ કેનેડાની નોરા ફતેહી.

પોતે જેલની બહાર હતો ત્યારથી સુકેશ આડેધડ ખર્ચ કરવાનો વિલાસી શોખિન હતો. વીસેક કરોડના ખર્ચે એણે અનેક વિદેશી વૈભવી કારનો કાફલો વસાવ્યો હતો. તિહાર જેલમાં હતો ત્યારથી એ અભિનેત્રી જેકલિન ફર્નાન્ડિસના પ્રેમમાં પડી ગયો હતો. પોતાની આગવી આવડતથી એણે જેકલિનનો સંપર્ક કર્યો અને પછી તો ટૂંક સમયમાં જેકલિન અને સુકેશના આવા નિકટના ‘સંબંધ‘ અને સુકેશ જેલમાંથી એના પર કેવી કેવી લાખો-કરોડોની મોંઘી ભેટ-સોગાદ ન્યોછાવર કરતો હતો એની વાત પણ જાહેરમાં જોરશોરથી ચર્ચાવાની શરૂ થઈ ગઈ હતી.

અહીં આ ‘કહાની મેં ટ્વિસ્ટ’ એ આવ્યો કે જેકલિન - સુકેશના કહેવાતા હૂંફાળા સંબંધમાં અચાનક સેક્સી ડાન્સર-અભિનેત્રી નોરા ફતેહીનું નામ ઉછળ્યું. એની સિનિયર કહેવાય એવી જેકલિને અનેક ફિલ્મોમાં હીરોઈન તરીકે ભૂમિકા ભજવી છે. એની સરખામણીએ નોરાના નામે અભિનેત્રી તરીકે ઓછી ફિલ્મો છે, પણ હોટ ડાન્સર અને પરફોર્મર તરીકે વધુ જાણીતી છે. એનાં ‘સાકી સાકી’, ‘દિલબર’ (રીમિક્સ) અને ‘ નાચ મેરી રાની’ સુપર હીટ ગણાય છે. દિલફેંક સુકેશે ડાન્સર નોરાને પણ અનેક મોંઘી ભેટ પહોંચાડી ત્યાર પછી નોરા સાથે પણ સુકેશ હૂંફાળા સંબંધ ધરાવે છે એવી વાતો પણ વહેતી થઈ ગઈ...

જેકલિન બે-અઢી વર્ષથી સુકેશના ગાઢ પરિચયમાં હતી ત્યારે એણે જાહેરમાં કહ્યું છે કે ‘મને મારાં સપનાનો રાજકુમાર મળી ગયો!’ જોકે પાછળથી સુકેશના કહેવાતા અપરાધ વિશે જાણતી થઈ અને જે રીતે એ પણ કાયદાની ચુંગલમાં સંડોવાઈ ગઈ પછી જેકલિન કહે છે કે સુકેશને લીધે મારી કરિયર રોળાઈ ગઈ ..!

બીજી બાજુ, નોરા કહે છે : ‘હું સુકેશને ક્યારેય રૂબરૂ મળી નથી. એની પત્ની લીનાના એક ચેરિટી શોમાં મેં એક ડાન્સ કર્યો હતો. લીનાને લીધે હું એના કારાવાસમાં રહેલા પતિ સુકેશના પરિચયમાં આવી અને બે ચાર વાર ‘વોટ્સ ઍપ’ કોલ પર અમારે વાત થઈ હતી. ધેટ્સ ઓલ..!’

આવું જાહેર કરનારી નોરા એનો ફોડ નથી પાડતી કે સુકેશ એના પર શા માટે એવો ફિદા થઈ ગયો કે એણે મોરોક્કોમાં બંગલો લેવાથી લઈને ‘બીએમડબ્લ્યુ’ જેવી વૈભવી કાર સહિત નોરાને કરોડો રૂપિયાની ભેટ આપી, જેને નોરાએ એ હોંશે હોંશે સ્વીકારી પણ હતી!

આવી વારાફરતી જેકલિન અને નોરા સાથેનાં હૂંફાળા સંબંધ (લફરાં વાચો!)ની ‘ખાનગી’ વાત ખુલ્લેઆમ જાહેરમાં ચર્ચાતી હતી. એ બન્નેને આ આશિક અપરાધીએ લાખો રૂપિયાની કિંમતી ભેટ તેમજ કડકડતી કરન્સીમાં રોકડ રકમ આપી હોવાની વાત પણ કોઈથી છાની નહોતી. પરિણામે કાળાં નાણાંની હેરાફેરી -આર્થિક ભ્રષ્ટાચાર, ઈત્યાદિની તપાસ કરતી એજન્સી ’ઈડી’ (ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ )એ કેટલાંય દિવસો સુધી નોરા અને જેકલિનની સીધી-ઊલટી તપાસ પણ કરી હતી.

એ પછી તો અપરાધી સુકેશ ચન્દ્રશેખરે જ જાતે જબરો ધડાકો કરતાં સ્વીકારી લીધું છે કે એ અને જેકલિન બન્ને ખરેખર પ્રેમમાં હતાં, પણ નોરા માત્ર એની ‘ઘનિષ્ટ મિત્ર’ જ હતી!

બીજી તરફ, સુકેશ જેવા અપરાધી સાથે પોતાનું નામ ખોટી રીતે ઉછાળવા માટે નોરાએ વચ્ચે જેકલિન પર રૂપિયા ૨૦૦ કરોડનો બદનક્ષીનો દાવો ફટકાર્યો હતો. આમ તિહાર જેલના એક રીઢા ગુનેગારને લઈને બોલિવૂડના આ બન્ને બૈરાં હવે જાહેરમાં બાધ્યાં છે !

વારતા અહીં પૂરી નથી થતી. એક આશિક અપરાધી અને બે ધનભૂખી લલનાની આ ભેદભરમવાળી ‘વાર્તા’ હજુ પણ દિન-પ્રતિ દિન વધુ રોમાંચક આકાર લેતી જાય છે.

હવે તિહાર જેલવાસી મહા ઠગ સુકેશ ચન્દ્રશેખર તાજેતરમાં ફરી જાહેરમાં ઝળક્યો છે. સુકેશ જેકલિનના એક મહત્ત્વના કહી શકાય એવા ‘બ્રેકિંગ ન્યૂઝ’ એ છે કે જેકલિનના આ બહુચર્ચિત ઠગ લવર સુકેશ પર એક વેબ સિરીઝ બની રહી છે.. ટોચનું એકે OTT પ્લેટફોર્મ આ ડોક્યુ સિરિયલ બનાવી રહ્યું છે, જેમાં આ કુ-ખ્યાત સુપર ઠગની ઘટનાબદ્ધ ક્રાઈમકથા આલેખવામાં આવશે અને એના એક અતિ મહત્ત્વના પાત્ર તરીકે સુકેશની બહુ વગોવાઈ ગયેલી પ્રેમિકા એવી એક્ટ્રેસ જેક્લિન ફર્નાન્ડિસને પણ ઓફર આપવામાં આવી છે !

આ રોલ માટે જેકલિનને તગડી ફી આપવાની વાત પણ ચર્ચાઈ રહી છે, પણ પોતાનું નામ સુપર ઠગ સુકેશ સાથે બદનામ થઈ રહ્યું હોવાથી જેકલિન ખુદ ડોક્યુ-ડ્રામા સિરીઝ માટે હજુ અવઢવમાં છે.

આ સમાચારની શાહી હજુ તાજી છે ત્યાં ૧૫ દિવસની અંદર સુકેશ ફરી ચમક્યો છે એક પત્ર દ્વારા પોતે જેના ગળાડૂબ પ્રેમમાં છે એવી એક્ટ્રેસ જેકલિન ફર્નાન્ડિસનાં મમ્મી કિમનું થોડા દિવસ પૂર્વે અવસાન થયું પછી સુકેશે ‘પ્રેમિકા’ જેકલિનને સાંત્વના આપતો એક પત્ર તિહાર જેલમાંથી લખ્યો છે કે ‘મેં બાલીમાં ટ્યુલિપ ફ્લાવર્સનો એક વિશાળ બગીચો ખરીદી લીધો છે. એ ‘કિમ ગાર્ડન ’ તારી ડિયાર મમ્મીને મારી શ્રદ્ધાંજલિ રૂપે અર્પણ કર્યો છે..! આ ગાર્ડન તને હું ભેટ આપું છું..આના દ્વારા મમ્મીની યાદ તને તાજી રહેશે !’

મમ્મીના નામના બગીચાની ભેટ સાથે સુકેશે એ પત્રમાં કેવો ચોંકાવનારો દાવો કર્યો છે એ પણ જાણો.

જેકલિનને ઉદેશીને એના આ અઠંગ ઠગ-પ્રેમીએ લખ્યું છે કે ‘તારી ઉદાસીના આ દિવસોમાં હંમેશની જેમ હું તારી સાથે છું. મને તો પૂરેપૂરો વિશ્વાસ છે કે તારી મમ્મી આપણી દીકરી તરીકે આપણે ત્યાં જ જન્મ લેશે!’

બોલો! ■

**અરાઉન્ડ ધ વર્લ્ડ**

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

# સેન્સોજી મંદિરમાં ભીડ વચ્ચે ભગવાનની શોધમાં...








અમેયા યોકોચો માર્કેટથી અમારે સીધું સેન્સોજી ટેમ્પલ જવું હતું. જ્યાં પણ જાઓ ત્યાં આખો દિવસ વિતાવી શકાય અથવા અવારનવાર જઈ શકાય તેવું હતું. જોકે એ ટ્રિપ દરમ્યાન અમે ત્યાં ફરી જઈ શકીએ તેવો કોઈ ચાન્સ નહોતો લાગતો, એટલે જ્યાં પણ જતાં હતાં તેને અબ્ઝોર્બ કરવાનું જરૂરી લાગ્યું હતું. બે દિવસમાં પોતાના પર જ એક્સ્ટ્રા પ્રેશર નાંખવાનું બંધ કરીને હળવા મને ઇન્જોય કરવા પર ફોકસ કર્યું. બધું જ જોવાનું શક્ય હતું પણ નહીં. ટોક્યો આમ પણ સેન્સરી ઓવરલોડ જેવું છે. જે દિશામાં જાઓ ત્યાં કંઇ જોવા, અનુભવવા, ખાવા, માણવા જેવું કંઇ ને કંઇ હતું જ. એવામાં સેન્સોજી મંદિર તરફ ટ્રેન ક્યાંથી લેવી તે વાતમાં જરા ઘૂમરે ચડી ગયાં.

થોડો ઝરમર વરસાદ પણ પડવા લાગેલો. હજી ટ્રેન સ્ટેશન ગમે ત્યાંથી શોધી લઈએ ત્યાં સુધીની જાપાનીઝ એક્સપર્ટિઝ આવી ન હતી. અમે ફરી ફરીને ફાસ્ટ ટ્રેનના સ્ટેશને પહોંચી જતાં હતાં. સેન્સોજી ટેમ્પલ સુધી પહોંચાડે તે મેટ્રો જાણે અમારાથી છુપાઈ હોય તેવું લાગતું હતું. એ સ્ટેશન શોધવામાં વચ્ચે બે તો એનિમલ કાફેઝ દેખાયાં. ત્યાં કોફી પીવા સાથે બિલાડીઓ, કૂતરાઓ, ખિસકોલીઓને રમાડવાનું પણ શક્ય છે. એટલું પૂરતું ન હોય તેમ અમે થાક્યાં ત્યાં પાન્ડા શેપમાં સ્ટફ્ડ પૅન કેક વેચતી દુકાન પણ જોવા મળી ગઈ. તે લેવા માટે પણ લાઇનમાં ઊભા રહેવું પડે. આ શહેર ગજબની ભીડથી કોઈ પણ સમયે ભરચક હોય છે તેમાં કોઈ શંકા નથી. મુંબઈની ઘણી વાર મુલાકાત લીધા પછી એમ થતું હતું કે તેનાથી વધુ ભીડ ભાગ્યે જ ક્યાંય દેખાશે, પણ મુંબઈનાં ૨૨ મિલિયન લોકોના પ્રમાણમાં ટોક્યોમાં ૩૭ મિલિયન લોકો છે. આ દુનિયાનું સૌથી ગીચ શહેર છે. ત્યાં લોકો ભટકાશે જ એ તૈયારી સાથે દરેક દિશામાં આગળ વધવાનું હતું. એવી ભીડમાં મને ચાલીને સેન્સોજી પહોંચીને હજી લંચ પહેલાં જ થાકી જવાનો કોઈ વિચાર ન હતો.

આખરે સેન્સોજી પહોંચ્યાં. ત્યાં અન્ડરગ્રાઉન્ડથી નીકળીને સીધાં કોઈ પોલિટિકલ રેલીમાં પહોંચી ગયાં. તેમાં પણ લોકો ક્યુટ માસ્ક અને ટેડી બેર સાથે દેખાતાં હતાં. રેલી પૂરી થાય પછી લાગ્યું કે મંદિર નજીક આવતાં જરા ભીડ ઓછી થશે, તેના બદલે ભીડ વધી ગઈ. લોકો દરેક દિશાના સ્ટેશનેથી મંદિર તરફ જ આવતાં હતાં. તેનો પહેલો ભવ્ય ગેટ કામિનારિમો આવ્યો ત્યારે મંદિર તરફ જતી ગલીમાં બંને તરફ ખાણીપીણી અને સુવેનિયરની દુકાનો દેખાઈ. જ્યાં જુઓ ત્યાં માણસોનું પૂર આવ્યું હતું. સોશિયલ મીડિયા પર લોકપ્રિય બનેલા નાસ્તાની નકલ ઘણે ઠેકાણે મળતી હતી. ભારે ભીડમાં પણ ત્યાં ઓલમોસ્ટ શિસ્તબદ્ધ લાઇનમાં અમે મંદિરના મુખ્ય દરવાજા અને પાંચ માળનાં પગોડા તરફ આગળ વધ્યાં.

મંદિર નજીક આવતાં પારંપરિક કિમોનો અને યુકાતા જેવા પારંપરિક જાપાનીઝ પોશાકમાં ઘણાં લોકો ફોટા પડાવવામાં વ્યસ્ત હતાં. તેઓ પહેલેથી તે ઘરેથી પહેરીને આવ્યાં હોય તેવું તો નહોતું લાગતું. થોડી જ વારમાં રસ્તામાં પારંપરિક જાપાનીઝ પોશાક ભાડે આપનારી દુકાનો પણ દેખાવા લાગી. અહીં કલાકના ચારથી પાંચ હજાર યેનમાં પોશાક ભાડે મળતો હતો. સાથે એસેસરીઝ, મેક-અપ અને હેર સ્ટાઇલ મેળવતાં દસેક હજાર યેન્સ જેવું થઈ જતું. મોટાભાગે જાપાનીઝ ટૂરિસ્ટ જ એમાં વ્યસ્ત લાગતાં હતાં. થોડાં અમેરિકન ટૂરિસ્ટ પણ તેમાં જોડાયેલાં. એક વાર મંદિરનું મુખ્ય માળખું નજીક આવ્યું પછી ભીડ છતાંય ત્યાંનો માહોલ જાણે બધું જ ધ્યાન પોતાના તરફ ખેંચતો હતો. તે ભીડમાં ભારતથી આવેલાં પેકેજ ટૂરનાં લોકોને જોઈને પણ આનંદ થતો હતો. આપણાં જેવાં ફરવાનાં શોખીન લોકો ભાગ્યે જ બીજે ક્યાંય દુનિયામાં હોઈ શકે. વળી મોટાભાગે લોકો મોઢું ખોલે તો ગુજરાતી જ સાંભળવા મળતું હતું. જોકે તે સમયે સેન્સોજી મંદિરનાં વિવિધ સ્મારકો, પ્લમ બ્લોસમ્સ, લેમન ટ્રી, લોકોની ઇચ્છાઓ સમાવીને બેઠેલાં વિશ-ટ્રી, વિવિધ દંતકથાઓમાંથી બહાર નીકળ્યાં હોય તેવાં પાત્રોનાં શિલ્પ, બધું અનોખાં દૃશ્યો બનાવતું હતું.

ક્યાંય પણ ભીડ ઓછી થતી જ ન હતી. અહીં એક માત્ર એક્સપર્ટ સલાહ માની લેવા જેવી હતી કે ત્યાં સવારમાં વહેલું પહોંચી જવું. તેમ ન થઈ શકે તો બધું બાકીની દુનિયાની હાજરીમાં માણવું પડશે. કોઈ પણ સમયે કમસેકમ પચાસ માણસો નજરમાં આવ્યા વિના નજરે દૃશ્ય જોવું શક્ય જ ન હતું. અંદરની મૂર્તિઓ જોઈ, પરિક્રમા કરી, બુદ્ધનું અનોખું સ્વરૂપ જોયું, પછી ઊંચા પગથિયા પર જઈને માત્ર લોકોને જોયા કરવાની પણ મજા હતી. જાણે દરિયે ઊભા રહીને મોજાં કે કોઈ પાણીનો વોટરફોલ જોવામાં મજા આવે, એવી જ મજા અહીં લોકોનો સમુદ્ર જોઈને આવતી હતી. ભીડ એક હદથી વધ્યા પછી તેને ટ્યુનઆઉટ કરવાનું શક્ય બની જતું હતું. ત્યાંનાં ભવ્ય પેપર લેન્ટર્ન નીચે ઊભા રહીને કોઈ આસ્થાનો અનુભવ તો ન થયો, પણ આ કલ્ચરની સ્લાઇસ અનુભવીને ધન્ય જરૂર ફીલ થતું હતું. ભીડ હોય કે નહીં, સેન્સોજી જોયા વિના ટોક્યોથી બહાર ન જવાય એ નક્કી છે. ત્યાં એન્ટ્રી પર અગરબત્તીનો બંચ પણ અલગ જ સ્તરનો હતો.

બે માછીમારોને સુમિડા નદીમાં એક ગોલ્ડન મૂર્તી મળી આવી તે પછી ૬૮૦ની સાલમાં આ મંદિરની સ્થાપના થઈ હતી. ત્યારથી અવારનવાર ભૂકંપ, આગ, કોઇ ને કોઈ ડિઝાસ્ટરના કારણે તેને ફરી નવેસરથી બાંધવામાં આવે છે. મજાની વાત એ છે કે આ બૌદ્ધ મંદિરની બધી દિશાઓમાં ખાઉગલી છે જ્યાં અત્યંત લોકપ્રિય જાપાનીઝ સ્ટ્રીટ ફૂડ મળે છે. અમે તે સમયે મંદિરનો આનંદ માણીને ખાઉગલી તરફ જ જવાનાં હતાં. અહીં શ્રાઇનમાં ઘણો સમય વિતાવ્યા પછી લાંબો સમય પીપલ-વોચિંગ કર્યું. વિશ-ટ્રી પર દુનિયાભરની ભાષાઓમાં લોકોની ઇચ્છાઓ વાંચી. ગમે તેટલી મોટી સંખ્યામાં માણસો હોય, બધાં શાંતિ અને શિસ્તથી ફરી રહ્યાં હતાં. ખરેખર આ મંદિરમાં ભગવાન મળે ન મળે, ત્યાં માણસો પર ભરોસો જરૂર થઈ જાય. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# કામિકાઝે હુમલાઓ શૌર્યનું પ્રતીક હતા કે મૂર્ખતાનું?



યુદ્ધમાં જ્યારે ખરાખરીનો ખેલ હોય અને મામલો જાનફેસાની સુધી પહોંચે ત્યારે શૌર્ય અને મૂર્ખતા વચ્ચે બહુ ઓછું અંતર રહી જાય છે.

યુદ્ધનીતિ મુજબ ખરું યુદ્ધ શસ્ત્રો વડે નહિં પણ જ્ઞાનતંતુઓ વડે લડાય છે. તમે જેને શૌર્ય સમજીને મરણિયા કરી નાખો એ આખરે મૂર્ખતા પણ સાબિત થાય.

બીજી તરફ, ગણતરીપૂર્વક આચરેલી 'મૂર્ખતા' દુશ્મનના મનમાં એવો ભય પેદા કરી નાખે કે યુદ્ધના આખરી પરિણામ પર એની મોટી અસર પડે. યુદ્ધકથાઓના ઈતિહાસની વાત નીકળે તો એમાં બીજા વિશ્વયુદ્ધ વખતે સામી છાતીએ મોતને ભેટેલા જાપાની પાઈલટ્સનો ઉલ્લેખ અવશ્ય કરવો પડે. આ પાઈલટ્સે જે કર્યું એ શૌર્ય ગણાય કે મૂર્ખતા, એ તમારે જાતે નક્કી કરવાનું છે.

ભારતે આતંકવાદીઓ સામે અમલમાં મૂકેલા 'ઓપરેશન સિંદૂર ૨.૦'માં એક વિશિષ્ટ પ્રકારના કામિકાઝે ડ્રોન્સનો છૂટથી ઉપયોગ કર્યો. આ ડ્રોન્સનું કામ હતું દુશ્મન વિસ્તારોમાં જઈને તૂટી પડવાનું! જેવું ડ્રોન તૂટીને જમીન પર પડે એટલે એની સાથેનો બાંધેલો બૉમ્બ ફાટે. સ્વાભાવિક છે કે આવા ડ્રોન્સ માત્ર એક જ વખત બહુ ચોક્કસ આયોજન કરીને ઉપયોગમાં લઇ શકાય.




***આ ડ્રોન્સને 'કામિકાઝે' જેવું જાપાનીઝ નામ કેમ અપાયું?***

આ જાણવા માટે આપણે થોડા ફલેશ બેકમાં જાવું પડશે...

૭ ડિસેમ્બર, ૧૯૪૧. જાપાની એરફોર્સે પર્લ હાર્બર બંદરે અમેરિકન નૌકા કાફલા પર ભયંકર હુમલો કરી દીધો. સાડા ત્રણસો બૉમ્બર્સે કરેલા હુમલામાં લગભગ અઢી હજાર અમેરિકન્સ મર્યા અને હજારેક ઘાયલ થયા. પર્લ હાર્બર એટેક દરમિયાન ફૂસાટા લીડા નામના એક જાપાની પાઈલટના એરક્રાફ્ટમાંથી ફ્યુઅલ લીક થવા માંડ્યું. ફૂસાટાને સમજાઈ ગયું કે હવે પાછા ભાગી શકાય એમ નથી. ફ્યુઅલ પૂરું થતા કે અમેરિકન શિપ પરથી થતા વળતા હુમલામાં પ્લેન તૂટી પડશે અને સાથે પોતાને ય જળસમાધિ લેવી પડશે. જો મૃત્યુ નક્કી જ હોય તો દુશ્મનને વધુમાં વધુ નુકસાન પહોંચાડીને જ મરવુ જોઈએ.

બસ, પછી તો ફૂસાટાએ પોતાનું ફાઈટર પ્લેન એક અમેરિકન શિપ સાથે અથડાવી માર્યું. પોતે મર્યો પણ શિપને ય મોટું નુકસાન થયું. ફેબ્રુઆરી, ૧૯૪૨માં પણ આવી જ રીતે બીજા એક પાઈલટે 'હ્યુમન બૉમ્બ' બનીને પોતાનું વિમાન અમેરિકન એરક્રાફ્ટ કેરિયર સાથે અથડાવ્યું અને કેરિયરનો ઘાણ નીકળી ગયો. એ પછી સાન ફ્રાન્સિસ્કો નામનું યુએસ ફ્લેગશિપ પણ આ જ રીતે જાપાની પાઈલટના મરણિયા હુમલાનો શિકાર થયું. જાપાની પાઈલટ્સને આ સ્ટ્રેટેજી બરાબર મગજમાં બેસી ગઈ. જો મોત નક્કી જ હોય તો દુશ્મનને બને એટલું વધારે નુકસાન પહોંચાડીને મરવું. આપણે ત્યાં જેને કેસરિયા કહેવાય, એવી જ હારાકીરી પ્રથા આમેય જાપાની યોદ્ધાઓમાં પહેલેથી જ પ્રચલિત. જો હાર નક્કી હોય તો નાલેશીમાં જીવવા કરતાં મોત પસંદ કરવું, પણ દુશ્મનને તાબે હરગીઝ ન થવું!

૧૯૪૪નું વર્ષ આવતા સુધીમાં બીજા વિશ્વયુદ્ધનું આખું ચિત્ર બદલાઈ ગયું. જર્મની-ઇટલીએ હાર સ્વીકારી, એ પછી મિત્રદેશોની સેના સામે જાપાન એકલું રહી ગયું. જાપાની સમ્રાટ હિરોહિતો અને એની પ્રજાને ડર પેઠો કે આમ ને આમ અમેરિકા આગળ વધતું રહેશે તો એક દિવસ અમેરિકન નૌકાદળ જાપાનના કાંઠે આવી પહોંચશે. એ સંજોગોમાં જાપાને અમેરિકાની ગુલામી વેઠવાનો વારો આવી જાય. જાપાની પ્રજા ગુલામી તો કોઈ કાળે ન સ્વીકારે. પોતાની સ્વતંત્રતા અને સમ્રાટ પ્રત્યેની વફાદારી ખાતર આ પ્રજા ગમે તે હદે જવા તૈયાર હતી. અમેરિકાને હરાવી શકાય એમ નહોતું, પણ જો અમેરિકન નૌકાદળના મનમાં જાપાનનો ડર બેસી જાય તો કદાચ એ લોકો ડરીને જાપાન પર કબજો જમાવવાનું માંડી વાળે...

આ માટે સમ્રાટ હિરોહિતોના હવાઈદળના કેટલાક ઓફિસર્સે મોટા પાયે હ્યુમન બૉમ્બિંગ અમલમાં મૂકવાનું વિચાર્યું. સો-બસો કિલો વિસ્ફોટકો લાદેલા વિમાનો અમેરિકન વોર શિપ્સ પર જાણી જોઈને અથડાવી દેવાના, જેથી વોર શિપ કે એરક્રાફ્ટ કેરિયરના ફૂરચા ઊડી જાય. બહુ ખતરનાક પ્લાન હતો આ.

જાપાની ભાષામાં દૈવી પવનો માટે 'કામિકાઝે' શબ્દ છે. આત્મઘાતી મિશન પર નીકળેલા પ્લેન્સના પાઈલટ્સ માટે પણ કામિકાઝે શબ્દ પ્રચલિત થઇ ગયો. યુદ્ધ દરમિયાન જાપાની હવાઈદળના ઘણા વિમાનો તૂટી પડેલા. તાલીમ પામેલા સેંકડો પાઈલટ્સ પણ જાપાને ગુમાવેલા. હવે અમેરિકન નૌકાદળનો સામનો કરવા માટે અત્યંત ટૂંકા ગાળામાં નવા વિમાનો ક્યાંથી કાઢવા? સંખ્યાબંધ નવા પાઈલટ્સને ટ્રેનિંગ આપવા ય સમય અને સંસાધનો કયાંથી લાવવા? જાપાન પાસે આ બન્નેમાંથી કશું ન હતું. યુદ્ધમાં જ્યારે કશું ન હોય, ત્યારે ઝનૂન બહુ કામ આવે છે. જાપાને આવા જ કેટલાક મરણિયા યુવાનોને તૈયાર કર્યા, જે જાપાન અને સમ્રાટ હિરોહિતો માટે જાનફેસાની કરવા તૈયાર હોય.

એવું કહેવાય છે કે અમુક યુવાનો તો માત્ર ૧૮ કે ૨૦ વર્ષના જ હતા. જાપાની હવાઈદળે એમને બહુ કામચલાઉ ટ્રેનિંગ આપી, કેમકે આ યુવાનો આમેય પોતાની પહેલી જ ફ્લાઈટમાં મરી જવાના હતા! ટ્રેનર્સ અને યુવાનો સહિત બધાને આ ખબર હતી. કદાચ જેને આધુનિક દુનિયાનું સૌથી મોટું આત્મઘાતી મિશન કહી શકાય એની તડામાર તૈયારીઓ શરૂ થઇ ગઈ.

આખરે ૧૯૪૪ના મધ્યમાં કામિકાઝે હુમલાઓ શરૂ થયા. અમેરિકન એરક્રાફ્ટ કેરિયર, ફ્લેગશિપ સહિતનો નૌકા કાફલા પર હુમલો કરવા માટે અચાનક ગણતરીના જાપાનીઝ વિમાનો ચઢી આવતા. અને કોઈ મહત્ત્વનું જહાજ પસંદ કરીને એના ઉપર ધડાધડ ખાબકતા. વિસ્ફોટકો સહિતના વિમાનો ભારે વેગ સાથે ગમે એવા મજબૂત જહાજ સાથે અથડાય એટલે એ જહાજને ડુબાડે અથવા બિનકાર્યક્ષમ બનાવી નાખે. કામિકાઝે હુમલાઓ માટે જાપાને જૂના પુરાણા વિમાનો પસંદ કરેલા. વધુ વિસ્ફોટકો ભરવા મળે એ માટે જાપાની એરફોર્સે ઘણા પ્લેનના લેન્ડિંગ ગીયર્સ પણ કાઢી નાખેલા. વિમાન એક વાર ઊડ્યા પછી લેન્ડ થવાનું જ ન હોય તો લેન્ડિંગ ગિયરનું શું કામ?

૨,૮૦૦ જેટલા કામિકાઝે એટેક્સ દ્વારા જાપાને મિત્રદેશોના ૩૪ નેવી શિપ્સ ડુબાડ્યા અને ૩૬૮ને ગંભીર નુકસાન પહોંચાડ્યું. પાંચેક હજારને માર્યા અને બીજા એટલા જ લોકોને ઘાયલ કર્યા.

જો કે આ હુમલાઓ દ્વારા જાપાનને ધારી સફળતા ન મળી. અમેરિકનો એન્ટિ એરક્રાફ્ટ ગન્સ વડે ઘણા વિમાનોને આકાશમાં જ તોડી પાડતા. અમુક યુવકોને દબાણ હેઠળ કામિકાઝે બનાવવામાં આવતા હોવાનો વિવાદ પણ ચગેલો તેમ છતાં જાપાનની આ સ્ટ્રેટેજી સાવ નિષ્ફળ પણ નહોતી. જાપાનીઓ મરવાનું પસંદ કરશે, પણ શરણે તો નહિં જ થાય, એ સત્ય અમેરિકન્સને સમજાઈ ગયું.

આ સમજ વિકસવાથી વળી બે વિરોધાભાસી પરિણામ આવ્યા. જાપાનની કમ્મર તોડી નાખવા અમેરિકાએ અણુબૉમ્બ વાપરવાનો નિર્ણય લીધો એ સૌથી ભયાનક પરિણામ. બીજું પરિણામ એ આવ્યું કે અમેરિકાએ જાપાનની ભૂમિ પર કબજો કરવાનો પ્લાન માંડી વાળ્યો. અણુબૉમ્બનો માર ખાધા પછી હારેલા સમ્રાટ હિરોહિતોને સજા કરવાનું તો દૂર, પણ પદભ્રષ્ટ કરવા જેટલું જોખમ પણ અમેરિકાએ ન લીધું. સમ્રાટનું લશ્કર અને શક્તિઓ અત્યંત મર્યાદિત કરી નાખવામાં આવ્યા, પણ શાસન બરકરાર રહ્યું.

અણુબૉમ્બનો ભોગ બન્યા પછીનાં વર્ષોમાં જાપાન આર્થિક મોરચે ઊલટાનું વધુ શક્તિશાળી બની ગયું. પ્રજા પણ વધુ શિસ્તબદ્ધ બની.

હવે કહો, કામિકાઝે હુમલાઓને શૌર્ય ગણવા કે મૂર્ખતા? યુદ્ધ, શૌર્ય, ઝનૂન અને જાનફેસાની એવા શબ્દો છે જેને માપવા માટે સીધાસાદા સરવાળા, બાદબાકી કામ નથી આવતા. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# પતરાં જડવાની ચેષ્ટા...







એક સમય એવો હતો જ્યારે સ્થાપત્યમાં ભૌમિતિક ચોકસાઈનું મહત્ત્વ હતું. તે સમયે પ્રયોજાતા પ્રત્યેક આકાર ગાણિતિક પ્રમાણમાપમાં હતા. આવી ગણનાબદ્ધ રચના જ સુંદર ગણાતી. તેના નિયમબદ્ધ આકાર તથા તેની ગોઠવણમાં કોઈપણ પ્રકારની બાંધછોડ ન હતી કરાતી. આજના સમયમાં પરિસ્થિતિ તેનાથી ભિન્ન છે. હવે નિયમ-મુક્ત આકારનું ચલણ વધતું જાય છે - જાણે હાથના મુક્ત ચલનથી જે રેખા ઊપસે - જે આકાર ઘડાય તેને સ્થાપત્યમાં જડી દેવાય છે. આમાં ક્યાંય ભૌમિતિક અવલંબન નથી કે નથી હોતું કોઈ પણ પ્રકારના નિયમનું બંધન. બસ, મનને ગમી જાય તે જ સુંદર - તે જ સ્વીકૃત. સુંદરતાની શાસ્ત્રીય પરિભાષામાંથી સ્વતંત્રતા અને પછી સ્વચ્છંદતાને જાણે પરોક્ષ રીતે પ્રોત્સાહન અપાતું થયું.

સમાજનો અભિગમ બદલાયો છે. એક સમયે સમાજ સામૂહિક શિસ્તનો આગ્રહી હતો, જ્યારે હવે દરેક સંજોગોમાં મુક્તતાને વધુ પ્રાધાન્ય અપાય છે. એક સમયે સામાજિક નીતિમત્તા તથા નિયમો આધારિત નિર્ણય લેવાતા જ્યારે આજે સ્વ-ની અભિવ્યક્તિને વધારે મહત્વ મળે છે. આ બધી બાબતો સ્થાપત્યમાં પણ પ્રતિબિંબિત થાય તે સ્વાભાવિક છે. આમ પણ સ્થાપત્યને સમાજનું દર્પણ કહેવાય છે.

જોકે સામાજિક મૂલ્યોમાં આવેલા આવા બદલાવ સાથે સ્થાપત્યને મૂર્તિમંત કરતી સામગ્રીમાં પણ બદલાવ આવેલ છે. સ્થાપત્યમાં જે મુક્ત આકાર પ્રયોજાય છે તેની પાછળ બાંધકામની નવીન સામગ્રી તથા તેના ઉપયોગમાં આવેલ નવા તકનીકી અભિગમનો મોટો ફાળો છે. એક સમયે જ્યારે પથ્થર - ઈંટ - લાકડામાંથી જ મકાનો બનાવતા ત્યારે મુક્ત આકારનો સમાવેશ બહુ મુશ્કેલ હોય તે સ્વાભાવિક છે. બાંધકામમાં જ્યારથી કોન્ક્રીટ વપરાતું થયું ત્યારથી જુદા જુદા આકાર પ્રયોજવાની સંભાવના વધી ગઈ. અત્યાર સુધી ભૌમિતિક માળખાથી નિર્ધારિત થતાં આકારથી બંધાય રહેલ સ્થપતિને જાણે હવે પાંખો મળી ગઈ. હવે તેની ઉડાન ઊંચા આકાશમાં છે અને તે જરૂરિયાત પ્રમાણેના આકારવાળા ધાતુ તથા એક્રેલિકના પતરાથી ઈચ્છે તે પ્રમાણે વિહાર કરી શકે છે. વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો જાણે સ્થાપત્યની ક્ષિતિજ વિસ્તરી ગઈ.

પણ, ભૌમિતિક માળખામાં એક પ્રકારની સ્થિર નિષ્ઠા અને અનુભૂતિ હતી. તેમાં ક્યાંક પૂર્ણતા માટે પ્રતિબદ્ધતા પણ હતી. તે પ્રકારની રચનામાં ચોક્કસ પ્રકારની સુંદરતા જળવાઈ રહેવાની સંભાવના પણ હતી. વળી આ સુંદરતાની અનુભૂતિ વ્યક્તિગત નહીં પણ સામૂહિક રહેતી. હવેના સમયમાં પ્રયોજાતા મુક્ત આકાર બંધન વિનાના અને ક્યાંક દિશાહીન ઉડાન જેવા બની રહે છે. પ્રશ્ન એ થાય કે મુક્ત આકારનું આયોજન ક્યાંક દિશા-ચૂક તો નથી ને.

મકાનનો દેખાવ તેના મૂળ આયોજન - પ્લાન - તલ દર્શનને આધારિત હોવો જોઈએ તેમ વિદ્વાનો કહે છે. જ્યારે પ્લાનના મૂળભૂત માળખાને નજરઅંદાજ કરી મકાન ઉપર પતરા જડી દઈ જે આકાર અપાય છે તેનાથી સ્થાપત્યના મૂળભૂત સિદ્ધાંતોને ક્યાંક હાનિ પહોંચે છે. સ્થાપત્યની ગંભીરતા સમજ્યા વગર - સ્થાપત્યનાં મૂલ્યોને મહત્ત્વ આપ્યા વગર માત્ર બિનજરૂરી નાટકીયતા માટે કરાયેલ આ આડંબર છે. બાંધકામની સામગ્રી તથા તકનીકમાં વિકાસ થવો તેનો અર્થ એ નહીં કે સ્થાપત્યની રચનાના મુખ્ય સિદ્ધાંતોને નજરઅંદાજ કરવા. મકાનને બહારથી ચોક્કસ આકાર આપવા મુખોટા જેવી રચના સ્થાપત્યમાં સ્વીકાર્ય ન હોવી જોઈએ. આનાથી સમાજના એક અતિ ગંભીર પાસાને નુકસાન પહોંચે છે.

ફ્રેન્કો ઘેરી તથા કાલાત્રાવા જેવા સ્થપતિએ સ્થાપત્યમાં મુક્ત આકારવાળી રચના પ્રચલિત કરવામાં મોટો ફાળો આપ્યો છે. જોકે આવા આકારની શરૂઆતના પ્રયોગોમાં લી કારબૂઝિયરનું રોંચેપ ચર્ચ મહત્ત્વનો મુકામ છે. ઘેરી તથા કાલાત્રાવાએ મુકત આકારોની જે નવી વ્યાખ્યા આપી છે તેની સામે આ ચર્ચ મુક્ત આકારને વધુ ગંભીરતાથી પ્રસ્તુત કરે છે. ઘેરીની રચનામાં માત્ર પતરા જડીને આકાર અપાય છે તો કાલાત્રાવા મૂળ માળખામાં જ વળાંકાકાર તકનીકી અભિગમનો સમાવેશ કરે છે. ઘેરીનો અભિગમ પતરાનું વિશાળ શિલ્પ રચવાનો જણાય છે તો કાલાત્રાવા તકનીકી રીતે પ્રતિબદ્ધ છે. તેની સરખામણીમાં રોંચેપના ચર્ચમાં કોન્ક્રીટની ક્ષિતિજોને વિસ્તારવાનો પ્રયત્ન કરી મુક્ત આકાર વધુ ગંભીરતાથી પ્રયોજાયો છે.

માત્ર નવીનતા ખાતર કરાયેલા પ્રયોગોનું આયુષ્ય વધુ નથી હોતું. આવી રચના નવી નવી હોય ત્યારે આકર્ષણનું કેન્દ્ર બની શકે પણ સમય જતા જો તેમાં યથાર્થતાનો અભાવ હોય તો સમાજ તેને નજરઅંદાજ કરવા માંડે. એમ જણાય છે કે ઉપયોગ કરીને ફેંકી દેવાના અભિગમવાળા જમાનામાં થોડા સમય માટે પણ ક્લિક થઈ જવાનું મહત્ત્વ છે. એટલા સમયગાળામાં પણ જો જરૂરી માઇલેજ મળી જતું હોય તો સ્થાપત્ય કે ગ્રાહકને કોઈ વાંધો નથી હોતો. પછી તો તે માઇલેજના જે કંઈ લાભ મળે તેને જ માણવાના હોય. આવી વિચારસરણીને પરિણામે સ્થાપત્યમાં ટૂંકા ગાળાના લાભ માટેનું પ્રલોભન હાવી થતું દેખાય છે. ધીમે ધીમે પણ લાંબા ગાળા સુધી પ્રશંસા પામે તેવી રચના માટેની ધીરજ ખૂટતી જતી હોય તેમ જણાય છે.

સ્વાભાવિક છે કે દરેકની પોતાની પસંદગી હોય. આ પસંદગી ઘણી બાબતો પર આધારિત રહે. સ્થાપત્યમાં આકારની પસંદગીમાં ક્યારેક સંવેદનશીલ નિર્ણય લેવાય છે તો ક્યારેક વ્યાપારી આડંબર હાવી બની જાય છે. ક્યારેક તકનીકી બાબતને પ્રાધાન્ય મળે છે તો ક્યારેક પ્રતીકાત્મક બાબત અગત્યની બની રહે. ક્યારેક પ્રવર્તમાન શૈલી તો ક્યારેક વ્યક્તિગત ઈચ્છા પ્રમાણે આકારની પસંદગી થાય. મજાની વાત એ છે કે ક્યારેક આવાં ભિન્ન પરિબળો પણ અંતિમ પરિણામ લગભગ એકસરખું જ આપે છે. ક્યારેક સ્થપતિ ખૂબ સભાનતાપૂર્વક મુક્તતા પ્રયોજે તો ક્યારેક અકસ્માતે જ આવી રચના થઈ જાય.

સ્થાપત્યના દરેક નિર્ણયની સમાજ પર થતી અસરને ગંભીરતાથી સમજવાની જરૂર છે. અહીં મનસ્વીપણાને અવકાશ ન હોવો જોઈએ. પણ આ તો મીડિયા અને પીઆરની રમત છે. અહીં ક્યારે - કોને - કેવા પ્રકારનું પ્રોત્સાહન મળી જાય તે વિશે કંઈ ન કહી શકાય. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# અમારે કરવું શું... કેરીનાં ભજિયાં ખાવા?



ગુજરાતીઓની અડધી જિંદગી ખાવામાં ગઈ. સિઝને સિઝનમાં નક્કી જ હોય કે ક્યારે શું ખાવું. જમાવટ તો તડકો ચાલુ થયો અને ફળની રાણી કેરીની રૂમઝૂમ સવારી હજુ આવી જ રહી હતી ત્યાં નભો મંડળના મંત્રીમંડળમાં ડખા-ડુખી થઈને પૃથ્વી લોકે ભૂલવું પડ્યું.

સાંભળો, અમારા ચુનંદા સંવાદદાતા ચુનીલાલનો લાઈવ રિપોર્ટ સાંભળો...

ઇન્દ્રઃ 'શાંતિ..શાંતિ.. શાંતિ.. આ પૃથ્વીલોકની સંસદ સભા નથી કે દેકારો કરો છો. તમે લોકો રાજકીય નેતા નહીં, દેવગણ છો શાંતિ રાખો...દરેકની વાત સાંભળવામાં આવશે. અગ્નિદેવ, તમે માઇક હાથમાંથી મૂકી ઘો. એ બોલવા માટે છે, ફેંકવા માટે નહીં. લાઈવ-ટેલિકાસ્ટ ચાલુ છે. નામ - સ્વભાવની જેમ આકરા થાવમાં....'

અગ્નિ દેવઃ 'હું છેલ્લાં કેટલા સમયથી બોલવા જાઉં છું ત્યાં વરુણદેવ અટકાવે છે. વાદળાઓ દબાવવાની કોશિશ કરે તે કેમ ચાલે?'

ઇન્દ્ર : 'આ વખતે કોણ બોલશે તે નક્કી કરવા માટે મતદાન થયું ત્યારે વરુણદેવને સૌથી વધારે મત પ્રાપ્ત થયા છે એટલે એમનો હક લાગે.'

અગ્નિદેવ : 'મારે એ કહેવું છે કે મારું કુટુંબ મને મત આપે છતાં એ મત નીકળે નહીં તો મારે શું સમજવું? નક્કી ઈ.વી.એમ.માં ગડબડી છે. પહેલા આપણે અહીં નિયમ હતો આંગળી ઊંચી કરી અને મત આપતા હતા .એ જૂનો નિયમ પાછો ચાલુ કરો. 'વારા ફરતી વારો, તારા પછી મારો' તો હવે મારો વારો છે. ક્યારેક ક્યારેક તો ડોકા કાઢવા દ્યો.... આમાં વાયુદેવ ક્યારે આવશે? ગરમીથી માહોલ ક્યારે બનશે? પછી હું તો ફેબ્રુઆરીથી ચાલુ પડી જઈશ અને છેક જુલાઈ સુધી કેડો નહીં મૂકુ, પછી મને ના કહેતા. મારા સપોર્ટમાં સૂર્યનારાયણ દેવ છે જ હું પૃથ્વી પર એક ચક્કર મારી આવું.'

હજી બહાર નીકળે ત્યાં તો કોલાહલ થયો.

'જોયુ? હું હજી બહાર નીકળવા જાઉં છું ત્યાં વાદળાએ રસ્તો રોક્યો અને વર્ષારાણી પોતાના રથમાં ફરવાં પણ નીકળી ગયાં આમ થોડું ચાલે? અને મને શાંત પાડવા આમ વરસાદ ના મોકલો, મારો જીવ બળતો હોય ત્યારે એમ ટાઢક ના થાય...'

ચુનિલાલની લાઈવ કોમેન્ટ્રીઃ

'જોઈએ, હવે આ ડખો ક્યારે પતે છે. ચાલો પૃથ્વી ઉપરના જીવ પાસે જઈ અને એમનો મત જાણીએ....

'હા, તો સરલાબેન તમારું નામ શું છે?'

'સરલુ... તમારા ભાઈ વરસાદની સિઝનમાં મને સરલુ કહે છે....આજે સવારથી જ અમારાં બંને વચ્ચે ખેંચતાણ ચાલે છે. હું કહું છું કે આ માવઠાને કારણે કેરીનો પાક બગડી જશે એટલે તાત્કાલિક કેરી લઈ આવો અને તમારા ભાઈ કહે છે વરસાદી વાતાવરણ છે તો ભજિયા બનાવો... '

ચુનીલાલ મીડિયાના માણસ સાથે સમાજ સેવક પણ ખરો એટલે તરત જ એણે રસ્તો કાઢી દીધો :

'સરલાબેન, કેરીના ભજિયા બનાવો. મિલીજુલી સરકારને કારણે મગજમારી નહીં થાય...'

તરત જ સરલાબેનના પતિ કાંતિ ક્વાટરે વિરોધનો ધોકો ઘાલ્યો, ખાટા- મીઠા ભજિયા બાઈટીંગમાં ન જાય...'

આખા કાર્યક્રમની હવે ખબર પડી એટલે તરત જ અમારા સંવાદદાતા ચુનીલાલ ચંચુપાતીએ 'હું શીંગ લેતો આવીશ' કહીને કાંતિને કેરીના ભજિયા બનાવવા દેવા એ વાતમાં મનાવી લીધો અને પોતાનું પણ સાજુ કરી લીધું છે.

ગુજરાતીઓ સંબંધ રાખવામાં બહુ ધ્યાન રાખે છે.

જેવો માર્ચ મહિનો ચાલુ થાય એટલે તરત જ જૂનાગઢ પંથક, વલસાડ વિસ્તાર, રત્નાગીરી વિસ્તાર, વગેરેમાં રહેતા મિત્રો સગાંવાલાઓને ફોન કરી અને ખબર - અંતર પૂછવાનું ચાલુ કરે, કારણ કે મહિના દોઢ મહિના પછી કેરીઓ બજારમાં આવવાની શરૂ થાય ત્યારે સીધી કેરીની ડિમાન્ડ કરવા ફોન કરવો થોડું સ્વાર્થી પણુ લાગે. એટલે એપ્રિલ આવતા જ સંબંધોમાં એટલું બધું મોણ નાખે કે સામેવાળો શરમાઈને પણ એકાદ પેટી કેરી મોકલી દે.

જોકે, હવે આ કેરી વિસ્તારના ગુજરાતીઓ પણ તૈયાર થઈ ગયા છે અને જે કોઈ કેરીની પેટી મંગાવે એને આખો પરિવાર સાગમટે કેરી દેવા જાય અને એકાદ અઠવાડિયું રોકાય અને એક પેટી કેરીમાં સાથે પોતે પણ પરિવાર સાથે ખાય. અઠવાડિયું ટૂંકું પણ થાય... આવી આવડત હવે તે લોકોએ કેળવી લીધી છે.

કેરીની આવી માગીના ભોગ બનેલા પરિવારોએ તો આવતા વર્ષે કેરીના ફોટા સામે પણ જોવું નહીં તેવી બાધા લઈ લીધી છે.

ચુનીલાલ લાઈવ કોમેન્ટ્રીઃ

'ચાલો, પાછો વરસાદ ચાલુ થયો. નવા પરણેલાઓ વરસાદ શરૂ થતા જ પત્ની સામું સૂચક નજરે જુએ અને પત્ની પણ શરમાઈને મૌન રીતે પાંપણ ઢાળીને સહમતી પણ આપે.

બીજું કાંઇ ના વિચારો ...અહીં ભજિયા બનાવવાની જ વાત થાય છે. તમે પણ આશા ભરી નજરે તમારી પત્ની સામું જુઓ સામે ડોળા ના નીકળે તો ભલે કેરીના તો કેરીના ભજિયા ની મજા માણો...

ચાલો, તો હું ચુનિલાલ-તમારો ચુનંદો લાઈવ કોમેન્ટેટર તમારી વિદાય લઉં છું. વરસાદમાં મોજ કરો..બાય!' ■

### વિચારવાયુ

*'ઓપરેશન સિંદૂર'થી આશા જાગી છે કે પી.ઓ.કે. હવે બી.ઓ.કે. બનશે....!*

સ્પોર્ટ્સ મૅન

સાશા
feedback@bombaysamachar.com

# સીએસકેની નિષ્ફળતા માટે એકમાત્ર ધોની જ જવાબદાર શા માટે?

## ચેન્નઈ એક્સપ્રેસ પાટા પરથી ખડી પડી એ માટે માત્ર એન્જિન (માહી) જ કારણરૂપ નથી, તમામ ડબ્બા પણ ડગમગી ગયા છે એનું શું?





પ્રચંડ સૂરજ પણ છેવટે એક દિવસ ઢળતો જ હોય છે. મહેન્દ્રસિંહ ધોની જેવો પ્રચંડ સૂરજ પણ ઉંમર વધવાને લીધે અત્યારે ક્રિકેટ કારકિર્દીના સંધ્યાકાળે છે. એટલે સ્વાભાવિક છે કે આઇપીએલ-૨૦૨૫માં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)નું પ્રદર્શન ધાર્યા જેટલું સારું નથી રહ્યું. આ સીઝનમાં સીએસકેની ટીમ એક પછી એક મૅચમાં હારતી રહી એનાં અનેક કારણો છે. ધોનીની નિષ્ફળતા જ એકમાત્ર કારણ નથી. ઘણાને લાગ્યું હશે કે ધોની એકંદરે ફ્લૉપ રહ્યો એટલે જ પાંચ ટાઇટલ જીતનાર સીએસકેએ વળતા પાણી જોવા પડ્યા. જોકે કૅપ્ટન્સીમાં બદલાવ અને રણનીતિમાં અસ્થિરતા જેવાં કારણો મુખ્ય સ્થાને હતાં.

સીએસકેની કૅપ્ટન્સીની જવાબદારી ઋતુરાજ ગાયકવાડને સોંપાઈ હતી, પરંતુ તે ઈજા પામતાં સ્વાભાવિક છે કે નેતૃત્વની જવાબદારી ફરી ધોની પર જ આવી પડી. એક પછી એક પાંચ મૅચના પરાજયને પગલે ધોનીના સુકાન પર બોજ વધી ગયો હતો. આ વખતની સીઝનના ઑલ્ડેસ્ટ ખેલાડી ધોનીએ ૪૩ વર્ષની મોટી ઉંમરે સીએસકેની કૅપ્ટન્સી સંભાળવાની જવાબદારી સ્વીકારી તો લીધી, પણ ટીમની રણનીતિ અને મનોબળમાં ખાસ કોઈ અસર નહોતી જોવા મળી. જોકે એ માટે કોઈ એક ખેલાડીની નિષ્ફળતાનું કારણ નહોતું. ખુદ ધોનીએ સ્વીકાર્યું હતું કે 'આ ટીમ મોટી ભાગીદારીઓના અભાવ અને સ્થિતિને સમજવામાં નિષ્ફળ રહી.'

આ જ કારણોસર સીએસકેની ટીમ સીઝનમાં પહેલી ૧૦માંથી માત્ર બે મૅચ જીતી શકી હતી.

આ સીઝનમાં સીએસકેની શરૂઆત જ ખરાબ થઈ હતી. પહેલી મૅચમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે એનો ખરાબ રીતે પરાજય થયો હતો અને એને લીધે એની નબળી બૅટિંગ શરૂઆતથી જ ઉઘાડી પડી ગઈ હતી. બીજી મૅચ દિલ્હી કૅપિટલ્સ સામે હતી અને એમાં પણ સીએસકેની ટીમ અસલ પ્રભાવ પાડ્યા વગર હારી ગઈ હતી. એ પરાજયમાં સૌથી મોટું કારણ એ હતું કે બૅટિંગમાં એનો ટૉપ-ઑર્ડર ફ્લૉપ રહ્યો હતો. ત્રીજી મૅચમાં કોલકાતા નાઇટ રાઇડર્સ સામે રણનીતિમાં ક્ષતિ હોવાને કારણે અને ચોથી મૅચમાં રાજસ્થાન રૉયલ્સ સામે રન બનાવવાની ધીમી ગતિને લીધે હારી ગઈ હતી. પાંચમી મૅચ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ સામે હતી જેમાં સીએસકેનો મિડલ-ઑર્ડર ખુલ્લો પડી ગયો હતો.

લાગલગાટ પાંચ મૅચના પરાજય બાદ છેક છઠ્ઠી મૅચમાં સીએસકેનો લખનઊ સુપર જાયન્ટ્સ સામે વિજય થયો હતો. ખૂબીની વાત એ છે કે જે ધોનીને આ સીઝનમાં સીએસકેની નિષ્ફળતાના મુખ્ય કારણ તરીકે જવાબદાર ગણાવવામાં આવી રહ્યો છે એ જ ધોનીએ એ મૅચમાં પોતાની મૅચ-ફિનિશિંગના કૌશલ્યથી સીએસકેને જીત અપાવી હતી. જોકે આ વિજય સાથે સીએસકે પોતાની હારની હારમાળા સાવ રોકી નહોતી શકી, કારણકે નવી મૅચમાં સીએસકેનો પંજાબ કિંગ્સ સામે અંતિમ ઓવર્સમાં પડેલી વિકેટોને કારણે પરાજય થયો હતો. ત્યાર બાદ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે સીએસકેની બોલિંગ સરિયામ નિષ્ફળ રહી હતી.

એ રીતે, સીએસકે હારની લાંબી હારમાળા બાદ એક જ મૅચ જીત્યા પછી ફરી હારવા લાગી હતી અને પ્લે-ઑફમાં પહોંચવાની એની સંભાવના પર ત્યારે જ પૂર્ણવિરામ લગભગ મુકાઈ ગયું હતું. બીજી રીતે કહીએ તો પ્લે-ઑફ માટેના એના લગભગ બધા દરવાજા બંધ થઈ ગયા હતા. જો બે મૅચમાં સીએસકેએ ચમત્કારિક પ્રદર્શન કર્યું હોત તો એના માટે આશાનું કિરણ ફૂટ્યું હોત. પ્લે-ઑફની સંભાવના નહીં જેવી હતી અને ત્યારે ધોનીના સુકાનમાં ચેન્નઈની ટીમે નવમી મૅચમાં ગુજરાત ટાઇટન્સ (જે હાલમાં પૉઇન્ટ્સ-ટેબલમાં સર્વોચ્ચ સ્થાને છે) સામે ઑલરાઉન્ડ પર્ફોર્મ કરીને અસલ મિજાજ બતાવ્યો હતો અને વિજય મેળવ્યો હતો. જોકે ફરી સીએસકેએ હારવાનું શરૂ કર્યું અને પંજાબ સામેની એ મૅચમાં હારનું સૌથી મોટું કારણ એ હતું કે પંજાબના યુઝવેન્દ્ર ચહલે એમાં હૅટ-ટ્રિક લીધી હતી.

સીએસકે ૧૦માંથી આઠ મૅચ હારી એ માટે ૪૩ વર્ષીય ધોનીનું જ ખરાબ પ્રદર્શન કારણરૂપ હતું એવું નથી. તેણે લખનઊ સામે ૧૧ બૉલમાં આક્રમક ૨૬ રન બનાવીને મૅચને બહુ સારી રીતે ફિનિશ કરી આપી હતી એટલું જ નહીં, તેણે ટીમને શાનદાર જીત પણ અપાવી હતી.

ધોનીની અપૂરતી ફિટનેસ અને મર્યાદિત ફટકાબાજીને લીધે સીએસકેની ટીમે પરાજય જોવા પડ્યા એવું નથી. સમગ્ર ટીમની નિષ્ફળતા પણ કારણરૂપ છે. ટૉપ-ઑર્ડરમાં રચિન રવીન્દ્ર અને ડવૉન કૉન્વે સરિયામ નિષ્ફળ રહ્યા. તેઓ મોટી ભાગીદારીઓ નહોતા કરી શક્યા અને પછી રાહુલ ત્રિપાઠી તથા શિવમ દુબે પણ જોઈએ એવું ન રમ્યા. રવીન્દ્ર જાડેજા અને આર. અશ્વિન પ્રભાવ નહોતા પાડી શક્યા. મુખ્ય કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ શરૂઆતના તબક્કામાં ઈજા પામતાં સીએસકેની ગાડી પ્રારંભથી જ ખડી પડી હતી અને પછી અનેક કોશિશ કરવા છતાં ગાડી પાછી પાટા પર ન આવી શકી. થોડી ચૂક તો ટીમ-મૅનેજમેન્ટની પણ કહેવાય. રાજસ્થાન સામેની મૅચમાં ધોનીને છેક સાતમા ક્રમે બૅટિંગમાં મોકલવાનો નિર્ણય ચર્ચાસ્પદ હતો. કારણ એ છે કે ત્યાં સુધીમાં તો મૅચમાં કમબૅક કરવાની સીએસકેના હાથમાંથી તક છીનવાઈ ચૂકી હતી.

ધોનીને વારંવાર સ્નાયુઓનો દુખાવો થયો હોવાથી આ સીઝનમાં તે લગભગ અડધો ફિટ છે એમ પણ કહી શકાય.

ટૂંકમાં, ૨૦૨૫ની સીઝનમાં સીએસકેની નિષ્ફળતા ફક્ત ધોનીને કારણે નહીં, ટીમના અનેક ખેલાડીઓના નબળા પર્ફોર્મન્સને લીધે રહી છે. ■

---

શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ભાગતી ટ્રેનમાં... થંભેલા આપણે!



માણસના જીવનની અને દુનિયા ચાલવાની, બેઉની ગતિ આજકાલ કમાલની વધી ગઈ છે. કદાચ એટલે જ લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ પહેલાં કરતાં વધારે ઝડપથી પહોંચે છે. જે જ્યાં છે, ત્યાંથી બીજી જગ્યાએ પહોંચે: 'એનું નામ જ જીવન.'

લગભગ છેલ્લાં ૫૦-૧૦૦ વર્ષોથી માણસજાત સતત એમાં જ મશગૂલ છે કે એકથી બીજી જગ્યાએ પહોંચવાના રસ્તાઓ ને સાધનો ઝડપી ને પૂરતા પ્રમાણમાં કેમ બને? રસ્તાઓ બનાવવા ને પછી એને પહોળા કે મજબૂત કરવા, નવી નવી ગાડીઓ, બસો, એરપોર્ટ, બુલેટ ટ્રેનો, નાના-મોટા વિમાનો, મોટરસાઈકલો, સ્કૂટર, રિક્ષા વગેરેની શોધ કર્યે જ રાખવી! આને જ આપણે 'વિકાસ' કહીએ છીએ. આજે માણસ ફોનથી દુનિયાના બીજે છેડે, આરામથી વાત કરે છે કારણ કે વાયરો કે સેટેલાઇટ, નેટવર્ક અવાજને ત્યાં પહોંચાડે છે, છાપું, ટી.વી., રેડિયો, કમ્પ્યુટર, મોબાઇલ..બધે ઓનલાઇન ઓફલાઇન ને દુનિયાભરના સમાચાર હાજર.

જોકે,બીજી તરફ, ચંપાનું ઝાડ એટલો જ સમય લઇને સુગંધિત ફૂલ આપે છે જેટલું ચંદ્રગુપ્ત મૌર્યના જમાનામાં આપતું હતું. એક છોકરી એટલા જ વર્ષમાં જુવાન થાય છે જેટલી હડપ્પાની પ્રાચીન સંસ્કૃતિમાં થતી હતી. પ્રસૂતિમાં એટલા જ મહિના લાગે છે જેટલા વૈદિકકાળમાં લાગતા હતા. આખું શેક્સપિયર વાંચવામાં મને એટલો જ સમય (અને કંટાળો) લાગ્યો જેટલો મારા બાપને પણ લાગ્યો હતો. બી.એ. કરવામાં આપણને એટલો જ સમય લાગે છે જેટલો પહેલાં લાગતો. નોકરી મળવામાં એટલી જ મુશ્કેલીઓ આવી રહી છે જેટલી પહેલાં પણ આવતી હતી.

એ રીતે જોવા જાવ તો સમયરેખા પર માણસનું પગલું હજી લાંબુ નથી થયું. સ્ત્રી તૈયાર થવામાં આજે પણ ઓછો સમય નથી લેતી. અત્યારે પણ પ્રેમપત્ર લખવામાં એટલો જ ટાઇમ લાગે છે, જેટલો 'ઓખા હરણ'માં રાજકુમારી ઉષા અને અનિરુદ્ધને લાગતો હતો,

પણ તોયે લગભગ જીવનની ઝડપ પહેલાં જેવી જ છે. મોટી નવલકથા જલદી પૂરી નથી થતી અને જાડી સ્ત્રી જલદી પાતળી થતી નથી, પણ હા, જીવન ને સંસારનો અર્થ અને લક્ષ્ય એક જગ્યાએથી બીજી જગ્યાએ જલદી જલદી પહોંચી જવાનો જ હોય તો વાત અલગ છે. બાકી દુનિયા, પૃથ્વી સૂર્યની ફરતે ચક્કર લગાડવામાં એટલો જ સમય લે છે. કોઈ વર્ષ જલદી કેમ પસાર થતું નથી? આમ છતાં, આપણને ઝડપથી થતાં વિકાસ પર ગર્વ છે.

આપણે બધાં ટ્રેનનાં ડબ્બામાં બેઠેલા લોકો જેવા છીએ. આપણે પોતે તો ઝડપથી ચાલી શકતાં નથી. આપણે જે ડબ્બામાં બેઠા છીએ એ ફાસ્ટ ચાલી રહ્યો છે. આપણે એ કલ્પનામાં જ રાચીએ છીએ કે આપણે ઝડપથી આગળ વધી રહ્યા છીએ. આપણી ટ્રેજેડી એ છે કે આપણી બાજુના પાટા પર પણ એક ટ્રેન એ જ દિશામાં આગળ વધી રહી છે, જે દિશામાં આપણી ટ્રેન જઈ રહી છે! એ ટ્રેન પાછળથી આવી અને હવે બરાબર અમારી ટ્રેનની સાથે ચાલી રહી છે. આપણને ડર એ વાતનો છે કે એ આપણી ટ્રેનથી પેલી આગળ ના નીકળી જાય.

જોકે, અમે ઝડપથી આગળ વધવામાં વિશ્વાસ કરીએ છીએ પણ તોયે પેલી બીજી ટ્રેન આગળ નીકળી જાય એ પચતું નથી.

કદાચ આપણે એ જ નથી જાણતા કે આપણું છેલ્લું સ્ટેશન કયું છે?, આપણે ક્યાં ઉતરવાનું છે, બીજી ટ્રેન આગળ જઈને કઈ દિશામાં આગળ વધશે?

ઝડપથી પહોંચીને આપણે કે બીજી કોઇપણ ટ્રેનમાં બેઠેલા લોકો શું કરી લશે?

ખેર, અત્યારે તો પ્રોબ્લેમ એ છે કે સાલી એક ટ્રેન અમારી બરાબર બાજુના પાટા પર ચાલી રહી છે ને કદાચ એ આગળ નીકળી જશે.

આપણો આખો દિવસ બીજાને જોવામાં જ નીકળી જાય છે. એ વિચારીને કે સામેવાળો આપણાથી આગળ ન નીકળી જાય અને જો એ પહેલેથી આગળ નીકળી ગયા હોય તો એ એનાથી આગળ ન જાય, ધીમો પડી જાય અને આપણે ત્યાં સુધી પહોંચી જઈએ, કાં તો આપણે એનાથી આગળ પણ નીકળી જઈએ.

1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2588)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીત સંધ્યા'', ''લગ્નગીત'', ''બથડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૫૮૫૮/એ)

**વિનોદ શાહ**
ભાવયાત્રા સાંજી પ્રાર્થનાસભા બજેટ હોય તો જ ફોન કરશો 9821540500. (૧૫૯૦૩-એ)

## ૨૭. ઔષધ ઉપચાર

**કોઢ-સોરાયસીસ**
ખરજવું- ચામડીની એલર્જી-વેરીકોઝ વેઈન્સ, અલ્સર, સંધિવાનીજળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં - ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૯૨૬)

## ૩૧. નાણાંકીય

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

## ૩૨. જમીન-મિલકત

**ઉમરગાંવ (ઈસ્ટ)**
20 એકર જમીન વેચાણથી, બંગલા સ્કીમ, હાઉસિંગ અથવા ફાર્મહાઉસ માટે યોગ્ય 20 એકર જમીન. મુખ્ય રસ્તાથી માત્ર 1.5 કિ.મી. અંતરે - ઉમરગાંવ (ઈસ્ટ), ગુજરાત. માત્ર રસ ધરાવતા ડેવલપર અથવા વપરાશકર્તાઓ જ સંપર્ક કરે: અશોક શાહ - ૯૮૨૧૦૩૬૫૫૨. (૧૫૮૯૩-એ)

**બંગલો વેચાણથી**
ગ્રાઉન્ડ+૨ માળ, ૫૩૩૫ સ્કવેર ફીટ, પાબળ, જીલ્લો પૂને, તીર્થ સ્થાન મણીભદ્ર મંદિર, પાબળ પાસે. સંપર્ક: 9820547686. (બી-૧૫૯૫૪)

**જમીનમાં રોકાણ**
લિંબડી પાસે સસ્તી જમીનો ખરીદી કરી સારો નફો મેળવો. 9819568815. (૧૫૯૦૪-એ)

■ સાપુતારા હટગઢ ખાતે ફાઈનલ NA પ્લોટ ઉપલબ્ધ છે. અલગ 7/12, હમણાં જ ખરીદો. સંપર્ક:- મગરે સર 9421520090. (બી-૧૫૯૪૦)

**LAND IN TITHAL VALSAD**
**14362 Square Metres Multi-Purpose N. A. Land Clear Title and Possession 500 Metres from Tithal Beach 9998877533. (B-15959)**

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૮૪)

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રકચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોંઈટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૯૦૮)

## ૩૩. ધંધાદારી

**''કેસર કેરી''**
વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ'' - 9820776583 / 9892298963. (૧૫૮૭૭-ડી)

■ ઘરે ડ્રોન પીપરડીશ બનાવો. દર મહિને 30-35 હજાર કમાઓ. બે વર્ષનો કરાર - 9028160157. (બી-૧૫૯૬૫)

**''મેડિક્લેમ''**
ફેમિલી ફ્લોટર પોલીસી - ૦થી ૭૫ વર્ષ સુધી. નો મેડિકલ ટેસ્ટ -(૧૦ લાખથી ૧ કરોડ) કેશલેશ કાર્ડ. 'દીલીપભાઈ' - 9136621227, 9321554532. (બી-૧૫૯૬૩)

**SARTHAK BIRD NET**

કબુતર જાળી
ચૂહા જાળી
ઈનવીઝીબલ ગ્રીલ
નાયલોન સેફ્ટી નેટ
૩ વર્ષની વોરંટી
Jitu
**93214 74132**
(બી-૧૫૯૦૫)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***વર્લ્ડ ફેમસ એસ્ટ્રોલોજર***
ગૃહકલેશ શત્રુબાધા લગ્નમાં રૂકાવટ લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9594577543/ 9773255055. માલાડ (વેસ્ટ). (બી-૧૫૯૧૮)

## ૪૨. કોમ્પ્યુટર્સ

**"WE PURCHASE SCRAP COMPUTERS"**
**"Old Household Furniture" A.C. etc. at "Reasonable Rate" "Contact": "Zaheeruddin" : 95947 86957. (SDBG-2584)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**હરે ક્રિષ્ના સર્વિસીસ (1997)**
ઉધઈ, વાંદા, માંકડ 100% અસરકારક, કારપેટ, ચેર, સોફાગાદી ક્લીનીંગ, ફ્લેટ, ઓફિસ ડીપક્લિનિંગ હાઉસકીપિંગ, લેબર સપ્લાય. - 9892747758/ 9702875877. (જેપી/૪૯૮૮-બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૮૯૬-એ)

## ૪૬. વોટર પ્રુફિંગ

**બિલ્ડિંગ રીપેરીંગ**
વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટિંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ. સંપર્ક: 9987414990, 9867077530. (૧૫૮૯૬-ઈ)

**વોટર પ્રુફિંગ**
**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, ક્રેક ફિલિંગ, આઉટસાઈડ વૉલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031.** (૧૫૭૯૪-ઈ)

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેઈન્ટીંગ. 9594599769. (૧૫૩૪૯/સી)

**લીકેજ સોલ્યુશન**
**વોટર પ્રુફીંગ, ટેરેસ, સાઈડ વોલ, ક્રેક ફીલિંગ, રીપેરીંગ, પેઈન્ટીંગ. 9892901140/ 9987694771. (૧૫૯૦૨-જી)**

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સોલ્યુશન**
**ટેરેસ, પેરાપીટ વોલ, છજ્જા, આઉટસાઈટ વૉલ, ક્રેક ફીલીંગ, પ્લાસ્ટરીંગ વીથ પેઈન્ટીંગ, ASIAN PAINT, રૂફ કુલ. 5-7 વર્ષની ગેરંટી સાથે. 9320210293. (૧૫૯૦૨-ઈ)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૯૪૨)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## વેપાર વાણિજ્ય

# નાપાક પાડોશી દેશને ભારતના જડબાતોડ જવાબ વચ્ચે સાવચેતીના માનસને કારણે શૅરબજારમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારતે કાયર અને ઘાતકી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હોવા છતાં સરહદી લશ્કરી અથડામણોમાં સતત વધારો થઇ રહ્યો હોવાથી સાવચેતીના માનસ વચ્ચે વેચવાલીનું દબાણ વધી જતાં સેન્સેક્સ અને નિફ્ટીએક ટકાથી વધુ તૂટ્યા હતા.

સેન્સેક્સ ૮૮૦.૩૪ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા ઘટીને ૭૯,૪૫૪.૪૭ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૬૫.૮૦ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા ઘટીને ૨૪,૦૦૮ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો. બજારમાં મોટાભાગે રેન્જબાઉન્ડ ટ્રેડિંગ રહ્યું હતું. આ સપ્તાહ દરમિયાન, સેન્સેક્સ અને નિફ્ટી એક ટકાથી વધુ ઘટ્યા છે. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ ફ્લેટ બંધ થયો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૩ ટકા ઘટ્યો હતો.

સેન્સેક્સમાં આઇસીઆઇસીઆઇ બેન્ક, પાવર ગ્રીડ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફાઇનાન્સ, એચડીએફસી બેન્ક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, બજાજ ફિનસર્વ, અદાણી પોર્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા તથા એનટીપીસી ટોપ લૂઝર્સ હતા. સારા પરિણામને કારણે ટાઇટન કંપનીમાં ચાર ટકાનો અને લાર્સન એન્ડ ટૂબ્રોમાં ચાર ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

અન્ય ટોપ ગેનર્સમાં ટાટા મોટર, સ્ટેટ બેન્ક અને એશિયન પેઇન્ટનો સમાવેશ હતો. જ્યારે નિફ્ટીમાં આઇસીઆઇસીઆઇ બેંક, પાવર ગ્રીડ કોર્પ, અલ્ટ્રાટેક સિમેન્ટ, શ્રીરામ ફાઇનાન્સ, ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ મુખ્ય ઘટનારા શેરોમાં સામેલ હતા, જ્યારે ટાઇટન કંપની, ટાટા મોટર્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, ભારત ઇલેક્ટ્રોનિક્સ, હીરો મોટોકોર્પ ટોપ ગેઇનર્સમાં સામેલ હતી. પારસ ડિફેન્સ, હિન્દુસ્તાન એરોનોટિક્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ઝેન ટેક્નોલોજીસ સહિતના સંરક્ષણ શેર બધી આઠ ટકા વધ્યા હતા.

જાહેર ક્ષેત્રની યુનિયન બેંક ઓફ ઈન્ડિયાનો માર્ચ ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૫૦ ટકા વધીને રૂ. ૪,૯૮૫ કરોડ નોંધાયો છે. બેંકે ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૩,૩૧૧ કરોડનો ચોખ્ખો નફો મેળવ્યો હતો. આ ક્વાર્ટરમાં કુલ આવક વધીને રૂ. ૩૩,૨૫૪ કરોડ થઈ છે, જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં રૂ. ૩૧,૦૫૮ કરોડના સ્તરે હતી. ડિરેક્ટર બોર્ડે શેરદીઠ રૂ. ૪.૭૫ના ડિવિડંડની ભલામણ કરી છે. એલએન્ડટીનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ માર્ચ ક્વાર્ટરમાં ૨૫ ટકા વધીને રૂ. ૫૪૯૭ કરોડ નોંધાયો છે, જ્યારે ટાઇટનનો કોન્સોલિડેટેડ પ્રોફિટ ૧૩ ટકા વધીને ૮૭૧ કરોડ નોંધાયો છે. બ્રિટાનીયાનો ચોથા ક્વાર્ટરનો નફો ૪.૨ ટકા વધીને રૂ. ૫૫૯.૧૩ કરોડ નોંધાયો છે. રવિ ઇન્ફ્રાએ ડીઆરએચપી જમા કરાવ્યું છે.

બ્લો મોલ્ડેડ અને ઇન્જેક્શન મોલ્ડેડ ઉત્પાદનોના અગ્રણી વૈશ્વિક ઉત્પાદકોમાંની એક મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ ના ચોથા ક્વાર્ટરમાં ૯.૬૪ ટકાના વધારા સાથે રૂ. ૯૦.૫૧ કરોડની કુલ આવક, ૯.૩૯ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૮.૨૩ કરોડનો એબિટા, ૨૫.૧૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩.૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ઝાઇડસને જેનેરિક ડ્રગ્સ માટે યુએસએફડીએ મંજૂરી મળી છે. પ્રિસિઝન ઔદ્યોગિક કાસ્ટિંગના અગ્રણી ઉત્પાદક, નિકાસકાર અને સપ્લાયર્સ કેપ્ટન ટેક્નોકાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના બીજા છ મહિનાના ઓડિટેડ નાણાકીય પરિણામોમાં વાર્ષિક ધોરણે ૪૩.૫૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૯૩.૫૨ કરોડની કુલ આવક, ૭૮.૬૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૩.૦૭ કરોડનો એબિટા, ૧૦૯.૨૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૮.૦૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે નઓપરેશન સિંદૂરથ હેઠળ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) અને પાકિસ્તાનમાં નવ આતંકવાદી સ્થળો પર ચોક્કસ મિસાઇલ હુમલા કર્યા હતા. આ પછી ગુરુવારે રાત્રે ભારતે જમ્મુ અને પઠાણકોટ સહિત પાકિસ્તાનના લશ્કરી સ્થળો પર ડ્રોન અને મિસાઇલોથી હુમલો કરવાના નવા પ્રયાસોને ઝડપથી નિષ્ફળ બનાવ્યા, આમ છતાં નાપાક શત્રુ રાષ્ટ્રએ સરહદે ઘમાસાણ યુદ્ધ ચાલુ રાખ્યું છે.

રસપ્રદ વાત એ છે કે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવાર સુધી ભારતીય બજારમાં રોકાણ કરવાનું ચાલુ રાખ્યું હતું, જ્યારે રીટેલ રોકાણકારોમાં હાલ થોડું સાવચેતીનું માનસ જોવા મળ્યું છે. એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૨,૦૦૭.૯૬ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના કોસ્પી અને શાંઘાઈના એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થિર થયા, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ગ્રીન ઝોનમાં બંધ થયો હતો. યુરોપિયન બજારો ઊંચા મથાળે વેપાર કરી રહ્યા હતા. યુએસ બજારો ગુરુવારે હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલબેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૫૩ ટકા વધીને ૬૩.૮૦ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ગુરુવારે, સેન્સેક્સ ૪૧૧.૯૭ પોઈન્ટ અથવા ૦.૫૧ ટકા ઘટીને ૮૦,૩૩૪.૮૧ પર બંધ થયો. નિફ્ટી ૧૪૦.૬૦ પોઈન્ટ અથવા ૦.૫૮ ટકા ઘટીને ૨૪,૨૭૩.૮૦ પર બંધ થયો હતો.■

# સોનામાં ₹ ૬૧૪નો ઘટાડો, ચાંદી ₹ ૫૦૧ વધી

મુંબઈઃ અમેરિકા અને બ્રિટન વચ્ચેની ટ્રેડ ડીલ અંગેના પ્રોત્સાહક અહેવાલે આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૨૭૪.૩૮ ડૉલર સુધી ઘટ્યા બાદ રોકાણકારોનું નીચા મથાળેથી બાર્ગેઈન હંન્ટિંગ નીકળતા સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જ્યારે ચાંદીમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં રૂપિયામાં બાવીસ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હોવાથી અને ગઈકાલના નિરુત્સાહી અહેવાલે વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧૧થી ૬૧૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૫૦૧નો સુધારો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૫૦૧ના સુધારા સાથે વેરા રહિત ધોરણે રૂ. ૯૫,૭૨૬ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને રૂપિયો મજબૂત થતાં હાજરમાં વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧૧ ઘટીને રૂ. ૯૬,૦૩૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૧૪ ઘટીને રૂ. ૯૬,૪૧૬ના મથાળે રહ્યા હતા. ■

# ક્રિકેટરો, કોચિંગ સ્ટાફનો ૪૦-૫૦ વાહનોનો કાફલો કાંગડા પોલીસની દેખરેખમાં નીકળ્યો અને પંજાબ પોલીસે પછી જવાબદારી ઉપાડી

### ૨૫,૦૦૦ પ્રેક્ષકોવાળું આખું સ્ટેડિયમ ૨૦ મિનિટમાં ખાલી કરાવાયું!



ધરમશાલાઃ હિમાચલ પ્રદેશના આ રમણીય શહેરના મેદાન પર પંજાબ-દિલ્હી વચ્ચેની આઇપીએલ મૅચ ગુરુવારે રાત્રે ભારત-પાકિસ્તાન વચ્ચેના ભીષણ જંગને પગલે અધવચ્ચેથી રદ કરવામાં આવી ત્યાર બાદ બન્ને ટીમના ખેલાડીઓ, સપોર્ટ સ્ટાફના મેમ્બર્સ સહિત અનેક જણને ભારે સલામતી વચ્ચે બે રાજ્યની પોલીસની દેખરેખમાં ધરમશાલાથી જલંધર થઈને દિલ્હી કેવી રીતે પહોંચાડવામાં આવ્યા એની વિગતો ખૂબ રસપ્રદ છે.

હિમાચલ પ્રદેશના કાંગડા ક્ષેત્રનાં પોલીસ સુપરિન્ટેન્ડન્ટ શાલિની અગ્નિહોત્રીએ પીટીઆઇને જણાવ્યું હતું કે ' શુક્રવારે સવારે બન્ને ટીમના ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ, બ્રૉડકાસ્ટરના કર્મચારીઓ તેમ જ અધિકારીઓનો સમાવેશ ધરાવતા ૪૦થી ૫૦ નાના વાહનોને ભારે સલામતી બંદોબસ્ત વચ્ચે ધરમશાલાથી હોશિયારપુર થઈને જલંધર રેલવે સ્ટેશન ખાતે પહોંચાડવામાં આવ્યા હતા અને ત્યાંથી તેમને સ્પેશિયલ ટ્રેનમાં દિલ્હી પહોંચાડવામાં આવ્યા હતા.'

ક્રિકેટરો તેમ જ સપોર્ટ સ્ટાફ સહિત આઇપીએલ સાથે સંકળાયેલાઓને વિમાનીસફરમાં જ બીજા શહેરમાં પહોંચાડવામાં આવતા હોય છે, પરંતુ આ કિસ્સામાં તેમને (બાય રોડ) લાંબી સફરમાં નાના વાહનોમાં અને પછી ટ્રેનમાં દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. પહેલાં તો આ તમામ લોકોની મુસાફરી હિમાચલ પ્રદેશની કાંગડા પોલીસની દેખરેખમાં શરૂ કરવામાં આવી હતી અને ત્યાર બાદ પંજાબ રાજ્યમાં પ્રવેશ વખતે પંજાબ પોલીસે તેમની સલામતીની જવાબદારી ઉપાડી લીધી હતી.

આ કાફલામાં સામેલ ખેલાડીઓમાં શ્રેયસ ઐયરના નેતૃત્વમાં પંજાબની ટીમનો અને અક્ષર પટેલના સુકાનમાં દિલ્હીની ટીમનો સમાવેશ હતો. પંજાબના ખેલાડીઓમાં પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ, જૉશ ઇંગ્લિસ, નેહલ વઢેરા, અઝમતુલ્લા ઓમરઝાઈ, માર્કો યેનસેન, મુશીર ખાન, શશાંક સિંહ, માર્કસ સ્ટોઇનિસ, યુઝવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, પ્રવીણ દુબે, લૉકી ફર્ગ્યુસન, હરપ્રીત બ્રાર, યશ ઠાકુર વગેરેનો સમાવેશ હતો.

દિલ્હીની ટીમમાં અક્ષર ઉપરાંત ફાફ ડુ પ્લેસી, અભિષેક પોરેલ, કરુણ નાયર, જેક ફ્રેઝર-મૅકગર્ક, કેએલ રાહુલ, સમીર રિઝવી, ટ્રિસ્ટેન સ્ટબ્સ, આશુતોષ શર્મા, કુલદીપ યાદવ, દુષ્મન્થા ચમીરા, વિપ્રજ નિગમ, ટી. નટરાજન, મિચલ સ્ટાર્ક, મોહિત શર્મા વગેરે પ્લેયરો સામેલ હતા. ગુરુવારે રાત્રે પાકિસ્તાન સાથેના જંગને પગલે ધરમશાલાના મેદાન પર દિલ્હી સામેની મૅચમાં પ્રથમ બૅટિંગ કરનાર પંજાબનો સ્કોર ૧૦.૧ ઓવરમાં એક વિકેટે ૧૨૨ રન હતો ત્યારે મૅચ રોકવામાં આવી હતી અને પછી રદ કરવામાં આવી હતી. પહેલાં તો ફ્લડલાઇટ ડિમ કરાઈ હતી અને પછી સાવ બંધ કરાઈ હતી, કારણકે ૮૫ કિલોમીટર દૂર પઠાણકોટ પર પાકિસ્તાને ડ્રૉન હુમલો કર્યો હોવાથી સમગ્ર ધરમશાલામાં બ્લૅકઆઉટ કરાયો હતો. હજારો પ્રેક્ષકો બ્લૅકઆઉટનું નામ સાંભળીને નાસભાગ ન કરવા માંડે એ માટે ટેક્નિકલ ખરાબીને લીધે લાઇટ બગડી ગઈ હોવાની જાહેરાત કરાઈ હતી. પહેલાં તો લોકો જવા તૈયાર જ નહોતા. આઇપીએલના ચૅરમૅન અરુણ ધુમાલ તથા હિમાચલ ક્રિકેટ ઍસોસિયેશનના અધિકારીઓ તેમ જ સ્થાનિક પોલીસે પ્રચંડ જવાબદારી સ્વીકારીને ૨૫,૦૦૦ લોકોનું સ્ટેડિયમ ૨૦ મિનિટમાં સલામત રીતે ખાલી કરાવ્યું હતું. ધુમાલ હિમાચલના જ છે. આ તમામ અધિકારીઓની ખૂબ પ્રશંસા કરાઈ હતી. એ દરમ્યાન પહેલાં તો તમામ ખેલાડીઓને મેદાન પરથી તાબડતોબ પૅવિલિયનમાં બોલાવાયા અને સલામતી હેઠળ હૉટેલ પર પહોંચાડવામાં આવ્યા હતા અને ત્યાંથી તેમના વાહનોની તેમ જ ટ્રેનની સફર થઈ હતી.

આઇપીએલને અઠવાડિયા માટે સ્થગિત કરાઈ છે. સંભવ છે કે જો પાકિસ્તાન સાથેનો જંગ લંબાશે તો આઇપીએલની બાકીની (કુલ ૧૬) મૅચો કદાચ સપ્ટેમ્બરમાં રમાશે.

# સપ્ટેમ્બરનો એશિયા કપ મુશ્કેલીમાં, પાકિસ્તાન બોર્ડના અધ્યક્ષ મુસીબતમાં

નવી દિલ્હીઃ આઇપીએલ-૨૦૨૫ પાકિસ્તાન સાથેના યુદ્ધને કારણે સસ્પેન્ડ (કૅન્સલ નહીં) કરવામાં આવી ત્યાર બાદ હમણાં તો આગામી એશિયા કપની વાતો ખૂબ જોરમાં છે, કારણકે આ વખતનો એશિયા કપ સપ્ટેમ્બરમાં ભારતમાં યોજાવાનો છે અને હંમેશાં આ ટૂર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાનની ટીમ પર જ સૌનું ધ્યાન રહેતું હોય છે. જોકે બન્ને દેશ વચ્ચેના સંબંધો અત્યંત ખરાબ થઈ ગયા હોવાથી એશિયા કપ યોજાવાની સંભાવના નથી.

આઇપીએલની બાકીની ૧૬ મૅચ માટે નવેસરથી શેડ્યૂલ નક્કી કરવાની જાહેરાત થઈ હોવાથી હમણાં તો એ મૅચોના નવા સમયપત્રકની રાહ જોવાઈ રહી છે. બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ જ કહ્યું છે કે આઇપીએલ અઠવાડિયા માટે સસ્પેન્ડ કરાઈ છે.

સામાન્ય રીતે એશિયા કપમાં ભારત-પાકિસ્તાનની બે લીગ મૅચ રમાય છે અને ફાઇનલમાં આવે તો કુલ ત્રણ મૅચ થઈ કહેવાય.

હાલના તબક્કે તો એવું જ લાગી રહ્યું છે કે એશિયા કપ યોજાશે તો એ ચમત્કાર કહેવાશે. યોગાનુયોગ, એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના અધ્યક્ષસ્થાને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના મોહસિન નકવી છે અને જો એશિયા કપ રદ કરાશે તો એસીસીને થનારા કરોડો રૂપિયાના નુકસાનનો શું જવાબ આપશે એ જોવું રહ્યું. એ જોતાં, નકવી મોટી મુસીબતમાં મુકાઈ શકે છે.

જૂનમાં ભારતીય ક્રિકેટરો ટેસ્ટ સિરીઝ માટે ઇંગ્લૅન્ડના લાંબા પ્રવાસે જશે. ઑગસ્ટમાં બાંગ્લાદેશમાં ભારતની વન-ડે અને ટી-૨૦ સિરીઝ યોજાવાની છે એટલે ત્યાર બાદ ઇંગ્લૅન્ડની 'ધ હન્ડ્રેડ' સ્પર્ધામાં ટોચના ટી-૨૦ ખેલાડીઓ રમવાના છે. ઑગસ્ટમાં ઑસ્ટ્રેલિયા-સાઉથ આફ્રિકાની સિરીઝ પણ યોજાવાની હોવાથી એ બે દેશના ખેલાડીઓ ઑગસ્ટમાં આઇપીએલની બાકીની મૅચો માટે નહીં આવી શકે. એ જોતાં, છેક સપ્ટેમ્બરમાં આઇપીએલની બાકીની મૅચો યોજવાને બદલે થોડા દિવસમાં જ સ્પર્ધા ફરી શરૂ કરીને એક દિવસમાં એક-એકને બદલે બે-બે મૅચ રાખીને પૂરી કરી શકાશે. હા, એશિયા કપનું આયોજન ઘોંચમાં પડી શકે.

# નીરજ ચોપડાની સ્પર્ધા મુલતવી

નવી દિલ્હીઃ આગામી ૨૪મી મેથી બેંગલૂરુમાં ભાલાફેંકના ઑલિમ્પિક ચૅમ્પિયન નીરજ ચોપડાના નામની 'નીરજ ચોપડા ક્લાસિક' નામની ભાલાફેંકની સ્પર્ધા યોજાવાની હતી, પરંતુ પાકિસ્તાન સાથેના જંગને પગલે આ સ્પર્ધા અચોક્કસ મુદત માટે મોકૂફ રખાઈ છે. ખુદ નીરજ ચોપડા ભારતીય લશ્કરમાં સુબેદારની પદવી ધરાવે છે.

આ સ્પર્ધામાં ઘણા વિદેશી ઍથ્લીટો ભાગ લેવાના હતા. અગાઉ પાકિસ્તાનના ચૅમ્પિયન અર્શદ નદીમને પણ આમંત્રણ અપાયું હતું, પરંતુ પહલગામ પરના આતંકી હુમલાને પગલે તેણે ડરીને ભારત આવવાનું ટાળવાનું નક્કી કર્યું અને સ્પર્ધામાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**ANNOUNCEMENT**

Amit Tata CHSL invites application from reputed Project Management Consultants (PMC) for the Redevelopment of Society Premises situated at Plot No.1104, CTS No.F.P.No.1104 TPI Murari Ghag Marg, Prabhadevi, Mumbai-400 025, Plot admeasuring 1310.59 sq.mtrs(1567.59 Sq.Yds)

Eligible PMCs as per the notification dated 04.07.2019 issued under section 79 (A) of the Maharashtra Co-operative Societies Act, 1960 are requested to submit detailed applications on or before 25.05.2025 by 5pm at the Society Office at the above mentioned address.

The Society reserves the right to accept any or all applications without assigning any reason.

For further details, please contact +91 99309 05566

Adv. Siddharth Hattarkar

Dated : 10.05.2025 YASH LEGAL

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**સુધારો-1**

વિષય: (1) સિગ્નલ વર્કશોપ સાબરમતી ખાતે CCTV અને બાયોમેટ્રિક જોગવાઈ. (2) LC ગેટ્સ ખાતે CCTV ની જોગવાઈ (3) નવી NOCC બિલ્ડીંગ માટે ટેલિકોમ સુવિધાઓની જોગવાઈ. સંદર્ભ: DRM-SnT-ADI-Tele01 of 2025-26 ઉપરોક્ત વિગત માટે કૃપા કરીને www.ireps.gov.in પરના ટેન્ડર દસ્તાવેજ DRM-SnT-ADI-Tele01 of 2025-26 નો સંદર્ભ લેવો. આ પ્રમાણિત કરવામાં આવે છે કે શુદ્ધિપત્ર સૂચના-૧ ૦૭.૦૫.૨૦૨૫ ના રોજ વેબસાઇટ પર અપલોડ કરવામાં આવી છે. ADI - 034

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# પાકિસ્તાનને ચૂપ રહેવાની તક હતી ત્યારે એણે આતંકવાદીઓને છાવરવા યુદ્ધ પસંદ કર્યુંઃ સેહવાગ

### ભારતીય ઓપનર સહિત અનેક ખેલાડીઓએ સશસ્ત્ર દળોની ભરપૂર પ્રશંસા કરી

નવી દિલ્હીઃ ભારતીય સંરક્ષણ ક્ષેત્રના જવાનોએ પાકિસ્તાનના આતંકવાદી મથકો પર સચોટપણે અને સફળતાથી આક્રમણ કર્યું તેમ જ પાકિસ્તાની લશ્કરને વળતો જવાબ પણ આપ્યો અને તેમના હુમલા સામે ૧૦૦ ટકા સફળતા મેળવી એ બદલ વીરેન્દર સેહવાગ, વિરાટ કોહલી, રોહિત શર્મા, કે. શ્રીકાંત, શિખર ધવન, પાર્થિવ પટેલ સહિત અનેક ક્રિકેટરો, બૅડમિન્ટન સ્ટાર પી. વી. સિંધુ તેમ જ ભાલાફેંકના ઑલિમ્પિક ચૅમ્પિયન તથા ભારતીય લશ્કરના સુબેદાર નીરજ ચોપડાએ ઇન્સ્ટાગ્રામ સહિતના સોશિયલ મીડિયા પ્લૅટફૉર્મ પર દેશના સશસ્ત્ર



દળોની ખૂબ પ્રશંસા કરી છે તેમ જ તેમને મજબૂત નૈતિક ટેકો આપ્યો છે.

પીટીઆઇના અહેવાલ મુજબ સેહવાગે 'એક્સ' પર લખ્યું હતું કે 'પાકિસ્તાનને જ્યારે ચૂપ રહેવાનો મોકો હતો ત્યારે એણે યુદ્ધ પસંદ કર્યું. પાકિસ્તાને પોતાના આતંકવાદીઓની અસ્ક્યામતો બચાવવા યુદ્ધ છેડ્યું અને વધારી પણ દીધું. આ બધુ પાકિસ્તાનનો બદઇરાદો છતો કરે છે. આપણા જવાનોએ પાકિસ્તાનને બરાબર વળતો જવાબ આપ્યો. ભારતે એવો જડબાતોડ જવાબ આપ્યો કે જે પાકિસ્તાન ક્યારેય નહીં ભૂલે.'

### ભારતીય દળોને કોણે કયા શબ્દોમાં બિરદાવ્યા?

**વિરાટ કોહલીઃ** મુશ્કેલ સમયમાં બાહોશ થઈને દેશને રક્ષણ આપવા બદલ આપણા સશસ્ત્ર દળોને સલામ. અમે બધા તમારી પડખે છીએ જ. આપણા મહાન દેશ માટે જવાનો અને તેમના પરિવારોએ જે બલિદાનો આપ્યા છે એ બદલ આપણે કાયમ તેમના ઋણી રહીશું. આતંકવાદ સામે લડી રહેલા આપણા આ હીરો, આપણા આ બહાદુર સશસ્ત્ર દળો પર આપણને ખૂબ ગર્વ છે.

**રોહિત શર્માઃ** હું આપણા સશસ્ત્ર દળો માટે પ્રત્યેક ક્ષણે અને દરેક નિર્ણય બદલ અત્યંત ગર્વ અનુભવું છું. આપણા લશ્કર, હવાઈ દળ અને નૌકા દળના યોદ્ધાઓ આપણા દેશને ગૌરવ અપાવવા ખડેપગે છે. આ બધુ જોતાં પ્રત્યેક ભારતીય પોતાની જવાબદારી સમજે અને કોઈ પણ ખોટા સમાચાર માનવાનું ટાળે તેમ જ એવા સમાચાર ફેલાવાથી દૂર રહે એ પણ ખૂબ જરૂરી છે. સૌ સલામત રહે એવી શુભેચ્છા! ઑપરેશન સિંદૂર...જય હિંદ.

**કૃષ્ણમાચારી શ્રીકાંતઃ** સરહદ પર આપણી રક્ષા કરતા આપણા સૈનિકો પર આપણને ખૂબ ગર્વ છે અને તેઓ દરેક અભિયાનમાં સફળ થાય એવી પ્રાર્થના કરું છું. આપણે બધાએ દેશમાં એક્તા જાળવીને તેમ જ જવાનો પર વિશ્વાસ કાયમ રાખીને તેમની પડખે રહેવાનો આ સમય છે. બહાદુર સૈનિકો કપરા કાળમાં આપણી ધરતીનું રક્ષણ કરીને દુનિયાને અનેરું દૃષ્ટાંત બતાવી રહ્યા છે. જય હિંદ.



જાઓ, ફતેહ કરો.

**પી. વી. સિંધુઃ** ભારતીય સશસ્ત્ર દળોના બહાદુર પુરુષો અને મહિલાઓ માટે કહેવા માગું છું કે તમારી શક્તિ, શિસ્ત અને બલિદાન આપણા દેશનો આત્મા છે. આખું ભારત તમારી પડખે છે. જય હિંદ.

**નીરજ ચોપડાઃ** આતંકવાદ સામે લડતા આપણા બહાદુર સૈનિકો પર આપણને ખૂબ ગર્વ છે. ચાલો, આપણે બધા આપણી ફરજ બજાવીએ અને માર્ગદર્શિકાઓને અનુસરીએ કે જેથી આ કપરા કાળમાં સૌ સલામત રહે.

**શિખર ધવનઃ** ગજબની તાકાત બતાવીને જમ્મુ પરના ડ્રૉન આક્રમણને ખાળીને આપણી સરહદોને સલામત રાખવા બદલ આપણા બ્રેવ-હાર્ટ સૈનિકોને સલામ કરું છું. ભારત શક્તિશાળી દેશ છે અને હંમેશાં રહેશે. જય હિંદ.

**પાર્થિવ પટેલઃ** આપણા બહાદુર સશસ્ત્ર દળોએ આપણા દેશનું રક્ષણ કર્યું છે અને હવે આપણી ફરજ બને છે કે આપણે સૌ કોઈ તેમની પડખે રહીએ અને તેમનો નૈતિક જુસ્સો વધારીએ. સૈનિકો, અમે તમારી સાથે જ છીએ અને સદા રહીશું.


**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

W/૬૨૩/૫/૧/NIT **એન્જિનિયરિંગ વિભાગ** તારીખઃ ૦૬.૦૫.૨૦૨૫

ડિવિઝનલ રેલવે મેનેજર/ડિવિઝન કાર્યાલય (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે, રતલામના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ માટે "ઓપન ઈ-ટેન્ડર" દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો આ મુજબ છે - ઈ-ટેન્ડર નં.: RTM-૨૫-૨૬-૪૬, કામનું નામઃ GDA-NAD સેક્શન લીમખેરા-PSRને રિમૂવલ સાથે વધારાની અપ લૂપ લાઈનની જોગવાઈ. અંદા. માત્રાઃ ટેન્ડર શેડ્યૂલ મુજબ. અંદા. લાગતઃ રૂ. ૪,૧૪,૪૪,૯૯૩.૦૩. બાના રકમઃ રૂ. ૩,૫૭,૨૦૦.૦૦. કામ પૂર્ણ થવાની અવધિઃ ૧૮ મહિના. કામનો સમાન પ્રકારઃ કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કામ. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૦૧.૦૫.૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખઃ ૨૬.૦૫.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ, નિયમ અને શર્તો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

V/033 ડિવિઝન રેલવે પ્રબંધક (W/A) રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડરીંગ નોટીસ એન્જિનિયરીંગ વિભાગ**

**નં. W/૬૨૩/૫/૧/NIT તારીખઃ ૦૫.૦૫.૨૦૨૫**

ડિવિઝનલ રેલવે મેનેજર/ડિવિઝનલ કાર્યાલય (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે નીચેના કામ માટે "ઓપન ટેન્ડર" ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે. વિગતો આ પ્રકાર છે. **ક્ર. નં.:** ૧, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧. **કામનું નામઃ** ગોધરા (સિવાય)થી મેઘનગર (સિવાય) સેક્શનઃ દાહોદ-ગોધરા (સિવાય) **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૧૦,૨૪,૯૮૪.૪૫, **બાના રકમઃ** ૨,૦૫,૧૦૦.૦૦, **ક્ર. નં.:** ૨, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૨. **કામનું નામઃ** ઝોન ૧ "C" દાહોદ લોકલ સ્ટેશન કોલોની (a), (b), (c) & (e) સાઈટ, સ્ટેશન કોલોની, કાલીદામ Km. ૫૨૩/૦૨-૦૩ થી ૫૪૩/૦. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૧૦,૨૪,૯૪૪.૪૦, **બાના રકમઃ** ૨,૦૫,૧૦૦.૦૦, **ક્ર. નં.:** ૩, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૩. **કામનું નામઃ** ઝોન- નં. ૨ "A"-દાહોદ લોકલ "D" સાઈટ કોલોની Km. ૫૩૯/૦૨-૦૩ થી ૫૪૩/૦, **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૧૦,૨૪,૩૭૨.૬૧, **બાના રકમઃ** ૨,૦૫,૧૦૦.૦૦, **ક્ર. નં.:** ૪, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૪. **કામનું નામઃ** ઝોન- નં. ૨ "B"-દાહોદ લોકલ વર્કશોપ જાળવણી, **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૧૦,૨૪,૯૫૩.૦૪, **બાના રકમઃ** ૨,૦૫,૧૦૦.૦૦, **ક્ર. નં.:** ૫, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૫. **કામનું નામઃ** ઝોન- નં. ૩:- મેઘનગર (સહિત)થી રતલામ (સિવાય), **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૬૦,૬૭,૩૮૮.૦૪, **બાના રકમઃ** ૨,૩૦,૩૦૦.૦૦, **ક્ર. નં.:** ૬, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૬. **કામનું નામઃ** ઝોન- નં. ૨૧-દાહોદ પ્રોપર સેનીટાઈઝર ઝોન, **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૭૩,૬૮,૭૦૬.૯૩, **બાના રકમઃ** ૧,૪૭,૪૦૦.૦૦, **ક્ર. નં.:** ૭, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૭. **કામનું નામઃ** ઝોન- નં. ૬:- રતલામ (સિવાય)થી નાગદા (સહિત) m ૬૫૧/૦૫/૦૬થી Km ૬૮૯ & Km ૦/૦૦થી ૧.૨૫ હેઠળ સેક્શન એન્જિનિયર (વર્કસ) નાગદા **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૭૭,૦૬,૯૩૫.૩૦, **બાના રકમઃ** ૧,૫૪,૧૦૦.૦૦, **ક્ર. નં.:** ૮, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૮. **કામનું નામઃ** ઝોન- નં. ૪A- રતલામ-SSE/W-૧/RTM હેઠળ ઝોન સહિત સેનીટાઈઝર વર્ક અને ઈન્ટરનલ પ્લમ્બીંગ વર્ક કોલોની (નવા કોલોનીની સહિત પૂર્વ સાઈડની BG લાઈન અને સહિત રોડ નં. ૭-૧૭). **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૫૩,૯૬,૪૧૨.૦૦, **બાના રકમઃ** ૨,૨૭,૦૦૦.૦૦, **ક્ર. નં.:** ૯, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૯. **કામનું નામઃ** ઝોન- નં. ૪B- રતલામ-BG એરિયાના પૂર્વ સાઈડ સહિત તમામ ઓફિસર્સ બંગલા અને સર્વિસ બિલ્ડીંગ. રતલામ-SSE/W-૧/RTM હેઠળ ઈન્ટરનલ પ્લમ્બીંગ વર્ક અને સેનિટાઈરી સહિત ઝોન, **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૩૫,૮૯,૬૯૦.૧૨, **બાના રકમઃ** ૨,૧૮,૦૦૦.૦૦, **ક્ર. નં.:** ૧૦, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૦. **કામનું નામઃ** ઝોન- નં. ૪C- રતલામ-SSE/વર્ક-૧ & ૨ (પૂ) રતલામ હેઠળ સર્વિસ બિલ્ડીંગ, સ્ટાફ ક્વાર્ટર્સ & કુર્લ ડેમ પર વાઈટ વોશ & કલર વોશ વગેરે કામો. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૮૫,૪૯,૦૧૧.૦૦, **બાના રકમઃ** ૨,૪૨,૮૦૦.૦૦, **ક્ર. નં.:** ૧૧, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૧. **કામનું નામઃ** ઝોન- નં. ૪D- રતલામ-૭-૧૭ રોડ નવા કોલોનીની રેલવે હોસ્પિટલ અને ક્વાર્ટર્સનું જાળવણી કામ. ઝોન SSE/W/૨/રતલામ હેઠળ સહિત સેનીટરી ઈન્ટરનલ પ્લમ્બિંગ કામ. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૦૯,૭૧,૨૫૨.૬૧, **બાના રકમઃ** ૨,૦૪,૯૦૦.૦૦, **ક્ર. નં.:** ૧૨, ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૨. **કામનું નામઃ** ઝોન- નં. ૫-રતલામ-પૂર્વ સાઈડની BG લાઈન, લોકો, જોરા રોડ, ઘાટલા કોલોની, R.E. બિલ્ડીંગ, કોટો બિલ્ડીંગ, અન્ય સર્વિસ બિલ્ડીંગ ડિઝલ શેડ. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૧૬,૮૮,૭૦૪.૨૮, **બાના રકમઃ** ૨,૦૮,૫૦૦.૦૦, **ક્ર. નં.:** ૧૩ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૩. **કામનું નામઃ** ઝોન નં. ૨ - તમામ મેઈન વોટર સપ્લાય એસેટમાં રતલામ સહિત કુરલ, ભયરોગ્રહ અને મેઇન લાઇનની આઉટસાઈડ બિલ્ડીંગ, બોરેસ વેલ્સમાં એન્ટાયર રતલામ SSE/W-2/રતલામ હેઠળ. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૭૫,૮૫,૧૯૯.૪૦, **બાના રકમઃ** ૧,૫૧,૭૦૦.૦૦. **ક્ર. નં.:** ૧૪ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૪. **કામનું નામઃ** ઝોન નં. ૦૭ - ઉજ્જૈન પ્રોપર :- Km ૨૧/૬ થી ૨૨/૬ અને FTD સહિત UJN. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૪૬,૨૬,૫૯૧.૧૩, **બાના રકમઃ** ૨,૨૩,૧૦૦.૦૦. **ક્ર. નં.:** ૧૫ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૫. **કામનું નામઃ** ઝોન નં. ૧૪ - રતલામ (સહિત) ડૉ. આંબેડકર નગર (સહિત) - Km ૩૭૪.૫૮ થી ૫૧૪.૨૦ અને (ઇન્દોર લક્ષ્મીબાઈ નગર સ્ટેશન એરિયા, સર્વિસ બિલ્ડીંગ અને કોલોની). **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૩૬,૮૧,૩૩૫.૦૩, **બાના રકમઃ** ૨,૧૮,૪૦૦.૦૦. **ક્ર. નં.:** ૧૬ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૬. **કામનું નામઃ** ઝોન નં. ૧૫ - ઇન્દોર & લક્ષ્મીબાઈ નગર સ્ટેશન, સર્વિસ બિલ્ડીંગ અને રેલવે કોલોની. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૪૪,૭૭,૩૪૦.૧૨, **બાના રકમઃ** ૨,૨૨,૪૦૦.૦૦. **ક્ર. નં.:** ૧૭ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૭. **કામનું નામઃ** ઝોન નં. ૮-A નાગદા (સહિત)થી ઉજ્જૈન (સહિત). **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૯૫,૬૯,૮૩૩.૦૦, **બાના રકમઃ** ૧,૯૧,૪૦૦.૦૦. **ક્ર. નં.:** ૧૮ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૮. **કામનું નામઃ** ઝોન નં. ૮-B ઉજ્જૈન (સહિત)થી ઇન્દૌર (સિવાય) & મેક્સી (સિવાય) થી દેવાસ (સહિત). **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૦૩,૩૫,૪૧૯.૦૦, **બાના રકમઃ** ૨,૦૧,૭૦૦.૦૦. **ક્ર. નં.:** ૧૯ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૧૯. **કામનું નામઃ** ઝોન નં. ૯-A ઉજ્જૈન (સિવાય)થી મેક્સી (સહિત). **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૯૯,૫૨,૬૨૫.૦૦, **બાના રકમઃ** ૧,૯૯,૧૦૦.૦૦. **ક્ર. નં.:** ૨૦ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૨૦. **કામનું નામઃ** ઝોન નં. ૯-B મેક્સી (સિવાય)થી અકોડિયા (સહિત). **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૦૪,૧૦,૦૫૭.૦૦, **બાના રકમઃ** ૨,૦૨,૧૦૦.૦૦. **ક્ર. નં.:** ૨૧ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૨૧. **કામનું નામઃ** ઝોન નં. ૧૦-A અકોડિયા (સહિત)થી બકટલ (સહિત). **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૦૯,૭૩,૪૦૭.૦૦, **બાના રકમઃ** ૨,૦૪,૯૦૦.૦૦. **ક્ર. નં.:** ૨૨ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૨૨. **કામનું નામઃ** ઝોન નં. ૧૦B- બકટલ (સિવાય)થી બકાનીયા ભવરી અપથી km૨૨૬.૧૫, **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૦૨,૦૭,૮૨૨.૦૦, **બાના રકમઃ** ૨,૦૧,૧૦૦.૦૦. **ક્ર. નં.:** ૨૩ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૨૩. **કામનું નામઃ** ઝોન નં. ૧૬A- ડૉ. આંબેડકર નગર (મ્હોવા). (સહિત)થી કાલાકુંડ (સહિત) સ્થળ km ૫૧૪/૦૬-૦૭થી ૫૨૯.૦૦ સુધી. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૧,૫૫,૩૫,૪૫૪.૭૫, **બાના રકમઃ** ૨,૨૭,૭૦૦.૦૦. **ક્ર. નં.:** ૨૪ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૨૪. **કામનું નામઃ** ઝોન નં. ૧૬B- કાલાકુંડ (સહિત)થી કાહન્ડવા (સહિત) સ્થળ km ૫૨૯.૦૦ થી ૬૩૦.૧૯ સુધી. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૮૧,૬૬,૮૦૧.૮૩, **બાના રકમઃ** ૧,૬૩,૩૦૦.૦૦. **ક્ર. નં.:** ૨૫ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૨૫. **કામનું નામઃ** ઝોન નં. ૧૨ ચાંદેરિયા (સહિત)થી નિમાચ (સિવાય)- સ્થળ km ૧૭૫/૦૭થી ૨૩૮/૦૭ સુધી. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૨,૨૫,૧૬,૮૦૪.૮૩, **બાના રકમઃ** ૨,૬૨,૬૦૦.૦૦. **ક્ર. નં.:** ૨૬ ઈ-ટેન્ડરીંગઃ RTM-૨૦૨૫-૨૬-૨૬. **કામનું નામઃ** ઝોન નં. ૧૩ નિમાચ (સહિત)થી રતલામ (સિવાય)- સ્થળ km ૨૩૮/૦૮થી ૩૭૩/૧૦ સુધી. **અંદાજિત માત્રાઃ** ટેન્ડર શેડ્યૂલ મુજબ, **અંદાજિત લાગતઃ** ૨,૨૫,૧૭,૦૨૯.૦૦, **બાના રકમઃ** ૨,૬૨,૬૦૦.૦૦. **ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે સમાપન અવધિ-** ૩૦.૦૬.૨૦૨૬ સુધી, **ઉપરોક્ત તમામ ટેન્ડરના સમાન પ્રકાર કામઃ** કોઈપણ સિવિલ એન્જિનિયરીંગ કામ. **ઉપરોક્ત તમામ ટેન્ડરોની વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ** ૦૫.૦૫.૨૦૨૫, **ઉપરોક્ત તમામ ટેન્ડરોની ખોલવાની તારીખઃ** ૨૮.૦૫.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, શરતો અને અન્ય વિગતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

V/031 ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્યલેખા), રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

અમને લાઈક કરો: facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | એસેસમેન્ટ એન્ડ કલેકશન |
| સેકશન | ડે. એસેસમેન્ટ એન્ડ કલેકશન (કોમ્પ્યુટર) |
| ઈ-ટેન્ડર કિંમત | રૂ. ૩,૮૯૪/- (રૂ. ૩,૩૦૦/- + ૧૮% GST) |
| ઈ-ટેન્ડરની અંદાજિત કિંમત | રૂ. ૧૧,૦૩,૫૨૦/- |
| બીડ સુરક્ષા ડિપોઝીટ (બારડી) | રૂ. ૨૨,૧૦૦/- |
| ટેન્ડર નં. | ૨૦૨૫_MCGM_૧૧૭૮૮૫૧_૧ |
| વિષય | ૦૧.૦૪.૨૦૧૦થી એસેસમેન્ટ ખાતુ અને ઉપલબ્ધ સંગ્રહ ખાતામાં ઓવરરાઈટ ન થયા હોય તેવા રેકોર્ડની પુનઃ રચના સાથે એકોર્ડન્સમાં વિભાગ ઓફિસમાં ઉપલબ્ધ રેકોર્ડ દ્વારા ડેટા એન્ટ્રી કરવા માટે દરેક ૦૧ મુજબ ૨૪ વિભાગ ઓફિસમાં ૨ મહિનાની મુદત માટે ડેટા એન્ટ્રી ઓપરેટરની જોગવાઈ માટે સંસ્થાની નિમણૂક અંગે. |
| ફોર્મનું વેચાણની તારીખ અને સમય | તારીખ ૧૦/૦૫/૨૦૨૫ સમય ૧૨.૦૦ ક.થી તારીખ ૧૬/૦૫/૨૦૨૫ સમય ૧૬.૦૦ ક. |
| પેકેટ 'A' ખોલવાની તારીખ અને સમય | તારીખ ૧૯/૦૫/૨૦૨૫ સમય ૧૬.૦૦ ક. |
| પેકેટ 'B' ખોલવાની તારીખ અને સમય | તારીખ ૧૯/૦૫/૨૦૨૫ સમય ૧૬.૦૫ ક. |
| પેકેટ 'C' ખોલવાની તારીખ અને સમય | તારીખ ૨૨/૦૫/૨૦૨૫ સમય ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | વહીવટી અધિકારી (Exp.) I/c |
| A) નામ | શ્રી સોમનાથ સોનટકલે |
| B) ટેલિફોન (ઓફિ.) | ૦૨૨-૨૩૦૦૫૬૮૪ એક્ષ્ટે. નં. ૨૨૧ |
| C) મોબાઈલ નં. | ૯૮૩૩૦૨૨૬૬૯ |
| D) ઈમેલ સરનામું | dyaccomp.ac@mcgm.gov.in ao02compho.ac@mcgm.gov.in |
| પ્રી-બીડ મિટિંગ સ્થળ સરનામું | એસેસર અને કલેકટરની ઓફિસ, મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ બિલ્ડીંગ, ૩જો માળ, ૫૪૬, N.M. જોષી માર્ગ, ભાયખલા વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૧૧. |

સહી/-

PRO/381/ADV./2025-26 ડે. એસેસર અને કલેકટર (કોમ્પ્યુટર) I/c

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ ID નં. | ૨૦૨૫_MCGM_૧૧૭૭૯૭૬_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | મ્યુનિસિપલ પાવર લોન્ડ્રી ખાતે તમામ મ્યુનિસિપલ હેલ્થ ઈન્સ્ટીટ્યુટમાં લોન્ડ્રી સર્વિસો સ્મૂથલીના પ્રાઈવેટ ફર્મ દ્વારા વિવિધ લોન્ડ્રી એક્ટિવીટીઝનું કામ |
| ટેન્ડર ફીની કિંમત | રૂા. ૩૩૦૦/- (+ ૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજીત કિંમત) | આઈટમ રેટ ટેન્ડર |
| બીડ સુરક્ષા ડિપોઝિટ (બારડી) | રૂા. ૧૯,૯૭૫,૦૦૦/- |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૦૯.૦૫.૨૦૨૫ ૧૬.૦૦ ક. થી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૧૫.૦૫.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૫.૦૫.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મીટિંગ | લાગુ પડતું નથી |
| પેકેટ A ખૂલશે (બીડ ખૂલશે) ના/પછી | ૧૬.૦૫.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ B ખૂલશે (બીડ ખૂલશે) ના/પછી | ૧૬.૦૫.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ C ખૂલશે (બીડ ખૂલશે) ના/પછી | ૧૯.૦૫.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| સંચાર માટેનું સરનામું | E. E. મીકે. (સાઉથ), BMC મ્યુનિસિપલ વર્કશોપ, R. S. નિમકર માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦ ૦૦૮ની ઓફિસ. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | A.E. (મ્યુનિસિપલ પાવર લોન્ડ્રી)ની ઓફિસમાં ઓનલાઈન. |
| સંપર્ક વ્યક્તિ | |
| K) નામ | શ્રી. N.T. જાધવ |
| L) મોબાઈલ નં. | ૯૭૬૯૦૦૫૬૪૭ |
| MCGM વેબસાઈટ | https://portal.mcgm.gov.in/ https://mahatenders.gov.in |
| ઈ-મેલ સરનામું | aempl.me@mcgm.gov.in |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી. BMC કોઈ પણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈ પણ અરજી સ્વીકારવા કે કોઈ પણ કે તમામ અરજી નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-

PRO/369/ADV./2025-26 એક્ષિ. એન્જિ.મીકે. (સાઉથ)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**પશ્ચિમ રેલવે ઉધના ⇌ રક્સૌલ વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેન દોડાવશે**

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૫૫૬૦ | ઉધના - રક્સૌલ (સાપ્તાહિક) | ૧૮/૦૫/૨૦૨૫ થી ૨૭/૦૭/૨૦૨૫ | ૧૫:૩૫ કલાકે (રવિવાર) | ૦૦:૧૫ કલાકે (મંગળવાર) |
| ૦૫૫૫૯ | રક્સૌલ - ઉધના (સાપ્તાહિક) | ૧૭/૦૫/૨૦૨૫ થી ૨૬/૦૭/૨૦૨૫ | ૦૫:૩૦ કલાકે (શનિવાર) | ૧૨:૩૫ કલાકે (આગલા દિવસે) |

**હોલ્ટ્સ:** ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, સિહોર, સંત હિરદારામ નગર, બીના, લલિતપુર, વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, બારાબંકી, ગોંડા, ગોરખપુર, કપટનગંજ, બગાહા, નરકટિયાગંજ અને સિક્તા સ્ટેશનો બંને દિશામાં

**સંરચના:** એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સ્ટોપેજ ના સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૫૫૬૦ માટે બુકિંગ ૧૧/૦૫/૨૦૨૫ થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે wr.indianrailways.gov.in

અમને લાઈક કરો: facebook.com/WesternRly

અમને ફોલો કરો: x.com/WesternRly

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.


# દુબઈએ વિનંતી ફગાવી, પાકિસ્તાને ક્રિકેટ લીગ મોકૂફ રાખવી પડી

કરાચીઃ ભારતના સંરક્ષણ ક્ષેત્રના આક્રમણમાં પાકિસ્તાન માર ખાવા લાગ્યું એને પગલે એણે પોતાની ટી-૨૦ ટૂર્નામેન્ટ મોકૂફ રાખવી પડી છે. પાકિસ્તાન સુપર લીગની બાકીની મૅચો પાકિસ્તાન બોર્ડએ દુબઈમાં રાખવાનો મનસૂબો ઘડ્યો હતો, પરંતુ મળતા અહેવાલો મુજબ યુએઇના ક્રિકેટ બોર્ડે પીએસએલ યોજવાની ના પાડી દીધી એટલે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે પીસીબીને આદેશ આપી દીધો કે તમે પીએસએલને મુલતવી જાહેર કરી દો.

# ઘાટકોપરમાં રહેતો મુરલી નાઇક કાશ્મીરના ઉરીમાં થયો શહીદ

મુંબઈઃ પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે સીમા પર તોફાની વાતાવરણ જોવા મળી રહ્યું છે ત્યારે ગુરુવારે રાત્રે બન્ને દેશ વચ્ચે થયેલા હવાઇ હુમલામાં મુંબઈમાં મજૂરીનું કામ કરતા પિતાનો જવાન દીકરો પાકિસ્તાનના વિરુદ્ધમાં લડતી વખતે શહીદ થયો હતો. મૂળ ઘાટકોપરના પંતનગરમાં રહેતા શહીદ મુરલી નાઇક (૨૩)નો પાર્થિવ દેહ તેના આંધ્ર પ્રદેશના નિવાસસ્થાને આવતા જ આખુ ગામ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યું હતું. આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુએ પણ ટ્વિટ કરીને મુરલી નાઇકને શ્રદ્ધાંજલિ આપી હતી.

મુરલી મૂળ આંધ્ર પ્રદેશનો છે, પરંતુ તેના પિતા મુંબઈમાં ઘાટકોપર ખાતે મજૂરીનું કામ કરે છે. ભારત-પાકિસ્તાન વચ્ચે થઈ રહેલા હવાઇ હુમલા દરમિયાન શુક્રવારે વહેલી સવારે ૩.૩૦ કલાકે જમ્મુ-કાશ્મીરના ઉરી ખાતે તહેનાત મુરલી નાઇક શહીદ થયો હતો. તેઓ (જુઓ પાનું ૪)




**શહીદ સલામઃ** કાશ્મીરના ઉરીમાં શહીદ થનાર ઘાટકોપરના મુરલી નાઈકના વિસ્તારમાં તેનું બેનર મૂકવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

# ઍરપોર્ટ નજીક 'ડ્રોન' દેખાતાં પોલીસની દોડધામ

મુંબઈઃ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ થઈ હતી ત્યારે મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ નજીક શંકાસ્પદ 'ડ્રોન' ઊડતું જોયાના એક નાગરિકના દાવા પછી મુંબઈ પોલીસ દોડતી થઈ હતી. જોકે સઘન તપાસ બાદ પણ કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ નજરે ન પડતાં ડ્રોનની વાત અફવા સાબિત થઈ હતી.

મળતી માહિતી અનુસાર સહાર ઍરપોર્ટ નજીકની એક મસ્જિદ પર શુક્રવારના મળસકે પાંચ વાગ્યાની આસપાસ શંકાસ્પદ ડ્રોન ઊડતું નજરે પડ્યું હોવાની જાણ એક રહેવાસીએ ઍરપોર્ટ સિક્યોરિટીને કરી હતી. બાદમાં એ ડ્રોન નજીકની ઝૂંપડપટ્ટી તરફ ગયું હતું. પછી ક્ષણભરમાં તે અલોપ થઈ ગયું હોવાનો દાવો રહેવાસીએ કર્યો હતો.

આ બાબતની જાણ ઍરપોર્ટના અધિકારી દ્વારા પોલીસ કન્ટ્રોલ રૂમને કરાઈ હતી. સરહદે ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલીભર્યું વાતાવરણ હોવાથી (જુઓ પાનું ૪)

# સિદ્ધિવિનાયક મંદિર પછી શિર્ડીમાં અલર્ટઃ મોબાઈલ પર પ્રતિબંધ

મુંબઈઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવના પગલે દેશના મહત્ત્વનાં ધાર્મિક સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે. મુંબઈમાં સિદ્ધિવિનાયક મંદિર બાદ હવે શિર્ડીના સાંઈબાબા દેવસ્થાનને પણ સાવધ રહેવા જણાવી દેવાયું છે. સિદ્ધિવિનાયકમાં નારિયેળ સહિતની પૂજાપાની વસ્તુઓ લઈ જવા પર પ્રતિબંધ મુકાયો છે.

શિર્ડીના મંદિરે દરરોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોવાથી હવે મંદિરમાં ચઢાવવામાં આવનાર ફૂલ, માળા અને અન્ય પૂજાની વસ્તુઓનું સ્કેનિંગ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. મંદિર પરિસરમાં કોઈ પણ શંકાસ્પદ પદાર્થ દાખલ ન થાય એ માટે બધી વસ્તુઓની ખાસ મશીનોથી તપાસ કરવામાં આવી રહી છે.

સીસીટીવીના માધ્યમથી ભીડ પર ચાંપતી નજર રાખી મંદિરની સુરક્ષા માટે વધુ એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મોબાઇલ ફોન્સ અને અન્ય ઇલેક્ટ્રિકલ ઉપકરણો (જુઓ પાનું ૪)

## યુદ્ધને પહોંચી વળવાની તૈયારી

# મહારાષ્ટ્રના આરોગ્ય, ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓની રજા રદ

### મુખ્ય પ્રધાનની અધ્યક્ષતા હેઠળની સુરક્ષા સમીક્ષા બેઠકમાં નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને અન્ય ઘણા વિભાગોના ઉચ્ચ અધિકારીઓની રજાઓ રદ કરવાનો નિર્ણય લીધો છે, એમ મુખ્ય પ્રધાનની કચેરી દ્વારા શુક્રવારે જણાવવામાં આવ્યું હતું.

ખોટા સમાચાર ફેલાવનારા અને 'દુશ્મનને મદદ કરનારા' સામે સરકાર કડક કાર્યવાહી કરશે, એમ તેમાં જણાવાયું છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સુરક્ષા પગલાંની સમીક્ષા કરતી એક બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો, એમ મુખ્ય પ્રધાનના કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.

રાજ્યના પોલીસ મહાનિર્દેશક, મુંબઈ પોલીસના વડા, ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ એજન્સીઓ અને વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ સમીક્ષા બેઠકમાં હાજર રહ્યા હતા.

આ બેઠકમાં આરોગ્ય, આપત્તિ વ્યવસ્થાપન અને અન્ય વિભાગોમાં મહત્વપૂર્ણ હોદ્દા ધરાવતા વરિષ્ઠ અધિકારીઓની રજાઓ રદ કરવાનો નિર્ણય લેવામાં (જુઓ પાનું ૪)

## મેડિકલ ઈમર્જન્સી માટે ડૉક્ટરોને તૈયાર રહેવાની તાકીદ કરાઈ છે

થાણેઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ)ના મહારાષ્ટ્ર યુનિટે રાજ્યના ડોક્ટરોને કોઈ પણ કટોકટી આવે તો નાગરિકોને ઇમર્જન્સી સેવાઓ પૂરી પાડવા માટે સંપૂર્ણપણે તૈયાર રહેવા તાકીદ કરી છે.

આઇએમએના રાજ્ય વિભાગના પ્રમુખ ડો.સંતોષ કદમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'રાષ્ટ્રીય કટોકટીના સમયમાં આપણી આરોગ્યસંભાળ પ્રણાલીની તાકાત માત્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં જ નહીં, પરંતુ તેના ડોકટરોની તત્પરતા અને ભાવનામાં પણ રહેલી છે.

ગુરુવારે મોડી સાંજે જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકામાં સજ્જતા માટે સાત મુદ્દાની વ્યૂહરચનાની રૂપરેખા આપવામાં આવી છે. એનો ઉદ્દેશ મોટા પાયે આવી પાડનારી કટોકટીની સ્થિતિમાં તબીબી સહાય તાબડતોબ મળે એનું ધ્યાન રાખવાનો છે.

આઇએમએ દ્વારા તમામ સંલગ્ન દવાખાના, નર્સિંગ હોમ અને હોસ્પિટલોને આવશ્યક ઇમર્જન્સી દવાઓ, પાટાપિંડીના સાધનો અને (જુઓ પાનું ૪)

# બીકેસી- વરલી મેટ્રો શરૂઃ આરેથી છેક કોલાબા સુધીની સેવા ઑગસ્ટથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બીકેસીથી-આચાર્ય અત્રે મેટ્રો સ્ટેશનની રાહ જોઈ રહેલા હજારો મુસાફરોને શુક્રવારે મહારાષ્ટ્ર સરકાર તરફથી રાહતના સમાચાર મળ્યા હતા. ૯ મેના રોજ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈ મેટ્રો લાઇન ૩ ના ફેઝ ૨-અનું ઉદ્‌ઘાટન કર્યું હતું આ નવો કાર્યરત સ્ટ્રેચ બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)થી આચાર્ય અત્રે ચોક સુધી ચાલે છે. આ લાઇનનું સંચાલન આજથી શરૂ થશે. એક્વા લાઇનનો આ ભાગ મુંબઈના ટોચના વાણિજ્યિક વિસ્તારોને રહેણાંક ઝોન સાથે જોડશે, જે ટ્રાફિક જૅમવાળા રસ્તાઓનો વધુ સારો વિકલ્પ પૂરો પાડશે. આ સ્ટ્રેચ સંપૂર્ણપણે ભૂગર્ભ અને વાતાનુકૂલિત છે, જે મુસાફરોને ટ્રાફિક જૅમ અને ગરમીથી ખૂબ જ જરૂરી આરામ આપશે. મુખ્ય પ્રધાન (જુઓ પાનું ૪)



**મેટ્રોસેવાના શ્રીગણેશઃ** આરે જેવીએલઆરથી બીકેસીની મેટ્રોસેવાને ગઈકાલે વરલી સુધી લંબાવી એ સમયે મહાનુભાવો અને નીચે એ ટ્રેન દોડાવતી મહિલા પાઇલટ. (અમય ખરાડે)




## મેટ્રો લાઇન ૩ શું છે?

મેટ્રો લાઇન ૩ મુંબઈની પ્રથમ સંપૂર્ણપણે ભૂગર્ભ મેટ્રો છે. નવો સેક્શન ધારાવી, દાદર, સિદ્ધિવિનાયક, વરલી અને બીકેસી (બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ) જેવા વ્યસ્ત સ્થળોને જોડશે.

જ્યારે આખો રૂટ ખુલ્લો થશે, ત્યારે તે ઉત્તરમાં આરે ડેપોથી દક્ષિણમાં કફ પરેડ સુધી જશે, મુંબઈ સેન્ટ્રલ, સીએસએમટી અને ચર્ચગેટ સહિત ૨૭ સ્ટેશનો પર અટકશે. ભાડું પોસાય તેવું છે, ૧૦ રૂપિયાથી શરૂ થઈને ૬૦ રૂપિયા સુધી રહેશે. એકવાર ખુલ્યા પછી, તે મુસાફરીનો સમય બચાવશે અને લેડી જમશેદજી રોડ અને ડો. એની બેસન્ટ રોડ જેવા ભીડવાળા રસ્તાઓ પર ટ્રાફિક ઘટાડશે. તે પ્રદૂષણ ઘટાડશે અને ખીચોખીચ ભરેલી લોકલ ટ્રેનો પરથી દબાણ ઘટાડશે.

### દાદરની સમસ્યા

કેટલાક સ્ટેશનો નજીકના રેલવે સ્ટેશનો સાથે સીધા જોડાયેલા નથી. ઉદાહરણ તરીકે, દાદર મેટ્રો સ્ટેશન દાદર રેલવે સ્ટેશનથી ૧ કિમી દૂર છે, જે કેટલાક લોકો માટે અસુવિધાજનક હોઈ શકે છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બીકેસીથી આચાર્ય અત્રે ચોક સુધીના મુંબઈ મેટ્રો લાઇન ૩ ફેઝ ૨નું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પટ્ટો ૧૦ મેના રોજ જાહેર જનતા માટે ખુલ્લો મુકાશે.

### બધી જાહેર પરિવહન સેવાઓ એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે

મેટ્રો, બેસ્ટ અને લોકલ સહિત તમામ જાહેર પરિવહન સેવાઓ માટે એક જ પ્લેટફોર્મ બનાવવામાં આવી રહ્યું છે, જે મુસાફરોને એક જ ટિકિટ પર મુસાફરી કરવાની સુવિધા પૂરી પાડશે. પ્રથમ તબક્કામાં આ પ્રયોગ મુંબઈમાં શરૂ કરવામાં આવશે અને ત્યારબાદ આ સેવા ગ્રેટર મુંબઈમાં પણ ઓફર કરવામાં આવશે. હાલમાં તેના પર પ્રાયોગિક ધોરણે કામ ચાલી રહ્યું છે અને ટૂંક સમયમાં તેનો વ્યાપારી સ્તરે ઉપયોગ કરવામાં આવશે. આનાથી નાગરિકો મુંબઈ અને બૃહદ મુંબઈ વિસ્તારમાં સરળતાથી મુસાફરી કરી શકશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. બેસ્ટે ગઈકાલે જ ગૂગલ સેવાઓ સાથે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે હવેથી બેસ્ટની બસોનું રીઅલ-ટાઇમ સ્થાન ગૂગલ પર ઉપલબ્ધ થશે અને મુસાફરો અહીંથી તેમની મુસાફરીનું આયોજન કરી શકશે.

### મેટ્રો પ્રોજેક્ટથી મુંબઈગરાને રાહત મળશેઃ એકનાથ શિંદે

નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે આજનો દિવસ મુંબઈગરાઓ માટે આનંદનો દિવસ છે. મેટ્રો મુંબઈના લાખો નાગરિકોને રાહત આપશે. મેટ્રો આ (જુઓ પાનું ૪)

# ગર્ડર નમી પડ્યુંઃ થાણે-વાશી લોકલ ટ્રેન સેવા બંધ, પ્રવાસીઓ પરેશાન



**પરેશાનીઃ** ગર્ડર નમી પડતા થાણેથી વાશી માટેની લોકલ ટ્રેનસેવા બંધ થઈ જતા સ્ટેશન પર બહુ ગિરદી થઈ ગઈ હતી. (પીટીઆઈ)

મુંબઈઃ ઉપનગરીય ટ્રેનોને મુંબઈની કરોડરજ્જુ માનવામાં આવે છે. શુક્રવારે પીક અવર્સ દરમ્યાન મધ્ય રેલવેની ટ્રાન્સ-હાર્બર લાઇન અને મુખ્ય લાઇનનો ઉપયોગ કરતા હજારો મુસાફરો હેરાન થયા હતા. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) ના થાણે અને ઐરોલી વચ્ચેના પુલમાં ટેક્નિકલ ખામી સર્જાતા થાણે અને નવી મુંબઈ વચ્ચેના રૂટ પરની બધી ઉપનગરીય સેવાઓ અચાનક સ્થગિત કરવામાં આવી હતી, જેના કારણે હજારો મુસાફરો સ્ટેશન પર ફસાઈ ગયા હતા. પુલ માટે બેસાડાયેલું ગર્ડર એક તરફ નમી પડતા ટ્રેન સેવા બંધ કરાઈ હતી.

અધિકારીઓએ આ માહિતી આપતા જણાવ્યું હતું કે,મુખ્ય લાઇન પરની ટ્રેનો ૩૦ મિનિટથી વધુ મોડી પડી હતી. જયારે, નવી મુંબઈ અને થાણેને જોડતી ટ્રાન્સ-હાર્બર લાઇન સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી.

આ રૂટ પર અચાનક બધી ઉપનગરીય સેવાઓ બંધ કરી દેવામાં આવતા મુસાફરોએ તેમના કાર્યસ્થળો સુધી પહોંચવા માટે બસો અને કાર સહિત અન્ય પરિવહનનો સહારો લેવો પડ્યો હતો જેના કારણે લોકોને ઓફિસ પહોંચવામાં મુશ્કેલી પડી હતી, એમ મુસાફરોએ જણાવ્યું હતું. નિયમિતપણે વાશીથી મુસાફરી કરતા હર્ષલ જોશી નામના મુસાફરે કહ્યું કે તેમને એપ પર કોઈ માહિતી મળી નહોતી. સ્ટેશન પર લગભગ એક કલાક રાહ જોયા બાદ તેમને સેવાઓ બંધ થયાની જાણ થઇ હતી.

સેન્ટ્રલ રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ટેક્નિકલ ખામીને દૂર કરવા માટે સાવચેતીના પગલા રૂપે સવારે ૭.૧૦ વાગ્યાથી રેલ ટ્રાફિક બંધ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે એમએમઆરડીએએ ઐરોલી અને થાણે વચ્ચે ગર્ડર બેસાડવા માટે રાત્રે ૧ થી (જુઓ પાનું ૪)

# ઍરપોર્ટ પર તહેનાત સીઆઈએસએફનો જવાન સોનાની દાણચોરીમાં સામેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલીભર્યા માહોલને કારણે બધી સુરક્ષા યંત્રણાને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે ત્યારે ઍરપોર્ટની સુરક્ષા માટે તહેનાત સીઆઈએસએફનો જવાન જ સોનાની દાણચોરીમાં સામેલ હોવાનું સામે આવ્યું હતું. કસ્ટમ્સ વિભાગના ઍર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ)ના અધિકારીઓએ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (સીઆઈએસએફ)ના જવાન સહિત બેની ધરપકડ કરી અંદાજે ૫૭ લાખ રૂપિયાનું સોનું જપ્ત કર્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ વિદેશથી દાણચોરીથી લવાયેલું સોનું ઍરપોર્ટ બહાર એક શખસ લઈ જવાનો હોવાની માહિતી મળી હતી. માહિતીને આધારે બુધવારની રાતે છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટના પી૩ લેવલ ખાતે (જુઓ પાનું ૪)

# મારી ધરપકડ ગેરકાયદે, મને મુક્ત કરોઃ સૈફ પર હુમલો કરનાર શરીફુલે કરી બાન્દ્રા કોર્ટમાં અરજી

મુંબઈઃ અભિનેતા સૈફ અલી ખાન પર હુમલો કરનારે શુક્રવારે કોર્ટમાં અરજી કરીને તેની ધરપકડને ગેરકાયદે જાહેર કરવા તથા જેલમાંથી તેને મુક્ત કરવાની માગણી કરી હતી.

બંગલાદેશી આરોપી મોહમ્મદ શરીફુલ ઇસ્લામ (૩૦) હાલમાં મુંબઈની આર્થર રોડ જેલમાં બંધ છે. તેણે શુક્રવારે સેશન્સ કોર્ટમાં એપ્રિલમાં કરેલી જામીનની અરજી પાછી ખેંચી લીધી હતી. ત્યાર બાદ પોતાના વકીલ મારફત તેણે બાન્દ્રાના જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સમક્ષ તેની ધરપકડને ગેરકાયદે જાહેર કરવાની અને જેલમાંથી મુક્ત કરવાની માગણી કરતી અરજી કરી હતી.

પોતાની ધરપકડ કરતી વખતે પોલીસે કાયદાની જોગવાઇઓનું પાલન કર્યું નહોતું, એવો દાવો તેણે પોતાની અરજીમાં કર્યો હતો.

કોર્ટે પોલીસને આ પ્રકરણે સોગંદનામું રજૂ કરવાનો નિર્દેશ કરી સુનાવણી ૧૩મી મે સુધી મુલતવી રાખી હતી.

આ વર્ષે ૧૬મી જાન્યુઆરીએ બાન્દ્રામાં આવેલા અભિનેતાના ઘરમાં શરીફુલ ઘૂસ્યો હતો અને ચાકુથી સૈફ પર ઘણા વાર કર્યા હતા. જખમી થયેલા સૈફે લીલાવતી હોસ્પિટલમાં સર્જરી પણ કરાવી હતી અને પાંચ દિવસે તેને ડિસ્ચાર્જ મળ્યો હતો.

આ ઘટનાના બે દિવસ બાદ શરીફુલની પોલીસ દ્વારા ધરપકડ કરાઇ હતી. (પીટીઆઇ)■

# ઉચ્ચ શિક્ષિત યુવાનોમાં ગાંજાનું સેવન વધ્યાનો પોલીસનો દાવો

### ક્રાઈમ બ્રાન્ચે ત્રણ સ્થળેથી ત્રણ આરોપીની ધરપકડ કરી ૫.૮૦ કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી નજીકના ઓશિવરા અને દાદર પરિસરમાંથી ગાંજાના બે તસ્કરની ધરપકડ કરનારી પોલીસે દાવો કર્યો હતો કે ઉચ્ચ શિક્ષિત યુવાનોમાં સારી ગુણવત્તાના ગાંજાના સેવનનું પ્રમાણ વધી રહ્યું છે. ક્રાઈમ બ્રાન્ચની એન્ટિ-નાર્કોટિક્સ સેલ (એએનસી)ના ત્રણ યુનિટે એક દિવસમાં ત્રણ સ્થળે કાર્યવાહી કરી અંદાજે ૫.૮૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું.

એએનસીના આઝાદ મેદાન, ઘાટકોપર અને વરલી યુનિટે સોમવારે કાર્યવાહી કરી ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓની પૂછપરછ પરથી એવો નિષ્કર્ષ નીકળે છે કે સારી ગુણવત્તાના ગાંજાની ઉચ્ચ (જુઓ પાનું ૪)

# વિલે પાર્લેમાં રસ્તાને કિનારે પાર્ક ટેમ્પો સાથે બાઈક ટકરાતાં બે યુવકનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વિલે પાર્લે નજીક ટાયર પંક્ચર થવાને કારણે રસ્તાને કિનારે ઊભેલા ટેમ્પો સાથે બાઈક ટકરાતાં બે યુવકે જીવ ગુમાવ્યા હતા.

વિલે પાર્લે પોલીસના જણાવ્યા મુજબ ગુરુવારની વહેલી સવારે બનેલી ઘટનામાં મૃત્યુ પામેલા બન્ને યુવકની ઓળખ તુષાર દયાનંદ ખંડાગળે (૨૫) અને ચિરાગ નીતિન નાયર (૨૦) તરીકે થઈ હતી. બન્ને મિત્ર નાયરની બાઈક પર બાન્દ્રાથી અંધેરી તરફ જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત નડ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર બોરીવલી તરફ જઈ રહેલા ટેમ્પોનું એકાએક ટાયર પંક્ચર થયું હતું. પરિણામે ડ્રાઈવર અરવિંદકુમાર યાદવે રામ નગર વિસ્તાર નજીક હાઈવે પર રસ્તાની એક તરફ ટેમ્પો પાર્ક કર્યો હતો. જોકે તેણે ટેમ્પોનું કોઈ રિફ્લેક્ટર ચાલુ રાખ્યું નહોતું, જેને કારણે બાઈકસવારને ટેમ્પો તાત્કાલિક નજરે પડ્યો નહોતો.

અધિકારીના જણાવ્યા મુજબ (જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**